પંડિત શ્રી દેવચંદ્રજી કૃત

# આઠ પ્રવચન માતાની સજઝાય.

( સંક્ષેપ અર્થ સાથે. )

—⁂—

સાધુ સાધ્વીને ખાસ ઉપયોગી જાણીને

છપાવી પ્રકટ કરનાર

શ્રી જૈનધર્મ પ્રસારક સભા

ભાવનગર.

વિક્રમ સંવત્ ૧૯૮૪ વીર સંવત્ ૨૪૫૪

ભાવનગર—ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં–શાહ ગુલાબચંદ

લલ્લુભાઇએ છાપ્યું.

કિંમત રૂા. [illegible]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સજ્ઝાયોનો અર્થ શ્રી હુબલી નિવાસી

શેઠ ગાંગજી વીરજીએ લખેલો

તે સુધારીને છપાવેલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

સાધુસાધ્વીને સદૈવ પાળવાની પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિઓ છે. તે આઠ પ્રવચનની-શાસનની-મુનિધર્મની માતા કહેવાય છે. માતા જેમ પુત્રનું અહર્નિશ રક્ષણ કરે છે, તેમ આ આઠે સંયમધર્મનું રક્ષણ કરનાર છે. દેવચંદ્રજી મહારાજે એ આઠેનું સ્વરૂપ જુદી જુદી આઠ ઢાળમાં બહુ સારી રીતે બતાવી આપ્યું છે. સાધુ–સાધ્વીને ખાસ કંઠે કરવા લાયક છે. મુનિરાજ જો નિરંતર એને માટે ઉપયોગ રાખીને વર્તે તો ચારિત્રધર્મમાં દૂષણ લાગતું નથી. શ્રાવક શ્રાવિકાઓને પૌષધમાં તેમજ સામાયિકમાં તે આઠે પાળવાના છે. તેથી તેને પણ તે આઠેનું સ્વરૂપ સમજવાની ખાસ આવશ્યકતા છે. કર્ત્તાએ ઉત્સર્ગ અપવાદની પદ્ધતિએ પણ તેનું સ્વરૂપ સમજાવ્યું છે.

પ્રાંતે કળશ છે અને ત્યારબાદ છેલા પૃષ્ટ ઉપર એજ કર્ત્તાની બનાવેલી એક ગહુંળી અમે દાખલ કરી છે. તે ખાસ મનનપૂર્વક વાંચવા લાયક છે. વસંતઋતુમાં ( ફાલ્ગુન માસમાં ) અનેક મનુષ્યો અનેક પ્રકારનું મિથ્યા વર્તન આચરીને કર્મ બંધન કરે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે, તે વખતે જ્ઞાનીઓએ વસંત કેવો ખેલવો ? તે અધ્યાત્મદૃષ્ટિથી એ હોરીમાં બહુ સુંદર રીતે બતાવેલ છે ટુંકામાં આ નાની સરખી બુક પણ બહુજ ઉપયોગી અને હિતકારક છે. તેના અધિકારી તેનો લાભ અવશ્ય લેશે એમ જણાવી આ ટુંકી પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે. નાની બુકને મોટી પ્રસ્તાવના યોગ્ય પણ નથી. એજ.

સંવત ૧૯૮૪ માર્ગશિર્ષ શુદિ ૨ — શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી.

પંડિત શ્રી દેવચંદ્રજી કૃત.

# આઠ પ્રવચન માતાની સજઝાય.

સંક્ષેપ અર્થ સાથે.

દુહાઃ

**सुकृत कल्पतरु श्रेणिनी, वर उत्तरकुरु भौम ॥**
**अध्यातम रस शशीकला, श्री जिनवाणी नौमि ॥१॥**

અર્થ—સુકૃત એટલે શુભ કાર્ય દેવવંદન, ગુરૂવંદન, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, સ્વામીવાત્સલ્ય, તીર્થયાત્રા વિગેરે. સર્વ સુકૃત્ય રૂપ કલ્પતરૂની શ્રેણિ એટલે પંક્તિની વર–કહેતાં પ્રધાન, ઉતરકુરૂ એટલે અકર્મભૂમિ ક્ષેત્રના જેવી તથા અધ્યાત્મ એટલે આત્માને અધિકારી બનાવવો તે અધ્યાતમ કહિયે. કારણ અનાદિ કાળથી એ આત્મા પરભાવે પરિણમ્યો થકો પોતાનું અધિકારીપણું ભૂલી જઈ પરાધીન એટલે કર્માધીન થઇ રહેલ છે. તે જ્યારે આત્માને તત્વજ્ઞાન થાય-સ્વસત્તા જાણે ત્યારે પરાધીનપણું ટળે એટલે પર અધિકારી-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણું ટળે અને આત્માનું અધિકારીપણું થાય. તે અધ્યાત્મ-રૂપ રસની શશીકળા એટલે ચંદ્રમાની શીતળ કળા સરખી શ્રીજિનવાણીને નૌમિ કહેતાં નમસ્કાર કરું છું.

આ ગાથામાં શ્રી જિનવાણીને ઉત્તરકુરૂક્ષેત્રની ભૂમિની તથા ચંદ્રકળાની ઉપમા આપી છે એટલે જેમ ઉત્તરકુરૂની ભૂમિમાં કલ્પવૃક્ષની ઉત્પત્તિ થાય છે તેમ શ્રી જિનવચનથી એટલે આજ્ઞાએ પ્રવર્તવાથી દરેક શુભ કૃત્યની પ્રવૃત્તિ થાય છે. તથા જેમ ચંદ્રકળા માંહેથી રસ (અમૃત) ઝરે છે તેમ શ્રી જિનવચન-માંથી અધ્યાત્મ રસ ઝરી રહ્યો છે. માટે અધ્યાત્મ રૂપ રસના ઝરાના ઉત્પત્તિ સ્થાન રૂપ શ્રી જિનને નમસ્કાર કરું છું. ॥૧॥

**दीपचंद पाठक प्रवर, पय वंदी अवदात ॥**
**सार श्रमण गुण भावना, गाइश प्रवचन मात ॥ २॥**

અર્થ—શ્રી દીપચંદજી નામે પાઠક કહેતાં ઉપાધ્યાયજી પ્રવર કહેતાં શ્રેષ્ટ જ્ઞાનવાન તેના અવદાત એટલે ઉજ્વળ એવા પય એટલે ચરણકમળો વંદી કહેતા વાંદીને ગાઇશ એટલે કહીશ. સાર શ્રમણ એટલે ઉત્તમ મુનિ (શ્રામ્યતે ઈતિ શ્રમણઃ) સંસારથી શ્રમ એટલે ખેદ પામેલા તે શ્રમણ અથવા સમતા-વાન તે શ્રમણ તેમના ગુણની ભાવનારૂપ પ્રવચન માતાને ગાઇશ. એટલે સ્તુતિ કરીશ.

અહીં દ્વાદશાંગીરૂપ સિદ્ધાંતની માતા સમાન સમિતિ પાંચ તથા ગુપ્તિ ત્રણને શાસ્ત્રકારોએ પ્રવચનમાતા કહેલ છે. એ સર્વ-શ્રુતના સારભૂત છે. એના પાલનથીજ આત્માને શ્રુતજ્ઞાનની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રાપ્તિ થાય છે. આગમમાં પણ કહેલ છે કે "જઘન્ય આઠ પ્રવચન માતનો ભણેલો (પાળનારો) મોક્ષે જાય અને ઉત્કૃષ્ટો ચૌદ પૂર્વનો ભણેલો (જાણ) મોક્ષે જાય. અહીં પ્રવચન માતની સ્તુતિ કરતાં મુનિની પણ સ્તુતિ થઇ, કારણ કે પ્રવચન માતાના પાલક (ધારક) મુનિમહારાજાઓજ હોય છે. મુનિઓ ગુણી છે અને પ્રવચન માતા એ મુનિઓના ગુણ છે. ગુણ ગુણી અભેદ રૂપ હોય છે. ॥ ૨ ॥

**जननी पुत्र शुभंकरी, तेम ए पवयण माय ॥**
**चारित्र गुणगण वर्द्धनी, निर्मल शिवसुखदाय ॥३॥**

**અર્થ**—જનની એટલે માતા જેમ પુત્રની શુભંકરી એટલે ભલું કરનારી હોય, તેમ એ પવયણ એટલે પ્રવચનની હિત કરનારી અર્થાત્ માતા છે. ચારિત્ર ગુણ ગણ એટલે સમુદાયની વર્દ્ધની એટલે વૃદ્ધિકરનારી, નિર્મળ–સર્વ કર્મરૂપ મળ રહિત, શિવ એટલે નિરૂપદ્રવ મોક્ષ સુખ તેની દાયક એટલે દેવાવાળી છે. ॥ ૩ ॥

**भाव अयोगी करण रुचि, मुनिवर गुप्ति धरंत ॥**
**जइ गुप्ते न रही शके, तो समिते विचरंत. ॥ ४ ॥**

**અર્થ**—ભાવ અયોગી એટલે મન વચન કાયાના યોગ રહિતપણું કરવાની રૂચિવાળા એવા મુનિવરો ગુપ્તિને ધારણ કરે છે. એટલે મન, વચન, કાયાને ગોપવી રાખે છે–એ ત્રણેને વશ રાખે છે. મનને સંકલ્પ વિકલ્પ રહિત સ્થિર કરે છે, વચન સર્વથા બોલતા નથી, તથા કાયાનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યાપાર (હલણ ચલણ) બીલકુલ કરતા નથી. એ મુનિનો ઉત્સર્ગ માર્ગ છે. પણ જઇ કહેતાં યતિ–મુનિ જો ગુપ્તિ-માર્ગમાં ન રહી શકે તો સમિતિમાર્ગમાં વિચરે એટલે સમિતિમાર્ગમાં ચાલે–પ્રવર્તે. ।। ૪ ।।

**गुप्ति एक संवरमयी, उत्सार्गिक परिणाम।**
**संवर निर्ज्जर समितिथी, अपवादे गुणधाम॥ ५॥**

અર્થ—ગુપ્તિ એક સંવરમયી એટલે ગુપ્તિ એકાંતે સંવરમય છે—આવતાં કર્મને રોકનાર છે. (જેમ પાણીની નિક આડો બંધ હોય તેમ) જ્યારે મુનિ પોતાના સ્વભાવમાં તલાલીન થઇ ત્રણે ગુપ્તિવંત રહે છે ત્યારે કર્મનો બંધ થતો નથી. કારણ કર્મ યોગવીર્યવડેજ ગ્રહણ કરાય છે, અને ગુપ્તિમાં યોગ-પ્રવૃત્તિ હોતી નથી. એ ગુપ્તિમાર્ગ ઉત્સર્ગિક એટલે ઉત્સર્ગ-ના-નિશ્ચય માર્ગના પરિણામ છે, અને સમિતિમાર્ગમાં રહેતાં (પ્રવર્તતાં) સંવર એટલે આવતાં કર્મને રોકવું અને નિર્જરા એટલે પૂર્વે બાંધેલા કર્મનો વિનાશ કરવો તે નિર્જરા કહીએ. તે સંવર અને નિર્જરા મુનિ કરે. જે સમિતિ માર્ગ છે તે અપવાદ રૂપ વ્યવહાર માર્ગ છે અને જે શુદ્ધ વ્યવહાર છે તે નિશ્ચયનું કારણ છે. તે પણ ગુણધામ એટલે ગુણનું સ્થાન છે. કારણ શ્રી જિનેશ્વરકથિત ઉભય માર્ગ–ઉત્સર્ગ, અપવાદ અથવા નિશ્ચય, વ્યવહાર માર્ગ છે અને જ્યાં જિનાજ્ઞા ત્યાં જ ધર્મ છે. જિનાજ્ઞા વિનાનો ધર્મ નિરર્થક એટલે સાર વિનાનો છે. ।। ૫ ।।

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**द्रव्ये द्रव्यतः चरणता, भावे भाव चरित्त ॥**
**भावदृष्टि द्रव्यतः क्रिया, करतां शिव संपत्ति ॥६॥**

**અર્થ**—દ્રવ્યે દ્રવ્યતઃ ચરણતા એટલે દ્રવ્યથી એ આરાધના ( પાલના ) કરી હોય તો દ્રવ્ય ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને જો ભાવથી પાલના કરી હોય તો ભાવ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. દ્રવ્યથી તો અનંતી વાર આ આત્માએ પાલના કરેલ પણ ભાવચારિત્રની પ્રાપ્તિ સિવાય આત્મકાર્ય થતું નથી. 'અણુવઓગો દવ્વં' અર્થાત્ આત્મઉપયોગ વિના વ્યવહારથી જે ક્રિયા થાય છે તે દ્રવ્ય ક્રિયા કહેવાય. અને યથાર્થ વસ્તુનું સ્વરૂપ ઓળખી આત્મભાવે સમિતિ ગુપ્તિરૂપ માર્ગમાં રહેવાના જે પરિણામ તે ભાવક્રિયા-તે ભાવચારિત્ર કહેવાય. માટે ભાવદૃષ્ટિ ( નિશ્ચય ) લક્ષમાં રાખીને દ્રવ્યથી ક્રિયા એટલે વર્તના કરતાં શિવ એટલે મોક્ષ સંપત્તિ-મોક્ષરૂપ લક્ષ્મી પ્રાપ્ત કરી શકાય. દ્રવ્યક્રિયા તે ભાવનું કારણ છે. જો આત્મલક્ષ હોય તો. અને કારણ વિના કાર્ય થતું નથી માટે દ્રવ્યક્રિયાનું લક્ષપૂર્વક અવશ્ય પાલન કરવાનું છે, એકલી દ્રવ્યક્રિયા ભાવ-શૂન્ય હોય તો ફળદાયક હોતી નથી, તેથી ભાવપ્રાપ્તિનું અવશ્ય લક્ષ રાખવું. ॥ ૬ ॥

**आतमगुण प्रागभावथी, जे साधक परिणाम ॥**
**समिति गुप्ति ते जिन कहे, साध्य सिद्धि शिव ठाम ॥७॥**

**અર્થ**—આત્માના ગુણોના પ્રાગ્‌ભાવથી એટલે પ્રગટ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણાથી ઉપના જે સાધક કહેતાં મોક્ષને સાધવાના પરિણામ તે આત્મ પરિણતિ (પરિણામ) રૂપ સમિતિ ગુપ્તિ છે. તે માર્ગથી જિન એટલે વીતરાગ કહે છે કે—સાધ્યની સિદ્ધિરૂપ શિવ એટલે મોક્ષ પ્રાપ્ત થાય છે. અર્થાત્ સાધ્ય તે મોક્ષ, સાધન તે સમિતિ ગુપ્તિ અને સાધક તે આત્મા જાણવો. એટલે સાધક આત્મા સમિતિ ગુપ્તિ રૂપ સાધન વડે સાધ્ય જે મોક્ષ તેની સિદ્ધિ કરે છે. ॥ ૭ ॥

**निश्चय करणरुचि थइ, समिति गुप्ति धरी साध ॥**
**परम अहिंसक भावथी, आराधे निरुपाधि ॥ ८ ॥**

અર્થ—નિશ્ચય નય વડે સાધ્ય સિદ્ધિ કરવાના રૂચિવંત થઇ, સમિતિ ગુપ્તિરૂપ સાધનને ગ્રહણ કરી સાધુ–(મુનિ) પરમ-એટલે ઉત્કૃષ્ટ અહિંસક પરિણામવાળા થાય. એટલે જ્યારે આત્મા કેવળ જ્ઞાનાનંદમાં મગ્ન થઇ, સ્વસ્વભાવમાં તલ્લીન થાય ત્યારે આત્માના ગુણ હણાય નહી. પૂર્વે આત્મા પરભાવમાં રક્ત હતો તેથી આત્મગુણોનો વિનાશ કરતો હતો, તે આત્મસ્વભાવમાં રક્ત થવાથી, સ્વગુણની રક્ષા કરે અને તદ્રૂપ અહિંસક ભાવથી નિરૂપાધિ એટલે કોઇ તરેહની પુદ્‌ગલજન્ય ઉપાધિ રહિત થઇ આત્માનંદને આરાધે. (મોક્ષને આરાધે.) ॥ ૮ ॥

**परम महोदय साधवा, जेह थया उजमाल ॥**
**श्रमण भिक्षु माहण यति, गाउं तस गुणमाल ॥ ६ ॥**

અર્થ—પરમ એટલે ઉત્કૃષ્ટ મહોદય જે પરમાત્મપદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે સાધવાને ઉજમાળ એટલે ઉદ્યમવંત થયા એવા જે શ્રમણ એટલે તપસ્વી–મુનિ, ભિક્ષુ એટલે ભિક્ષાવૃત્તિ વડે નિર્દૂષણ બેંતાલીશ દોષ રહિત મધુકરિ વૃત્તિથી કેવળ (ફક્ત) સંયમની રક્ષા અર્થે જ આહાર ગ્રહણ કરે તે ભિક્ષુ કહીએ. ભિક્ષા ત્રણ પ્રકારની કહી છે. તેમાંથી અહીં સર્વસંપત્કરી ભિક્ષાવંત મુનિ ગ્રહણ કરવા. માહણ એટલે છ કાય જીવની રક્ષા કરનારા–કોઇ પણ જીવને હણે નહી એટલું જ નહી પણ મનથી પણ હિંસા કરવાની ઇચ્છા ન કરે માટે તેને માહણ કહીએ, યતિ એટલે યત્નાવંત અર્થાત્ સર્વ કાર્ય યત્નાએ કરે. ચાલે, ઉઠે, બેસે, સુએ, બોલે, ભોજનાદિ કરે. દરેક ક્રિયામાં જેને યત્ના વર્તી રહી હોય તેને યતિ કહીએ. એવા ગુણવંતની ગુણમાળાને હું ગાઇશ. ( કહીશ ) ॥ ૯ ॥

દુહા સંપૂર્ણ.

## ઢાળ ૧ લી ( ઇરિયા સમિતિ )

(પ્રથમ ગોવાલીયા તણે ભવેજી રે.—એ દેશી.)

**प्रथम अहिंसक व्रततणीजी रे, उत्तम भावना एह ॥**
**संवर कारण उपदिशिजी रे, समता रसगुणगेह ॥**
**मुनीश्वर ! इरिया समिति संभार,**
**आश्रवकर तनुयोगनीजी रे । दुष्ट चपलता वार ।**
**मुनीश्वर ! इरिया समिति संभार ॥ १ ॥**

અર્થ—હવે પ્રથમ ઇરિયા સમિતિનું સ્વરૂપ કહે છે. ઇરિયા સમિતિ તે પ્રથમ અહિંસક વ્રત જે પ્રાણાતિપાત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિરમણ રૂપ તેની ઉત્તમ ભાવના છે અને સંવરનું કારણ છે, એટલે સમિતિમાં વર્તતાં કર્મબંધ થતો નથી, માટે ઉપદિશિ એટલે શ્રી જિનેશ્વરોએ કથેલી ( કહેલી ) છે, તે સમતા રસ રૂપ ગુણના ગ્રહ ( ઘર ) રૂપ હે મુનીશ્વર ! આ ઇરિયા સમિતિને સંભાર અર્થાત યથાર્થ રીતે પ્રતિપાલન કર.

આશ્રવ એટલે નવા કર્મનું આવવું. તે આશ્રવને ઉત્પન્ન કરવાવાળો એહવો જે તનુ કહેતાં કાયયોગ તેની દુષ્ટ એટલે માઠી ચપલતા ( ચંચલતા ) તેને વાર એટલે રોક અને યથાર્થ ઉપયોગ સહિત સમિતિ માર્ગને સંભાર. ॥૧॥

**कायगुप्ति उत्सर्गनीजी रे, प्रथम समिति अपवाद ।**
**इरिया ते जे चालवुंजी रे, धरी आगम विधिवाद.**
**मुनी० ॥ २ ॥**

અર્થ—કાયગુપ્તિ એટલે સર્વથા કાયાના વ્યાપારના ત્યાગરૂપ જે ઉત્સર્ગ માર્ગ તેનો એ પ્રથમ સમિતિ તે અપવાદ માર્ગ છે, અર્થાત્ ગુપ્તિમાં સર્વથા પ્રકારે કાયાના વ્યાપારનો ત્યાગ હોય છે. તે સમિતિમાર્ગમાં ઇરિયા એટલે ચાલવું—આગમમાં જણાવેલ વિધિ પ્રમાણે શ્રી જિનાજ્ઞાએ જે પ્રવર્તન કરવું તે ઇરિયા સમિતિ કહિએ, એટલે શાસ્ત્રમાં જે જે વિધિ મુનિને માટે કહેલ છે તે તે વિધિમાં ઉપયોગ-પૂર્વક મુનિ વર્તે, એટલે ચાલતાં થકા સાડા ત્રણ હાથ–ધોંસરા પ્રમાણ નીચે નજર રાખીને ચાલે, જેથી કોઇ પણ ત્રસ અથવા સ્થાવર જીવની હિંસા ન થાય એવી રીતે કરે, તેવું ગમનાગમન (આવ જાવ) પણ જરૂર પડે જ કરે. ॥૨॥

**ज्ञान ध्यान सज्झायमांजी रे, स्थिर बेठा मुनिराय।**
**श्याने चपलपणुं करेजी रे, अनुभव रस सुखराय.**
**मुनी० ॥ ३ ॥**

અર્થ—જ્ઞાન એટલે તત્વ ચિંતવન–સ્વપરનો વિચાર અને ધ્યાન એટલે ધર્મધ્યાન, શુકલ ધ્યાન રૂપ અંતર્મુહૂર્ત જે ચિત્તની એકાગ્રતા તથા સઝાય એટલે વાંચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથારૂપ પાંચ ભેદ સઝાયના કહેલા છે. તેમાં મુનિરાજ સ્થિર થઇ મગ્ન રહેતા શ્યાને ચપલપણું કરે? એટલે ગમનાગમનાદિ ક્રિયા મુનિ શું કરવા કરે? કારણ મુનીશ્વરો અનુભવ રસનુ આસ્વાદન કરતાં પૂર્ણ આનંદમાં લીન થઇ એકાંત સુખનો અનુભવ કરે છે. જે સુખ મુનિ અનુભવ જ્ઞાનમાં ભોગવે છે તેના અનંતમા ભાગે પણ સુરેંદ્રો કે નરેંદ્રો–(દેવતાઓના ઇંદ્ર–અથવા મનુષ્યોના ઇંદ્ર–ચક્રવર્તી રાજા) ભોગવતા નથી. કારણ આત્મિક સુખ જે છે તે સહજ સ્વભાવિક સુખ છે અને ઇંદ્રાદિકને જે સુખ છે તે પુદ્ગલિક છે, વિનશ્વર છે, ઉપાધિજન્ય છે. અને જે ઉપાધિજન્ય સુખ છે તે પરમાર્થે દુઃખજ છે. તત્ત્વવેત્તાઓ તેને સુખની ગણત્રીમાં ગવેષતાજ નથી. ॥ ૩ ॥

**मुनि उठे वसही थकी जीरे, पामी कारण चार।**
**जिनवंदन[1] ग्रामांतरे[2] जीरे, के आहारे[3] निहारे[4] ॥ मुनि०॥४**

અર્થ—મુનિ ચાર કારણ પામીને વસહી એટલે વસ્તી સ્થાન થકી ઉઠે. તે આ પ્રમાણે–[1] જિનવંદન એટલે ચૈત્યમાં જાય,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તથા ²ગ્રામાંતરે તે વિહાર કરે, તથા ³આહાર અર્થે તે ગૌચરીએ જાય, તથા ⁴નિહારાર્થે એટલે ઠલે માત્રે (વડીનિતે–લઘુનિતે) જાય. તે સિવાય–સબલ કારણ વિના બહાર જાય નહી. કારણે ગમનાગમનની ક્રિયા કરે પણ ગ્રહસ્થની જેમ સહજસહાજ કાર્ય પામીને જ્યાં ત્યાં જાય નહી. ॥ ૪ ॥

**परम चरण संवरधरु जीरे, सर्व जाण जिन दीठ।**
**शुचि समता रुचि उपजे जीरे, तेणे मुनिने इष्ट॥मुनी०॥५**

અર્થ—હવે એ ચાર કારણનો અર્થ (સ્વરૂપ) કહે છે. તેમાં પ્રથમ મુનિ જિનવંદન દરરોજ શ્યા સારૂ કરે તે કહે છેઃ–પરમ ચરણ એટલે ઉત્કૃષ્ટ ચારિત્ર (યથાખ્યાત) સંવરના ધારણ કરવાવાળા અને સર્વ જાણ એટલે લોકાલોકનું સ્વરૂપ એક સમયમાં જાણવાવાળા એવા જે શ્રીજિન એટલે રાગદ્વેષના જીતનાર માટે જિન કહીએ. તેને દીઠ કહેતાં દેખવાથી પોતામાં ગુણ ઉત્પન્ન થાય. શું ગુણ ઉત્પન્ન થાય? તે કહે છે–શુચિ એટલે પવિત્ર કષાયાદિક દોષ રહિત સમતા એટલે સમભાવરૂપ વૃત્તિ એટલે કષાય મમત્વ રહિતપણું તથા અહંકાર મમકાર વૃત્તિનો અભાવ અથવા સમતા એટલે સર્વ સચરાચર જીવો ઉપર સમભાવ–બન્ધુભાવ–કરૂણાભાવની રૂચિ ઉપજે. અથવા સમતા રૂચિ એટલે તીર્થંકરના સમાનપણાની રૂચિ ઉપજે. એટલે શ્રી જિનેશ્વરમાં જે ગુણો પ્રગટપણે આવીર્ભાવે છે, તેજ ગુણો માહરામાં તિરોભાવે રહેલ છે. આત્મસત્તા વિચારતાં સંગ્રહ નયથી હું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ પ્રભુ સમાન છું. પ્રભુ પણ પ્રથમ સંસારી અવસ્થામાં હતા. પણ આત્મવીર્ય ફેરવી કર્મબંધ ( બળ ) ચૂર્ણ કરી પરમાત્મ પદને પામ્યા છે, તો હું પણ મારી શક્તિને જો ફેરવું તો મારો સ્વભાવ ( સ્વરૂપ ) પ્રગટ થાય. અનાદિ કાળથી આ આત્મા કર્મના સંયોગથી પોતાનું કર્તવ્ય ભૂલી જઈ પરવશપણે પાપાચરણ કરે છે. તે જીવનો સ્વભાવ વસ્તુતઃ નથી, વિભાવિક છે. જેમ સ્ફટિક રત્ન સ્વભાવથી નિર્મળ છે, પણ રાતા કે નીલા ફુલના સંયોગથી રાતો કે નીલો દેખાય છે, પણ સ્ફટિક રત્નનો મૂળ સ્વભાવ કયારે પણ બદલાતો નથી ( બદલાય નહી ). તેમ જીવ પણ કર્મના વશથી પોતાનો સ્વભાવ ભૂલી જઈ પુદ્ગલિક ભાવનો કર્તા થાય છે, પરંતુ કયારે પણ જીવદ્રવ્ય મટી પુદ્ગલ રૂપ થતો નથી. માત્ર પુદ્ગલના સંયોગ ( સંગ ) થી તેવો દેખાય છે. કારણ પુદ્ગલ સંબંધ તે સંયોગિક છે. સમવાય સંબંધ નથી. એવું આત્મસત્તાનું ભાન થાય ત્યારે આત્માને પરમાત્મ ભાવ પ્રગટ કરવાની રૂચિ ઉપજે. શ્રી જિનપ્રતિમાને દેખવાથી એ ગુણ નિપજે, કારણ આત્મા નિમિત્તાધિન છે, તેણે એટલે તે માટેજ દરરોજ મુનિ ચૈત્ય ( દેરાસર ) માં જિનવંદનાર્થે જરૂર જાય. મુનિને દરરોજ ચૈત્યવંદના કરવા જવું તે ઇષ્ટ છે. ॥ ૫ ॥

**राग वधे स्थिर भावथीजी रे, ज्ञान विना प्रमाद ।**
**वीतरागता इहताजी रे, विचरे मुनि साल्हाद ॥**
**॥ मुनी० ॥ ६ ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—હવે મુનિ ગ્રામાંતરે વિહાર શા માટે કરે? તે કહે છે-રાગ વધે એટલે એકજ સ્થાનકે હમેશાં રહેવાથી શ્રાવક વિગેરેનો સંસર્ગ વધતાં રાગ અને મમત્વ વધે અને જ્ઞાન વિના પ્રમાદ ઉપજે. જુઓ! શ્રી જ્ઞાતાસૂત્રમાં શેલગાચાર્ય જેવા સમર્થ મુનિ પણ પુત્રને ત્યાં રહેવાથી સ્નિગ્ધ-માદક આહારના વશથી પ્રમાદી થઇ ગયા હતા, તે માટે મુનિ વિતરાગ દશાને ઈહતા એટલે ઇચ્છતા થકા વિચરે, ગ્રામાનુગ્રામે નવકલ્પ વિહારથી વિચરે. તે પણ સાહ્લાદ એટલે હર્ષપૂર્વક, પણ નહીં કે વેઠરૂપ. માટે મુનિ કિહાં પણ પ્રતિબંધ કરે નહી. ॥ ૬ ॥

**एह शरीर भवमूल छे जी रे, तसु पोषक आहार ।**
**जाव अयोगी नवी हुए जी रे, ताव अनादि आहार ॥**
**॥ मुनी० ॥ ७ ॥**

અર્થ—આ જે શરીર છે તે ભવ એટલે સંસારનું મૂળ છે. કારણ શરીરના યોગથી નવા કર્મનું ગ્રહણ થાય છે, અને તે શરીરનો પોષક આહાર છે. આહારના ત્રણ પ્રકાર છે. [૧]ઓજ આહાર, [૨]લોમ આહાર, [૩]કવલ આહાર. તેમાં ઓજ આહાર અપર્યાપ્ત અવસ્થાએ હોય, લોમ આહાર તે શરીર બંધાયા પછી રોમરાજીવડે આહાર ગ્રહણ કરાય છે. એ બેઉ એટલે લોમ અને ઓજ આહાર દેવતા, નારકી તથા સ્થાવર (એકેંદ્રી) જીવોને પણ હોય છે અને ઓજ લોમ કવલાહાર એ ત્રણે આહાર બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચતુરિંદ્રિય, પંચે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દ્રિય તિર્યંચ તથા મનુષ્યને હોય છે. યાવત્ આ જીવ જ્યાં સુધી અયોગી ન થાય ત્યાં સુધી આહાર અનાદિ છે. વિગ્રહ ગતિ એટલે આત્મા પરભવે જતાં વક્રગતિએ જાય ત્યારે ઉત્કૃષ્ટ ત્રણ સમય સુધી અણ આહારી હોય છે તથા કેવળી સમુદ્ઘાત કરતી વખતે ચોથે પાંચમે અને છઠે સમયે અણાહારી હોય છે. બાકી તો દરેક જીવો હમેશાં આહાર ગ્રહણ કર્યા કરે છે ને અયોગી નામના ચૌદમે ગુણસ્થાનકે વર્તતા કેવલી, તથા સિદ્ધ પરમાત્મા સદા સર્વદા અણાહારી હોય છે. ॥ ૭ ॥

**कवल आहारे निहार छे जी रे, एह अंग व्यवहार ।**
**धन्य अतनु परमातमा जी रे, जिहां निश्चलता सार.॥**
**॥ मुनी० ॥ ८ ॥**

અર્થ— કવલ આહાર કરવાથી અવશ્ય નિહાર હોય. એ અંગ એટલે શરીરનો એ વ્યવહાર છે. ધન્ય અતનુ એટલે અશરીરી એહવા શ્રી સિદ્ધ પરમાત્માને છે કે જિહાં સાદિ અનંત ભાંગે નિશ્ચલતા છે. ॥ ૮ ॥

**परपरिणति कृति चपलता जी रे, केम छूटशे एह ।**
**एम विचारी कारणे जी रे, करे गौचरी तेह ॥मुनी० ॥९॥**

અર્થ—પર એટલે આત્માથી ભિન્ન પરિણતિ વિભાવ--ઉપાધિજન્ય પરિણતિએ કરેલી (થયેલી) ચપલતા એટલે ચંચલતા–ક્ષુધા વેદનીકર્મના ઉદયથી થયેલી આત્માની ચપળતા તે કયારે છૂટશે? એવી રીતે વિચારીને કારણે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આહાર કરે એટલે ક્ષુધા વેદની ઉપશમાવવાને અર્થે તથા શરીર જે છે તે ધર્મનું સાધન છે તેને ટકાવવાને અર્થે મુનિ ગૌચરી કરે. પણ લુબ્ધતા અથવા ગૃદ્ધતાથી ન કરે. મધુકર વૃત્તિએ ગૌચરીએ જાય. ॥ ૯ ॥

**क्षमावंत दयालुआ जी रे, निस्पृह तनु निराग।**
**निर्विषयी गजगतिपरे जी रे, विचरे ए महाभाग**
**॥ मुनी० ॥ १० ॥**

અર્થ—ક્ષમાવંત એટલે અપરાધી ઉપર પણ મુનિ રોષ ન કરે. ગજસુકુમાલાદિક મહામુનિની પરે. સોમિલ બ્રાહ્મણે ખેરના અંગારા મસ્તક ઉપર ભર્યાં છતાં લેશ માત્ર પણ તેના પર ક્રોધ કર્યો નહી. એવા ક્ષમાવંત તથા દયાલુ એટલે છ કાય જીવો ઉપર દયા કરનાર, કોઇને પણ પોતાથકી બાધા ઉપજાવે નહી, મેતાર્ય મુનિની જેમ. મેતાર્ય મુનિ સોનીને ઘરે ગૌચરીએ ગયા. સોની મુનિ સારૂ આહાર ગ્રહણ કરવા અંદર એટલે ઘરમાં ગયો અને પાછળથી તાજા ઘડેલ સોનાના ૧૦૮ જવ ક્રૌંચ પક્ષી ચુણી ગયો. સોનીએ જવ દીઠા નહિ એટલે તે જવ વિષે મુનિને પૂછતાં જીવદયા વિચારી મુનિ મૌન રહ્યા, સોનીએ મુનિને ચોર સમજી કાચા ચામડાની વાધર મુનિના મસ્તકે વીંટી તડકે ઉભા રાખ્યા. મુનિ સમભાવે તેનાથી થયેલ વેદના સહન કરી અંતગડ કેવલી થઇ મોક્ષે સિધાવ્યા (ગયા). એવા દયાવંત મુનિ હોય. તથા નિસ્પૃહ એટલે કોઈ જાતની ઈચ્છા હોય નહી. વધારે શું પણ સનત્-કુમાર ચક્રીએ મુનિપણામાં દેહથી રોગગ્રસિત થયા છતાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ તેની ચિકિત્સા કરાવી નહી. એ રીતે શરીર ઉપર પણ નિરાગી હોય, તો પછી બીજા ઉપર તો રાગ ક્યાંથીજ હોય ? તથા નિર્વિષયી એટલે વિષય વિકાર રહિત હોય. પાંચ ઇંદ્રિયના જે ત્રેવીશ વિષય તથા બસો ને બાવન વિકાર કહેલ છે, તેને વિષે મુનિ પ્રવર્તે નહીં. અને ગજગતિ એટલે હાથીની જેમ વિચરે મહાભાગ એટલે મહાભાગ્યના ધણી. મુનીંદ્રોની સુ-રાસુરો સેવના કરી રહેલ હોય છે તેથી તેમને મહાભાગ કહીંએ. ॥ ૧૦ ॥

**परमानंद रस अनुभवी जी रे, निजगुण रमता धीर।**
**देवचंद्र मुनि वांदतां जी रे, लहिए भव जल तीर**
**॥ मुनी० ॥ ११ ॥**

અર્થ—પરમાનંદ એટલે ઉત્કૃષ્ટ જે આનંદ એટલે-આત્મિક ગુણના આસ્વાદ રૂપ રસ તદ્રૂપ જે અમૃત તેને અનુભવી અને નિજગુણ જે ચારિત્ર તેને વિષે જે રમણ કરી રહેલ છે અર્થાત્ બાહ્ય (સંસારી) જીવો પરભાવમાં એટલે સ્ત્રી-યાદિકના વિલાસોમાં રમણ કરી આનંદ માને છે, પણ તે માની લીધેલ સુખ ક્ષણ માત્ર હોય છે અને તેના વિપાકો બહુ કાળ દુઃખ આપનાર હોય છે. અને મુનીંદ્રો જે આત્મિક સુખના વિલાસ ભોગવી રહેલ છે તે સુખ અતીંદ્રિય હોય છે. એહવા ધીર એટલે ધૈર્યવાન્ ગમે તેવા ઉપસર્ગો કે પરિસહો આવી પડે તો પણ તે ચલાયમાન થાય નહીં, તથા પરવાદી એટલે અન્ય મતાવલંબીઓના ગમે તેટલા અસત્ય વાગ્જાળમાં ગુંથાય (સપડાય) નહી. જેમ આર્દ્રકુમાર મુનિ પરવાદીઓને

નિરૂત્તર કરી પોતે શ્રી જિનશાસનમાં અચળ રહ્યા. એવા મુનિને વાંદતાં થકા ભવજલ એટલે સંસારસમુદ્ર તેનો તીર એટલે કાંઠો પામીએ. એમ પંડિત શ્રી દેવચંદ્ર ગણિ કહે છે. ॥ ११ ॥

ઇતિ પ્રથમ ઢાળ સંપૂર્ણ.

---

## ઢાલ બીજી ( ભાષા સમિતિ )

( સ્વામી સીમંધર વિનતિ, સાંભળો માહરી દેવ રે; એ દેશી. )

साधुजी समिति बीजी धरो।
वचन निर्दोष प्रकाश रे ॥
गुप्ति उत्सर्गनो समिति ते ॥
मार्ग अपवाद सुविलास रे ॥ साधु० ॥ १॥

અર્થ—મોક્ષમાર્ગના સાધક માટે સાધુ કહીએ એહવા હે સાધુજી ! સમિતિ બીજી જે ભાષા સમિતિ તેને ધારણ કરો. એટલે વચન નિર્દોષનો પ્રકાશ કરો. મુનિએ વચન કેવા બોલવા ? તે કહે છે કે—મુનિ મધુર, તે પણ નિપુણતા ભરેલું, અલ્પ, કાર્ય પ્રસંગે, ગર્વ રહિતપણે, અતુચ્છ ( હલકું નહી ), અસાવદ્ય એટલે નિરવદ્ય, અને સંદેહ રહિત, શ્રી જિનેશ્વરપ્રરૂપિત જે શ્રી આગમ તેને અનુસરતું, નિર્દોષ વચન બોલે; પણ છેદકારી, ભેદકારી, માર્મિક એટલે પરને પીડાકારી વચન બોલે નહી. આંધળાને આંધળો ન કહે. એમ શ્રી દશવૈકાલિક સૂત્રમાં શ્રી ગણધરોએ કહેલું છે. સત્ય ભાષા તથા વ્યવહાર ભાષા એ બે ભાષા બોલવાની શ્રી તીર્થંકરોએ તથા ગણધરોએ મુનિઓને આજ્ઞા આપી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ ભાષા સમિતિ તે વચનગુપ્તિ જે ઉત્સર્ગ માર્ગ તેનો અપવાદ માર્ગ છે. એટલે વચનગુપ્તિમાં જે સર્વથા મૌન-વૃત્તિ હતી તે સમિતિમાં નિરવદ્ય વચન બોલવાની આજ્ઞા છે. માટે હે મુનીશ્વરો ! એ માર્ગને અનુભવો અર્થાત્ ભાષા સમિતિ જે બીજી તેમાં પ્રવર્તો એટલે પાળો. ॥ ૧ ॥

**भावना बीय महाव्रत तणी ।**
**जिन भणी सत्यता मूलरे ॥**
**भाव अहिंसकता वधे ।**
**सर्व संवर अनुकूलरे ॥ साधु० ॥ २ ॥**

અર્થ—આ ભાષા સમિતિ તે બીજું મહાવ્રત જે મૃષાવાદ વિરમણ તેની ભાવના છે અને શ્રી જિનેશ્વરોએ કહેલી છે. એ ભાષા સમિતિ તે સત્યતાનું મૂળ છે. એ ભાષા સમિતિમાં વર્તતાં ભાવ અહિંસકતા થાય છે. એટલે આત્મા-ના જ્ઞાનાદિક ગુણોનો જે અવિનાશ તદ્રૂપ અહિંસકતાની વૃદ્ધિ થાય છે અને સર્વ સંવરને અનુકૂળ એટલે સર્વ સંવ-રની પ્રાપ્તિ કરાવે છે–સર્વ સંવર પ્રાપ્ત થાય છે. ॥ ૨ ॥

**मौन धारी मुनि नवी वदे ।**
**वचन जे आश्रव गेहरे ॥**
**आचरण ज्ञान ने ध्याननो ।**
**साधक उपदिशे तेहरे ॥ साधु० ॥ ३ ॥**

અર્થ—હવે આશ્રવનું ગેહ એટલે જે સાવદ્ય વચન



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય–પાપકારી વચન હોય તે મુનિ ન બોલે. આવે પ્રસંગે મૌન ધારણ કરે, પણ તેવી આજ્ઞા ન આપે એટલે પાપકારી વચન ન બોલે. અને જ્ઞાન ને ધ્યાનના આચરણરૂપ મોક્ષના સાધક એવા વચનો મુનિ ઉપદિશે–બોલે. ॥ ૩ ॥

उदित पर्याप्ति जे वचननी ।
ते करी श्रुत अनुसार रे ॥
बोध प्राग्भाव सज्झायथी ।
वली करे जगत उपकार रे ॥ साधु० ॥४॥

અર્થ—ઉદિત એટલે ઉદયમાં આવેલી જે વચનની પર્યાપ્તિ અર્થાત નામ કર્મ જન્ય ભાષા પર્યાપ્તિવડે બાંધેલા જે કર્મપુદ્ગલો તેના ઉદયકાળને લઇને આવેલા જે ભાષા વર્ગણાના પુદ્ગલો તે શ્રુત એટલે સિદ્ધાંત જે આગમ તેને અનુસરીને અને બોધ પ્રાગ્ભાવ એટલે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થયેલું જે બોધનું પ્રગટપણું તે થકી ધર્મ-કથા પ્રમુખ સ્વાધ્યાય વડે તથા વચનાદિક વડે જગતનો એટલે ભવ્ય જનોનો ઉપકાર કરે. ॥ ૪ ॥

योग जे आश्रवपद हतो ।
ते कर्यो निर्जरा रूप रे ॥
लोहथी कांचन मुनि करे ।
साधना साध्य चिद्रूप रे ॥ साधु० ॥ ५ ॥

અર્થ—યોગ જે લેશ્યાજન્ય વીર્ય વડે મન વચન કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાયાની વર્ગણાના પુદ્દગલ ગ્રહણ કરી તેને અવલંબીને યોગ-રૂપ પરિણમાવવા એટલે પુદ્દગલનો જીવ સાથે સંયોગ કરવો તે યોગ કહેવાય. તે યોગનો જે વેપાર તે આશ્રવરૂપ છે. કારણ ભગવતીજી સૂત્રમા યોગોને આશ્રવ કહેલ છે. તો તે આશ્રવના કારણરૂપ જે યોગ તેને મુનિપુંગવો નિર્જરા રૂપ કરે છે. શ્રી આચારાંગ સૂત્રમાં પણ કહેલ છે કે 'આશ્રવ તે પરિશ્રવ રૂપ થાય અને પરિશ્રવ તે આશ્રવ રૂપ થાય. એ આત્મશકિતનો પ્રભાવ છે.' કારણ જેમ લોઢાને પાર્શ્વમણિનો સંગ થવાથી તે લોહરૂપ ટળી સુવર્ણરૂપ થાય છે. તેમજ યોગરૂપ લોઢું હતું તે સમિતિરૂપ પાર્શ્વમણિનો સંગ પામીને સુવર્ણરૂપ બને છે. નિર્જરા એટલે કર્મનું પરિશાટન (ક્ષય કરવું) તદ્રૂપ સુવર્ણ (કાંચન) બને છે. પણ તેમ કરનારા મુનિપુંગવોજ હોય છે અને સાધ્ય જે ચિદ્દરૂપ એટલે જ્ઞાનાનંદ રૂપ ચૈતન્ય ગુણ તેને મુનીશ્વરો જ સાધે છે—મુનીશ્વરો જ પ્રાપ્ત કરે છે એ ભાવ છે. ॥ ૫ ॥

साधु निज वीर्यथी परतणो ।
नवी करे ग्रहण ने त्यागरे ॥
ते भणी वचन गुप्ते रहे ।
एह उत्सर्ग मुनिमार्गरे ॥ साधु० ॥ ६ ॥

અર્થ—સાધુ પોતાના વીર્યવડે એટલે આત્મિકવીર્યવડે આત્મભાવે આત્મગુણોનેજ ગ્રહણ કરે, પણ પરભાવ જે પુદ્દગલ રૂપ ભાષા વર્ગણાનું ગ્રહણ કરવું તથા ત્યાગ કરવું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે ન કરે. કારણ જે પુદ્દગલો તે પરભાવ તેનું જે ગ્રહણ કરવું તે આત્માને અનાદેય છે એટલે આત્માને તે વિભાવ છે; સ્વભાવ નથી. તે કારણે મુનિ વચનગુપ્તિને પાળે છે. એ મુનિનો ઉત્સર્ગ માર્ગ છે. ॥ ૬ ॥

आत्महित परहित कारणे ।
आदरे पंच सज्झायरे ॥
ते भणी अशन वसनादिका ।
आश्रये सर्व अववायरे ॥ साधु० ॥ ७ ॥

અર્થ—આત્મ એટલે પોતે તથા પર જે ઇતર ભવ્ય જનો તેનું હિત કરવાને અર્થે મુનિ પંચ સઝાય આદરે. એટલે પાંચ પ્રકારની સઝાય કરે. જો શરીર સાનુકૂળ હોય તો જ સઝાય ધ્યાન થઈ શકે એને માટેજ–શરીરની સમાધિ સારૂ અશન એટલે ચાર પ્રકારનો આહાર તથા વસન એટલે વસ્ત્રાદિક સર્વને આશ્રયે એટલે ગ્રહણ કરે. એ અવવાય એટલે અપવાદ માર્ગ છે, પણ તે ઉત્સર્ગનું કારણ છે. ॥ ૭ ॥

जिनगुण स्तवन निज तत्त्वने ।
जोयवा करे अविरोधरे ॥
देशना भव्य प्रतिबोधवा ।
वायणा करण निज बोधरे ॥ साधु० ॥ ८ ॥

અર્થ—જિનરાજના ગુણોનું સ્તવન કરે અને પોતાના તત્ત્વને જિનરાજના ગુણો સાથે સરખાવે. અવિરોધપણે એટલે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જિનરાજમાં અને મારા આત્મામાં મૂળ વસ્તુધર્મમાં કાંઇ પણ ભેદ નથી એમ વિચારે. વળી હું પરભાવના વશપણા થકી નિજસત્તાને ભૂલી ગયો છું. જો હું મારી શક્તિ પ્રકાશું-પ્રગટ કરૂં તો જિનરાજ જેવોજ હું થાઉં એમ વિચારે. તથા ભવિ જીવને પ્રતિબોધવા માટે શાસ્ત્રાનુસારે ગુરૂપરંપરાગતથી જે બોધ મળેલ હોય તેને અનુસારે ઉપદેશ આપે. અને પોતાના આત્માને બોધ કરવા સારૂ વાંચના એટલે સિદ્ધાંતાનુસારે વાંચના કરે. અહીં ૧ વાંચના તે પોતે ભણે તથા બીજાને ભણાવે. ૨ પૃચ્છના તે પ્રશ્નાદિક ગુરૂને પૂછે. ૩ પરાવર્તના તે શીખેલનું પરાવર્તન કરે એટલે સંભારે. ૪ અનુપ્રેક્ષા તે તત્ત્વચિંતન કરે. ૫ ધર્મકથા તે ૧ આક્ષેપણી, ૨ વિક્ષેપણી, ૩ સંવેગણી, ૪ નિર્વેદની-એ ચાર પ્રકારની દેશના આપે. એ પાંચ ભેદ સઝાયના છે અને તે પ્રમાણે ચાર પ્રકારની દેશના સ્વપર ઉપકારાર્થે આપે છે—એ ભાવ છે ॥ ૮ ॥

**नय गम भंग निक्षेपथी ।**
**स्वहित स्याद्वादयुत वाणीरे ॥**
**सोल, दश, चार, गुणशुं मळी ।**
**कहे अनुयोग सुपहाणरे ॥ साधु० ॥ ६ ॥**

અર્થ—નય તે નૈગમાદિક સાત નય તેમાં પ્રથમના ચાર નય દ્રવ્યાર્થીક છે તથા પાછલા ત્રણ પર્યાયાર્થીક છે, અને એકેકા નય ના સો સો ભેદો છે. તેમાંથી એક નયનો પક્ષ ગ્રહણ કરી ઈતર જે બીજા નયો તેને અપેક્ષામાં રાખે. જે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક નયને ગ્રહણ કરે ને બીજા નયોને ન માને તેને મિથ્યાત્વી જાણવા. સમ્યગ્ દૃષ્ટિ સાતે નયને માને. અને ગમ તે વસ્તુના એક દેશનું વિવરણ તેને ગમ અથવા ગમા કહીએ. તથા ભંગ તે ત્રિભંગી ચોભંગી સપ્તભંગી પ્રમુખ. તથા નિક્ષેપ તે ચાર નિક્ષેપા જેમકે ૧ નામ નિક્ષેપો, ૨ સ્થાપના નિક્ષેપો, ૩ દ્રવ્યનિક્ષેપો, અને ૪ ભાવનિક્ષેપો, એ ચાર નિક્ષેપા કહ્યા છે. ઉપરોક્ત નય, ગમ, ભંગ, નિક્ષેપ, એની અપેક્ષા સહિત સ્વ એટલે પોતાને હિતકર અને સ્યાદ્વાદ એટલે અનેકાંતવાદ યુક્તિપૂર્વક વાણી કહે. એનું વિવરણ સોળ બોલ જાણે તે કરે. તે સોળ બોલ કહે છેઃ–વચન ૩ ત્રણ (૧ એક વચન, ૨ દ્વિ વચન અને બહુ વચન) લિંગ ૩ ત્રણ (૧પુરૂષ, ૨ સ્ત્રી અને ૩ નપુંસક) કાળ ૩ ત્રણ (૧ અતિત, ૨ અનાગત, ૩ વર્તમાન) પ્રમાણ ૨ બે (૧ પ્રત્યક્ષ, ૨ પરોક્ષ) ૧ ઉપનીત. ૧ અપનીત. ૧ ઉપનીતાપનીત. ૧ અપનીત ઉપનીત તથા ૧ અધ્યાત્મ વચન–એ સોળ બોલને જાણે. તથા દશ તે શ્રી ઠાણાંગસૂત્રોકત દશ સત્ય-જનપદ સત્યાદિક તેને જાણે. તથા ચાર ગુણ તે ૧ નામ સત્ય, ૨ સ્થાપના સત્ય, ૩ દ્રવ્યસત્ય તથા ૪ ભાવસત્ય. અથવા ૧ દ્રવ્યાનુયોગ, ૨ ચરણ-કરણાનુયોગ, ૩ ગણિતાનુયોગ તથા ૪ ધર્મકથાનુયોગ. એ ચાર ગુણો યુકત અનુયોગને પ્રધાનપણે કહે. ॥ ૯ ॥

**सूत्र ने अर्थ अनुयोग ए ।**
**बीय निजुत्ति संजुत्तरे ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**तीय भाष्य नय भावीओ ।**
**मुनि वदे एम तंतरे ॥ साधु० ॥ १० ॥**

અર્થ—પ્રથમ સૂત્ર અને અર્થ તે ટીકા પ્રમુખે કરી વિવેચન કરીને કહે, બીજો નિર્યુક્તિ સહિત કહે અને ત્રીજો અનુયોગ તે ભાષ્ય નયાદિક ભાવિતપણે કહે. અર્થાત્ જે ઉપદેશ આપે તે પંચાંગી સહિત આપે. પણ કેવળ (ફકત) સૂત્રથી જ ન આપે. કારણ કે પંચમાંગ શ્રી ભગવતી સૂત્રમાં કહેલ છે કે—

**'सुत्तत्थो खलु पढमो, बीओ निज्जुत्तिमीसओ भणीओ।**
**तइओ य निरविसेसो, एस विहि होइ अणुओगो ॥१॥**

આ ગાથા નંદિસૂત્રમાં પણ છે. એવી રીતે સૂત્રમાં પ્રગટ પણે પાઠો છે, છતાં જેઓ પંચાંગી નથી માનતા તેનો એ મિથ્યા હઠવાદ છે. પંચાંગી માનવાથી જ ખરો બોધ પામી શકાય છે ॥ ૧૦ ॥

**ज्ञान समुद्र समता भर्या ।**
**संवर दया भंडाररे ॥**
**तत्त्वानंद आस्वादता ।**
**वंदिए चरणगुणधाररे ॥ साधु० ॥ ११ ॥**

અર્થ—જ્ઞાનના સમુદ્ર અને સમતા તે કષાયના જયરૂપ આત્માની સમભાવ દશા. તદ્રૂપ જળ (પાણી) થી ભરેલા તથા સંવર અને દયારૂપ ગુણોના ભંડાર તથા તત્ત્વા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નંદ એટલે આત્મિક આનંદના આસ્વાદન કરનારા અને ચરણ એટલે ચારિત્ર ગુણના ધારક એવા મુનિને વંદીએ-નમસ્કાર કરીએ ॥ ૧૧ ॥

**मोह उदय अमोही जिस्या ।**
**शुद्ध निज साध्य लयलीनरे ॥**
**देवचंद्र ते मुनि वंदिए ।**
**ज्ञानामृत रस पीनरे ॥ साधु० ॥ १२ ॥**

અર્થ—યદ્યપિ મોહનો ઉદય મુનિરાજને હોય છે છતાં પણ અમોહી જેવા છે. કારણ સાધુ મુનિરાજ છઠ્ઠે સાતમે ગુણસ્થાનકે વર્તી રહ્યા હોય છે. જો કે મોહનો ઉદય તો દશમા ગુણસ્થાનકના પ્રાંત (છેવટ) સુધી હોય છે. છતાં અત્રે જે અમોહી કહ્યા તે અપ્રશસ્ત મોહ જે ધનધાન્યરૂપ પરિગ્રહ અથવા દેહ પ્રમુખ ઉપર હોય તે મુનિ મહારાજાઓને નથી હોતો. ફકત મોહ જે છે તે ગુર્વાદિક ઉપર પ્રશસ્ત છે. શ્રી ગૌતમસ્વામી પ્રમુખની જેમ અહીં જે પ્રશસ્ત મોહ છે તે ક્ષયોપશમ ગુણનો દીપક છે, પણ બાધક નથી. ત્યારે કોઇ કહેશે કે 'શ્રી ગૌતમસ્વામીને પ્રભુ ઉપરનો મોહ કેમ બાધક થયો ?' તેનો ઉત્તર એ છે કે 'જે પ્રશસ્ત મોહ છે તે યથાખ્યાત ચારિત્રનો રોધક છે, પણ તે મોહ-એટલે પ્રશસ્ત જે મોહ છે તે તેવો સમય પ્રાપ્ત થતાં તત્કાળ છુટી જાય છે એટલે ક્ષય પામે છે. પ્રથમાવસ્થામાં રહેલો સાંસારિક જે અપ્રશસ્ત મોહ છે તેથી છોડાવવામાં તે ઉપયોગી છે. માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રશસ્ત મોહ સહિત છતાં પણ મુનિને અમોહીજેવા કહ્યા છે. વળી તે શુદ્ધ નિજ કહેતાં પોતાનું જે સાધ્ય આત્માને નિરાવરણ કરવારૂપ તેને વિષે લયલીન થયેલા હોય છે. તથા જ્ઞાનામૃત રૂપ જે રસ તે રસથી પીન એટલે પુષ્ટ થયેલા હોય છે. દેવ જે જ્યોતિષી દેવો તેમાં જેમ ચંદ્રમા ઉજ્વલ છે, તેવી ઉજ્વલ આત્મદશાને ધારણ કરનાર એહવા મુનિને સદા સર્વદા કાળ અમે વંદીએ, તેમની સ્તુતિ કરીએ. એહવી રીતે શ્રી દેવચંદ્રજી મહારાજનું કહેવું છે તે બરાબર છે. ॥ ૧૨ ॥

ઈતિ દ્વિતીય ઢાળ સંપૂર્ણઃ

## ઢાલ ૩ જી. સમિતિ ત્રીજી. (એષણા સમિતિ.)

( મેતારજ મુનિવર ! ધન ધન તુમ અવતાર—એ દેશી. )

**समिति तीसरी एषणाजी ।**
**पंच महाव्रत मूळ ॥**
**अणाहारी उत्सर्गनोजी ।**
**ए अपवाद अमूल ॥**
**मनमोहन मुनिवर ।**
**समिति सदा दिल धार ॥ १ ॥**

અર્થ—હવે ત્રીજી એષણા સમિતિ કહે છે. એષણા એટલે ગવેષણા–મુનિને આહારાદિક ગ્રહણ કરવું તે બેંતાલીશ દોષ રહિત, સુઝતું, નિર્દોષ જોઇને લેવું. તે એષણા સમિતિ કહીએ. એ સમિતિ પાંચે મહાવ્રતનું મુળ છે, કારણ એષણા–ગવેષણા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવાથી દરેક વ્રતનું આરાધન થાય છે અથવા આહાર ગ્રહણ કરવાથી દેહને આધાર (ટકાવવા) રૂપ થઇ પાંચ મહાવ્રતનું પાલન થાય છે. ઉત્સર્ગ માર્ગ જે અણાહારીપણું તેનો વિધિ-સંયુક્ત આહાર ગ્રહણ કરવા રૂપ જે એષણા સમિતિ તે અપવાદ છે. અને તે અમૂલ છે. જેનું મૂલ ન થાય એવી કિંમતી છે. હે મનમોહન મુનિવર ! સમિતિ સદા દિલ ધાર. એટલે સદા સર્વદા હમેશાં સમિતિ દિલને વિષે ધારણ કરો. ॥ ૧ ॥

**चेतनता चेतनतणी जी ।**
**नवी परसंगी तेह ॥**
**तेणे परसनमुख नवी करेजी ।**
**आतमरति व्रती जेह ॥ मन० ॥ २ ॥**

અર્થ—ચેતનની જે ચૈતન્યશકિત છે તે પર એટલે ચૈતન્ય દ્રવ્યથી ભિન્ન જડ દ્રવ્ય જે પુદ્ગલ તેના સંગવાળી નથી. તે માટે આત્માને વિષે રતિ–એટલે રમણ કરનાર એહવા વ્રતી એટલે પંચ મહાવ્રતધારી જે મુનિ તે પરસન્મુખ એટલે પુદ્ગલ સન્મુખ રતિ ન કરે. પુદ્ગલ ગ્રહણ કરવામાં રાચે નહી. અર્થાત્ મુનિ આત્મગુણના ગ્રાહકજ હોય પણ પર પુદ્ગલના ગ્રાહક ન હોય. પર જે પુદ્ગલ તે તેમને અગ્રાહ્ય હોય. ॥ ૨ ॥

**काय जोग पुद्गल ग्रहेजी ।**
**एह न आतम धर्म ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**जाणग कर्ता भोगता जी ।**
**हुं माहरो ए मर्म ॥ मन० ॥ ३ ॥**

અર્થ—કાયજોગ એટલે શરીરનો જે વેપાર તે કાયજોગ કહીએ. તે થકી પુદ્ગલ ગ્રહણ કરે છે. એટલે પુદ્ગલ પુદ્ગલને ગ્રહણ કરે છે, પણ એ આત્માનો ધર્મ નથી. આત્મિક ધર્મ તો અણાહારીપણું છે. જાણગ કહેતાં જાણનારો પણ હું મારો એટલે પોતાનોજ જાણનારો છું—આત્મતત્ત્વનો જ જાણનારો છું. અને કર્તા પણ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવનો જ છે, પણ પરભાવનો કર્તા આત્મા નથી. અને ભોકતા પણ આત્મા પોતાનાજ ગુણોનો છે, પણ પર જે પુદ્ગલ તેનો ભોક્તા નથી. પણ એ કર્તાદિક ભાવ જે જ્ઞાનાદિક તે અવરાણા થકાં અજ્ઞાનવશે જીવ મિથ્યાત્વના વશ થકી કર્મનો કર્તા બને છે અને પરભાવ જે પુદ્ગલ તેનો ભોકતા થાય છે, પણ જ્યારે ઘટની અંદર એટલે અંતરંગમાં ભેદજ્ઞાન પ્રગટે છે ત્યારે નિજસ્વરૂપનું ભાન થાય છે, તે વખતે આત્માને પરભાવનું કર્તા ભોકતા પણું હોતું નથી. માત્ર (ફક્ત) આત્મા સાક્ષીરૂપજ હોય છે. એ મર્મ સમજનાર કોઇક વિરલા તાત્ત્વિક પુરૂષોજ હોય છે ॥ ૩ ॥

**अनभिसंधिय वीर्यनोजी ।**
**रोधक शक्ति अभाव ॥**
**पण अभिसंधि वीर्यथीजी ।**
**केम ग्रहे परभाव ॥ मन० ॥ ४ ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—અનભિસંધિય જે ઇંદ્રિયજનિત આત્મવીર્ય તે ચલ વીર્ય છે. તેનો રોધ (અટકાવ) કરવાની શકિતનો અભાવ છે. પણ અભિસંધિ વિર્ય જે લેશ્યાજનિત મતિ-પૂર્વક–મનોવિચારણાપૂર્વક જે આત્મિક વીર્ય તે વીર્યવડે પરભાવને કેમ ગ્રહણ કરે? અર્થાત ન ગ્રહણ કરે, એટલે કહેવાનો આશય એ છે જે ઇંદ્રિયોથી પરભાવ ગ્રહણ કરે, પણ તેમાં અનાસકત હોવાને લીધે મનોપૂર્વક ગ્રહણ કરતા નથી. ॥ ૪॥

**एम परत्यागी संवरीजी ।**
**ग्रहे न पुद्गल खंध ॥**
**साधक कारण राखवाजी ।**
**अशनादिक संबंध ॥ मन० ॥ ५ ॥**

અર્થ— એ રીતે પરત્યાગી એટલે પુદ્ગલના ત્યાગી મુનીશ્વરો પુદ્ગલના ખંધને ગ્રહણ કરે નહીં, પણ સંયમની સાધના દેહથી છે માટે દેહ નિભાવા સારૂ અશનાદિક ગ્રહણ કરે, તેમાં સંયમના સાધન રૂપ કારણ રહેલ છે. ॥ ૫ ॥

**आतमतत्त्व अनंततानी । ज्ञान विना न जणाय ॥**
**तेह प्रगट करवा भणीजी । श्रुत सज्झाय उपाय ॥ म० ६**

અર્થ—આત્મતત્ત્વની અનંતતા છે અર્થાત્ આત્માના ગુણ અનંતા છે, સ્વભાવ અનંતા છે, ઈત્યાદિક આત્મ તત્ત્વતા તે જ્ઞાન વિના સમજાય નહીં માટે જ્ઞાન પ્રગટ કરવા શ્રુત સઝાય એટલે સિદ્ધાંતનું વાંચન, મનન, પરાવર્તન કરે. તે કરવાથી જ જ્ઞાન પ્રગટે છે. એ તેનો ઉપાય છે. ॥ ૬ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**तेह देहथी देह एहजी । आहारे बलवान ॥**
**साध्य अधुरे हेतुनेजी । केम तजे गुणवान ॥ म० ७**

અર્થ—તેહ સજ્ઝાય દેહવડે થાય અને દેહ જે તે આહારના યોગથી પુષ્ટ થાય. જો આહાર ગ્રહણ ન કરે તો દેહ દુર્બલ થાય અને તેનાથી સઝાય પ્રમુખ થઇ શકે નહીં. તે માટે સાધ્ય જે આત્માની સિદ્ધતારૂપ કાર્ય જ્યાં સુધી અધુરૂં હોય ત્યાં સુધી તેના હેતુ રૂપ કારણ જે આહારાદિક તેને ગુણવાન કેમ તજે ? અર્થાત ન તજે. ॥ ૭ ॥

**तनु अनुयायी वीर्यनोजी । वर्तन अशन संयोग ॥**
**वृद्ध यष्टि सम जाणीनेजी । अशनादिक उपभोग ॥ म० ८**

અર્થ—શરીર અનુયાયી જે વીર્ય તેનું વર્તન આહારના સંયોગથી છે. કારણ આહારના આધાર વિના વીર્ય ક્ષિણ થાય છે. જેમ વૃદ્ધને યષ્ટિ એટલે લાકડી આધાર રૂપ હોય છે તેમ દેહને અશનાદિક આધારભૂત છે. ॥ ૮ ॥

**जिहां साधकता नवी अडेजी । तिहां नवी ग्रहे आहार ॥**
**बाधक परिणति वारवाजी । अशनादिक उपचार ॥ म० ९**

અર્થ—જિહાં આત્મસાધના રૂપ કાર્યને બાધા આવે એમ ન હોય ત્યાં મુનિ આહાર ગ્રહણ ન કરે, પણ જો ક્ષુધાવેદનીના કરેલા પરાભવથી આત્માને અસમાધિ થતી હોય અને જ્ઞાનધ્યાનમાં બાધા ઉપજતી હોય તો તે બાધક પરિણામ ( પરિણતિ ) ને નિવારવા માટે મુનીશ્વરો અશનાદિકનો ઉપચાર ( ઉપયોગ ) કરે. ॥ ૯ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सडतालीसें द्रव्यनाजी । दोष तजी निराग ॥
असंभ्रांत मुर्छा विनाजी । भ्रमरपरे वडभाग ॥ म० १०

અર્થ—આહારના સડતાળીશ દોષ ટાળીને રાગરહિત-પણે મુનિ આહાર ગ્રહણ કરે. તેમાં બેંતાલીશ દોષ ગૌચરી ગ્રહણ કરવા આશ્રી છે. તેમાં સોળ દોષ ગ્રહસ્થ તરફથી લાગે છે, સોળ મુનિ તરફથી લાગે છે અને દશ ઉભય થકી ઉપજે છે. એ રીતે બેંતાલીશ દોષ લાગે છે. તથા મંડળીના પાંચ દોષ (આહાર કરતી વખતના) છે. બધા મળીને સડતાલીશ દોષ થયા. એ દ્રવ્ય દોષ છે; અને ભાવ દોષ, તે રાગ, સંભ્રમ, મુર્છા એટલે લોલુપતા વિગેરે છે. તેને ટાળીને—એટલે ભાવથી રાગ રહિત, સંભ્રમ રહિત તથા મુર્છા રહિત પણે ભ્રમરની જેમ વડભાગ એટલે મોટા ભાગ્યના ધણી મહા મુનીશ્વરો ફક્ત સંયમના નિર્વાહ સારૂં જ આહાર આરોગે. ભ્રમર જેમ ફુલને ઇજા ન કરતાં તેમાંથી સુગંધ ગ્રહણ કરે છે, તેમ ગ્રહસ્થને ન દુહવતાં થકા મુનિ આહાર લે છે. ॥ ૧૦ ॥

तत्त्वरुचि तत्त्वाश्रयीजी । तत्त्वरसिक निर्ग्रंथ ॥
कर्म उदय आहारतांजी । मुनि माने पलीमंथ ॥ म० ११

અર્થ—તત્ત્વ રૂચિ એટલે તત્ત્વની જ અભિલાષા કરવા વાળા તથા તત્ત્વાશ્રયી એટલે તત્ત્વનો જ આશ્રય કરે અર્થાત્ પર જે પુદ્ગલ ભાવ તેનો આશ્રય ન લે. તથા તત્ત્વપ્રાપ્તિ કરવાના રસિયા એવા નિર્ગ્રંથ એટલે બાહ્ય પરિગ્રહ—નવવિધ જે ગ્રંથ તેથી રહિત તથા અભ્યંતર પરિગ્રહ—જે ચૌદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકારે મિથ્યાત્વાદિક તેથી રહિત ફક્ત વેદની કર્મના ઉદયથી આહાર ગ્રહણ કરે છે, પણ તેને પલીમંથ એટલે વેઠસમાન-ઉપાધિરૂપ માને છે, તેમાં આસક્ત થતા નથી. ॥ ૧૧ ॥

**लाभथकी पण अणलहेजी ।**
**अति निर्जरा करंत ॥**
**पामे अणव्यापकपणेजी ।**
**निर्मम संत महंत ॥ मन० ॥ १२ ॥**

અર્થ—મુનિ ગૌચરીએ જાય ને કોઇક અંતરાય કર્મના ઉદય થકી આહાર ન મળ્યો તો તેથી મનમાં ખિન્ન થાય નહી પણ એમ વિચારે જે આજ તપશ્યામાં વૃદ્ધિ થશે. એહવી રીતે આહાર ન મળ્યો તે થકી ઉલટી વધારે નિર્જરા કરે પણ ખેદ કરે નહી. અને ખેદ ન કરવાથી કર્મબંધ ન કરે અથવા મુનિને કોઇ સારો ઉત્તમ એહવો આહાર મળે તોપણ તે ખપ પૂરતો જ લે પણ વધારે ગ્રહણ કરે નહીં. અને આહાર જે મળે તે ગમે તેવો અરસ, નિરસ અથવા સ્નિગ્ધ–રસ સહિત હોય તે બધામાં સમાન વૃત્તિ ધારણ કરે; પણ સારા આહારાદિકમાં વ્યાપક એટલે લોલુપી થાય નહી. કારણ મુનિ નિર્મમ એટલે મમત્વ રહિત હોય છે. મમત્વ ભાવ એ આત્મજ્ઞાની મહાત્માઓને હોતો નથી. તેનું કારણ એ કે વસ્તુનું યથાસ્થિત સ્વરૂપ જાણે છે, એવી સંત મહાત્મા મુનીશ્વરોની દશા હોય છે. ॥ ૧૨ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

अणाहारता साधताजी।
समता अमृतकंद ॥
श्रमण भिक्षु वा संयमीजी ॥
ते वंदे देवचंद्र ॥ मन० ॥ १३ ॥

અર્થ—અણાહારતા એટલે અણાહારીપણું તે પુદ્‌ગલ રહિત સિદ્ધ દશા તેની સાધના કરતા એવા સમતારૂપ અમૃતના કંદ સમાન શ્રમણ ભિક્ષુ વા સંયમી (એ મુનિઓના પર્યાય નામો છે) તેને કવીવર્ય શ્રી દેવચંદ્રજી મહારાજ વાંદે છે–એટલે એવા મુનિઓને નમસ્કાર કરે છે. ॥૧૩॥

ઇતિ તૃતીય ઢાળ સંપૂર્ણ.

## ઢાલ ૪ થી–(આદાન ભંડમત નિક્ષેપણા સમિતિ)

(ધન જિનશાસનમંડન મુનિવરા,......એ દેશી)

समिति चोथी रे चिहुंगति वारणी।
भाखी श्री जिनराज ॥
राखी परम अहिंसक मुनिवरे।
चाखी ज्ञान समाज ॥ १ ॥
सहज संवेगीरे, समिति परिणमो।
साधवा आतम काज ॥
आराधन ए संवर भावनो।
भवजलतरण झहाज ॥ सहज० ॥ २ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—હવે ચોથી સમિતિનું સ્વરૂપ કહે છે. એ ચોથી સમિતિ તે આદાન ભંડ મત નિક્ષેપણા સમિતિ એટલે ભંડોપકરણ વિધિથી લેવું તથા મૂકવું. તેને આદાન ભંડ મત નિક્ષેપણા સમિતિ કહીએ. એ સમિતિ ચાર ગતિ જે નારકી, તિર્યંચ, મનુષ્ય, તથા દેવતાની ગતિ તેનું નિવારણ કરી પાંચમી મોક્ષ ગતિને અપાવનારી છે. અને ભાખી એટલે શ્રી જિનેશ્વર દેવોએ ઉપદેશી છે. અને તેને ધારણ કરનાર પરમ અહિંસક એવા મુનીશ્વરોજ હોય છે. કારણ કે જિનવચનામૃત રૂપ જે જ્ઞાન તેના અનુભવનો આસ્વાદ લેનાર મુનીશ્વરો તેજ એ માર્ગનું પાલન કરી શકે. એટલે સમિતિના માર્ગે તો મુનિ મહારાજાઓજ પ્રવર્તી શકે. જ્ઞાન સિવાય સમિતિ હોતી નથી, માટે હે સહજ સંવેગી ! એટલે કૃતિમ સંવેગી નહીં. સંવેગ એ આત્માનો ગુણ છે તે ગુણોના ધારક હે મુનિ ! સમિતિને વિષે પરિણમો અર્થાત્ સમિતિમાર્ગમાં પ્રવૃત્ત થાઓ. એ આત્મકાર્ય સિદ્ધ કરવાનું સાધન છે. તેમાં સંવરભાવનું આરાધન છે અને ભવ જે સંસાર તદ્રૂપ સમુદ્રમાંથી તરી જવાને એ ઝહાજ એટલે– વહાણ સમાન છે. એટલે સમિતિનું પાલન કરવાથી સંસારનો પાર પામી શકાય છે. ॥ ૧ ॥ ૨ ॥

अभिलाषी निज आतम तत्त्वना ।
साख धरेरे सिद्धांत ॥



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

नाखी सर्व परिग्रह संगने ।
ध्यानाकंखीरे संत ॥ सहज० ॥ ३ ॥

અર્થ—પોતાનું જે આત્મતત્ત્વ તીરોભાવે રહેલ છે તેને પ્રગટ કરવાના અભિલાષી એવા મુનિ સિદ્ધાંતને સાક્ષી રાખે છે. અર્થાત્ આગમાનુયાયી પ્રવર્તન કરે છે, પણ સ્વચ્છંદે પ્રવર્તન કરતા નથી. તે આગમ એટલે સિદ્ધાંતના યથાર્થ બોધ વિના તત્ત્વની પ્રાપ્તિ હોતી નથી. તે આગમો આપ્ત પુરૂષો રચિત હોય છે એટલે ગણધર, ચૌદપૂર્વી તથા દશપૂર્વીના રચેલ હોય છે, તે આગમાનુસારે પૂર્વ મહાપુરૂષોએ જે પ્રકરણ (ગ્રંથો) રચ્યા છે તે પણ જો આગમની શૈલીને અનુસારેજ રચ્યા હોય તો તેવા પ્રકરણોનું અવલોકન કરે છે અને આગમના બોધથી સ્વપરનું જ્ઞાન (જાણપણું) થાય છે. તેઓ પરિગ્રહને તો આત્માનો બંધક સમજે છે તેથી સર્વ પરિગ્રહના સંગનો ત્યાગ કરે છે, અને ધ્યાનની અભિલાષા કરે છે. ॥૩॥

संवर पंचतणी ए भावना ।
निरूपाधिक अप्रमाद ॥
सर्व परिग्रह त्याग असंगता ।
तेहनो ए अपवाद ॥ सहज० ॥ ४ ॥

અર્થ—સંવર પંચ એટલે ૧ અહિંસા, ૨ સત્ય, ૩ અચૌર્ય, ૪ બ્રહ્મચર્ય, અને ૫ અપરિગ્રહ એ પાંચ સંવર છે. તેમાંથી છેલો જે અપરિગ્રહ પાંચમો સંવર, તેની એ ભાવના

છે, અને તે નિરૂપાધિક છે, તેથી પરવસ્તુ સર્વ જે આત્માને ઉપાધિ રૂપ છે, તે પરવસ્તુનો ત્યાગ કરી અપ્રમત્તપણે રહે છે. ઉત્સર્ગ માર્ગ સર્વથા પરિગ્રહ–પરવસ્તુરૂપ તેના સંગના ત્યાગરૂપ તેનો એ પાંચમી સમિતિ રૂપ અપવાદ માર્ગ છે. અર્થાત્ આ સમિતિમાં સંયમ નિર્વાહ અર્થે ચૌદ ઉપકરણ જે શાસ્ત્રમાં વર્ણવ્યા છે તે રાખવાની આજ્ઞા છે ॥૪॥

**श्याने मुनिवर उपधि संग्रहे ।**
**जे परभाव विरत्त ॥**
**देह अमोहीरे नवी लोही कदा ।**
**रत्नत्रयी संपत्त ॥ सहज० ॥ ५ ॥**

અર્થ—અહિંયાં કેટલાક કહે છે કે 'મુનિ શું કરવા ઉપાધ જે વસ્ત્રાદિક તેને સંગ્રહે ? કારણકે વસ્ત્રાદિક એ સર્વ પરભાવ રૂપ છે અને મુનિ પરભાવથી સદા વિરક્ત રહેનારા હોય છે. દેહ અમોહી એટલે દેહને વિષે પણ લેશ માત્ર મોહ ધરતા નથી. માત્ર જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ જે રત્નત્રયી તેનેજ સંપ્રાપ્ત કરે છે. માટે પોતાનો જે સ્વભાવ જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ રત્નત્રયી તેનેજ ગ્રહણ કરે, પણ વસ્ત્રાદિક તથા રજોહરણાદિક ન ધારે, નગ્નભાવેજ રહે અને કરપાત્રી હોય, માટે વસ્ત્રાદિક ધારે તે મુનિ નહી.' એમ જેઓ કહે છે તેને ઉત્તર જે 'જિનકલ્પીને પણ રજોહરણ તથા મુહપત્તિની જરૂરીઆત તો રહે છે. તમારૂં કહેવું જિનકલ્પી આશ્રી છે, પણ તેને માટે હાલનો કાળ અનુકૂળતાવાળો નથી અને જિનકલ્પ અંગી-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાર કરવાની નવ પૂર્વથી અધિક ભણેલ હોય તેનેજ આચાર્ય મહારાજ આજ્ઞા આપે છે. હાલના વખતમાં તો પૂર્વનું જ્ઞાન (જાણપણુ)જ નથી, માટે એવા ઉત્કૃષ્ટ વિહારે હાલ પ્રવર્તી શકાય તેમ નથી. હાલના કાળમાં સ્થવિર કલ્પજ છે અને તેને માટે વસ્ત્રાદિક ઉપકારક છે.' ॥ ૫॥

भाव अहिंसकता कारणभणी ।
द्रव्य अहिंसक साध ॥
रजोहरण मुखवस्त्रादिक धरे ।
धरवा योग समाधि ॥ सहज० ॥ ६ ॥

અર્થ—ભાવ અહિંસકતા એટલે આત્માના ગુણોની રક્ષા કરવાને અર્થે મુનિ દ્રવ્ય અહિંસક થાય. કારણ દ્રવ્ય અહિંસા તે ભાવ અહિંસાનું કારણ છે. પણ ભાવ અહિંસાના ઉપયોગ વિના જે દ્રવ્ય અહિંસા તે સફળ એટલે ફળદાયક થતી નથી. તથા ભાવઅહિંસાના કારણરૂપ જે દ્રવ્યઅહિંસા છે તેના વિના ભાવઅહિંસા પ્રાપ્ત થાય નહીં, માટે મહાનુભાવ એવા મુનિઓ અવશ્ય દ્રવ્ય અહિંસાનું પાલન કરે. તે દ્રવ્ય અહિંસા પાળવાનું સાધન રજોહરણ તથા મુખવસ્ત્રિકા (મુહપત્તિ) પ્રમુખ છે. કારણ કે રજોહરણવડે જીવજંતુ પ્રમાર્જીને કોઈપણ કાર્યમાં પ્રવર્તે. તથા મુહપત્તિ મુખની આડી રાખીને વચન બોલે. ઉઘાડે મુખે બોલતાં વાયુકાય ઉપરાંત સંપાતીમ ત્રસ જીવોની પણ વિરોધના થાય છે. એમ શ્રી ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે. તથા ભગવતીજી સૂત્રમાં પણ ઉઘાડે મુખે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બોલતાં સાવદ્ય ભાષા કહી છે. માટે જીવદયાના પાળક મુનિ અવશ્ય મુખે મુહપત્તિ રાખીને જ બોલે. રજોહરણ અને મુહપત્તિ સિવાય પૂર્ણપણે જીવદયા પાળી શકાય નહીં. માટે જીવદયા પાળવા અર્થે તેમજ યોગસમાધિ એટલે [1]મન [2]વચન [3]કાયાના યોગનું શુભ પ્રવર્તન તેને ધારણ કરવા સારૂ મુનિ રજોહરણ ને મુખવસ્ત્રિકાદિ ગ્રહણ કરે. તે સિવાય યોગ સમાધિ ન થાય. ॥ ૬ ॥

**शिव साधननुं रे मूळ ते ज्ञान छे ।**
**तेहनो हेतु सज्झाय ॥**
**ते आहारे ते वली पात्रथी ।**
**जयणाए ग्रहवाय ॥ सहज० ॥ ७ ॥**

**અર્થ**—શિવ એટલે મોક્ષના સાધનનું મૂળ તે જ્ઞાન છે. " **पढमं नाणं तओ दया** " ' પ્રથમ જ્ઞાન ને પછી દયા ' એમ શ્રી દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે. તથા શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ " **नाणेण य मुणि होइ** " એટલે જ્ઞાનવડેજ મુનિ હોય છે, પણ " **न मुणि रन्नवासेण** " રણ એટલે વનમાં વાસ કરવાથી મુનિ ન હોય. એમ કહ્યું છે. તથા સમ્યકત્વ તે જ્ઞાનનું સહચારી છે. જિહાં સમકિત ત્યાં જ્ઞાન ને જ્યાં જ્ઞાન ત્યાં સમકિત અવશ્ય હોય, સમ્યકત્વ વિનાના જ્ઞાનને અજ્ઞાન કહેલ છે. તે જ્ઞાનની પ્રાપ્તિ તે સ્વાધ્યાય શિવાય થાય નહીં. સ્વાધ્યાય સૂત્ર સિદ્ધાંતનું ભણવું, તથા સંદેહાદિકને ગુરૂમહારાજાને પૂછી નિરાકરણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવું, તથા પરાવર્તન કરવું, તથા અર્થનું ચિંતવન કરવું, તથા ધર્મોપદેશ દેવો–એ પાંચ પ્રકારના સઝાયવડે જ્ઞાન થાય છે. અને તે સઝાય ધ્યાન આહાર ગ્રહણ કરવાથી સુખે સુખે થઇ શકે છે. કારણ કે આહાર સિવાય ઇંદ્રીયો શિથિલ થઈ જાય છે, તેથી સઝાય પ્રમુખ સુખે સુખે થઈ શકે નહીં. હવે આહાર પણ પાત્રવડે જ યત્નાએ ગ્રહણ કરી શકાય છે. સ્વાધ્યાદિકના અભિલાષી મુનિ દૂધ, દધી, ધૃત પ્રમુખ રસ સહિત આહાર લેય. ત્યારે જો કરપાત્રી (જિનકલ્પી) ન હોય તો રસના બિંદુ ભૂમિ ઉપર પડે અને તેની ઉપર કીડી પ્રમુખ ત્રસ જીવો ચડે, તેની વિરાધના થાય. તેથી જો મુનિએ પાત્ર ધારણ કરેલ હોય તોજ તેની યત્ના કરી શકે. એ પાત્ર ધારણ કરવાની ઉપયોગિતા કહી. શ્રી તીર્થંકર મહારાજાઓ કરપાત્રી હોય. તેઓ તો સર્વ લબ્ધિસંપન્ન હોવાને લીધે ગમે તેટલો આહાર કે રસ તેમના કર (ખોબા) માં સમાઇ જાય. ઉંચી શિખા વધે, પણ એક બિંદુ માત્ર નીચે પડે નહીં. તે ઉપર પ્રથમ યુગાદિદેવ શ્રી આદિનાથને પ્રથમ પારણું શ્રેયાંસકુમારે ઇક્ષુ રસથી વૈશાખ શુકલ ત્રીજે કરાવ્યું તેનું ઉદાહરણ જાણવું. તથા જિનકલ્પી મુનિ પણ કરપાત્ર લબ્ધિવાળા હોય તે કરપાત્રી થાય અને લબ્ધિના પ્રભાવથી તેમના કર પાત્રનું કામ કરે. પણ હાલમાં એટલે વર્તમાન કાળમાં જિનકલ્પીપણું નથી, સ્થવિરકલ્પીપણું જ છે, તો સ્થવિરકલ્પી મુનિએ અવશ્ય પાત્ર ગ્રહણ કરવા જોઈએ ॥ ૭ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**बाल तरुण नर नारी जंतुने ।**
**नग्न दुगंछारे हेतु ॥**
**तेणे चोलपट रे ग्रही मुनि उपादिशे ।**
**शुद्ध धर्म संकेत ॥ सहज० ॥ ८ ॥**

**અર્થ**—બાળક તથા તરૂણ એટલે યુવાન નર નારી એટલે પુરૂષ સ્ત્રીને નગ્ન અવસ્થા તે દુગંચ્છા ઉત્પન્ન કરાવે છે. અર્થાત્ સ્ત્રીઓને લજ્જા ઉત્પન્ન થાય છે તથા પુરૂષોને જુગુપ્સા થાય છે–તેનો હેતુ નગ્નપણું છે, માટે લજ્જા અને જુગુપ્સા ટાળવા સારૂ તથા ભવ્ય જનોના કલ્યાણાર્થે તેઓને બોધ દેવા સારૂ ચોલપટ ધારણ કરીને ઉપદેશ આપે. કારણ કે જૈનધર્મ શુદ્ધ તેમજ અનિંદનિક છે, અને નગ્નાવસ્થા દેખી પરતીર્થિક પણ ઉપહાસ કરે કે 'આ ધર્મ તે કેવો છે કે જેમાં લજ્જા પણ નથી.' તેથી શુદ્ધ એવા ધર્મની હેલના થાય અને તે ધર્મની હેલના કરાવનાર મુનિ થાય. માટેજ મુનિ ચોલપટ ધારણ કરે. એ ચોલપટો ધારણ કરવાનો હેતુ સમજાવ્યો. ॥ ૮ ॥

**दंस मसक सीतादिक परिसहे ।**
**न रहे ध्यान समाधि ॥**
**कल्पकादिक निर्मोहीपणे ।**
**धारे मुनि निराबाध ॥ सहज० ॥ ६ ॥**

**અર્થ**—દંસ મસક (મચ્છર) પ્રમુખ તથા સીત (ટાઢ) પ્રમુખના પરિસહ ઉત્પન્ન થાય ત્યારે જો વસ્ત્ર ન હોય તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધ્યાનની સમાધિ ન રહે અને તેથી દુર્ધ્યાન–આર્ત્તધ્યાનાદિક ઉપજે. તેને નિવારવા માટે કલ્પક એટલે ઓઢવાનું વસ્ત્ર મુનિ ધારણ કરે. તે પણ મોહ રહિત થકા, નિરાબાધપણેજ ગ્રહણ કરે. કારણ કે આત્માને બાધા કરનાર આત્માની જ અશુદ્ધ પરિણતિ છે; બાહ્ય એટલે પર તો માત્ર નિમિત્તજ છે. અને પુદ્ગલ તો જડ છે, તે આત્માને બાધા ઉપજાવે તેવી તેની શકિત નથી. પરંતુ આત્માજ જ્યારે પરભાવમાં પ્રવર્ત્યો થકો વિપરીત વર્તન કરે છે, ત્યારે પોતેજ પોતાની મેળે બંધાય છે. "**अप्पा कत्ता विकत्ता य,** એ રીતે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે. માટે જો આત્માની પરિણતિ મોહદશા રહિત હોય તો બાહ્ય વસ્તુઓ કાંઈ પણ આત્માને બાધક કરનાર થતી નથી. વસ્ત્રાદિક જે પરિગ્રહ છે તે દ્રવ્ય પરિગ્રહ છે. બાકી નિશ્ચયથી તો "**मुच्छा परिग्गहो वुत्तो,** એટલે મૂર્ચ્છાજ પરિગ્રહ રૂપ કહેલ છે. તે મૂર્ચ્છા રહિત મુનીશ્વરો હોય છે. તેને જે ઉપધિ છે તે ફક્ત ધર્મ સાધનના નિમિત્તે જ હોય છે. ઉત્તમ મુનીશ્વરો નિર્મોહીજ હોય છે એટલે મૂર્ચ્છા રહિતજ હોય છે. ॥ ૯ ॥

**लेप अलेप नदीना ज्ञाननो ।**
**कारण दंड ग्रहंत ॥**
**दश वैकालिक भगवइ साखथी ।**
**तनु स्थिरताने रे संत ॥ सहज० ॥ १० ॥**

**અર્થ**—ઉત્તમ એવા સંત મુનિ જે દાંડો ગ્રહણ કરે છે તે લેપ અલેપ, નદીના પાણીના જ્ઞાન માટે ગ્રહણ કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કારણ કે શ્રી દશાશ્રુતસ્કંધસૂત્રમાં મુનિને નદી ઉતરવાની આજ્ઞા આપી છે, તેથી મુનિ નદી ઉતરે ત્યારે નદીમાં કેટલું પાણી છે તેનું પ્રમાણ દાંડાથી કરે. તે દાંડો રાખવાની આજ્ઞા શ્રી ભગવતીજી તથા દશવૈકાલિક સૂત્રમાં આપેલી છે. તે સૂત્રોની સાખથી દેહની સ્થિરતા માટે દાંડો ગ્રહણ કરે. એ દાંડાની ઉપયોગિતા દેખાડી. એવી રીતે રજોહરણથી માંડીને દાંડા સુધી સર્વ ઉપકરણો રાખવાના કહ્યા છે અને તે સહેતુક છે. તે શિવાય સંયમનો નિર્વાહ થઇ શકે નહીં. તેને ન સમજતા એવા કેટલાકનું માનવું એવું છે કે 'મુનિને તો નગ્ન અવસ્થા યોગ્ય છે.' તેઓને સમજાવવા માટેજ આ બધું યુક્તિપૂર્વક અહિં કહ્યું છે. તે મધ્યસ્થ બુદ્ધિથી વિચારતાં સમજાશે. કારણ કે વર્તમાન સમયે દુઃષમ કાળમાં તથાવિધ સંઘયણાદિકના અભાવથી નગ્નાવસ્થા ઉચિત નથી. ઉપકરણાદિક શાસ્ત્રવિધિયુક્ત પરિમિતપણે રાખવાની જરૂર છે. ૧૦.

**लघु त्रस जीव सचित्त रजादिक ।**
**वारण दुःख संघट्ट ॥**
**देखी पुंजीरे मुनिवर वावरे ।**
**ए पूरव मुनि वट्ट ॥ सहज० ॥ ११ ॥**

અર્થ—લઘુ એટલે ઝીણા એવા કુંથુઆ પ્રમુખ ત્રસ જીવ તથા સચિત્ત રજાદિકનો સંઘટ્ટ ટાળવા માટે મુનીશ્વરો પ્રથમ દૃષ્ટિથી જોઈ, રજોહરણ પ્રમુખથી પુંજી પ્રમાર્જી અને પછીજ વાવરે એટલે લે, મૂકે. એ પૂર્વ એટલે પ્રથમથીજ મુનીશ્વરોનો આચાર છે એટલે રીત છે. ॥ ૧૧ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

पुद्गल खंधरे ग्रहण निखेवणा ।
द्रव्य जयणारे तास ॥
भावे आतम परिणति नवनवी ।
ग्रहतां समिति प्रकाश ॥ सहज० ॥ १२ ॥

અર્થ—પુદ્ગલ ખંધની જે યત્નાથી લેવા મૂકવાની ક્રિયા તે દ્રવ્યથી અને આત્મ પરિણતિની નવનવી પ્રકાશના થવી તે ભાવથી સમિતિ કહીએ. જેમ જેમ પર પરિણતિની ઉપાધિ ઓછી થાય તેમ તેમ આત્મ પરિણતિ નિર્મળ થતી જાય. ॥૧૨॥

बाधक भाव अद्वेषपणे तजे ।
साधक ले गतराग ॥
पूर्व गुण रक्षक पोषकपणे ।
नीपजते शिवभाग ॥ सहज० ॥ १३ ॥

અર્થ—બાધક ભાવરૂપ જે ઉપધિ તેનો દ્વેષ રહિતપણે ત્યાગ કરે અને સંયમના સાધનરૂપ જે ઉપકરણ તેને રાગ રહિતપણે ગ્રહણ કરે. તથા પૂર્વ ગુણ જે સમ્યકત્વ વ્રતાદિક પ્રગટ થયેલ હોય તેની રક્ષા કરે તથા પુષ્ટિ કરે. તે સર્વ જ્યાંસુધી શિવમાર્ગ પ્રાપ્ત ન થાય ત્યાંસુધીજ સાધન છે, શિવ એટલે મોક્ષરૂપ કાર્ય સિદ્ધ થયા પછી કારણની જરૂર રહેતી નથી. ॥૧૩॥

संयमश्रेणिरे संचरता मुनि ।
हरता कर्मकलंक ॥

**धरता समरतांरे रस एकत्वता ।**
**तत्व रमण निःशंक ॥ सहज० ॥ १४ ॥**

અર્થ—સંયમ શ્રેણિ એટલે ચારિત્ર ગુણની જે શ્રેણિ તેમાં ચડતાં થકાં કર્મ રૂપ જે કલંક તેનો મુનિ નાશ એટલે ક્ષય કરે છે. જેમ સુવર્ણ માટીના સંગથી કલંકિત હોય છે, પણ માટીનો ક્ષય થતાં એટલે માટી જુદી કાઢતાં સુવર્ણ નિર્મળ થાય છે, તેમ આત્મા પણ કર્મરૂપ માટીના સંગ થકી કલંકિત થયેલ છે, પણ સંયમશ્રેણિએ આરોહતાં (ચડતાં) થકા મુનિ કષાય રૂપ માટીનો નાશ કરે છે, તેથી જેમ જેમ આત્માના અધ્યવસાય નિર્મળ થાય છે તેમ તેમ આત્મ-ગુણની નિર્મળતા થાય છે. જેટલા જેટલા કષાયના અંશનું ઉપશમ એટલે ઓછાપણું થાય તેટલો તેટલો ચારિત્રગુણ પ્રગટે. કષાયના અધ્યવસાય સ્થાનક તથા સંયમના અધ્ય-વસાય સ્થાનક સરખા છે. એનું વિશેષ સ્વરૂપ સંયમશ્રેણિના સ્તવનમાં તથા કમ્મપયડી પ્રમુખ ગ્રંથોમાં છે. તથા મુનિ એકત્વતારૂપ રસને હમેશાં ધારણ કરે છે તથા તેનું સ્મરણ કરે છે. 'એકજ મારો આત્મા શાશ્વત છે, જ્ઞાન દર્શન સંયુક્ત છે, શેષ ઇત્તર બાહ્ય ભાવ સર્વ જે છે તે સંયોગ લક્ષણવાળા અને વિનશ્વર છે, એટલે વિનાશયુક્ત છે.' એવી રીતે ચિંતવતા થકા જે તત્ત્વને વિષે નિઃશંકપણે રમણ કરે. ॥ ૧૪ ॥

**जगउपगारी रे तारक भव्यना ।**
**लायक पूर्णानंद ॥**

**देवचंद्र एहवा मुनिराजना ।**
**वंदे पयअरविंद ॥ सहज० ॥ १५ ॥**

અર્થ—એવા મુનિ જગતને વિષે ભવ્ય જનોને ઉપકાર કરી રહેલા છે. કારણકે અભવ્ય આત્માના સ્વભાવનું તો પલટણપણુ નથી. તે જીવદ્રવ્ય મુક્તિને યોગ્ય નથી, માટેજ ભવ્ય આત્માને સંસારસાગરથી તારે છે. તથા પૂર્ણાનંદ જે અકર્માવસ્થા અને જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ અભેદ રત્નત્રયીનો જે આનંદ તેને લાયક એવા જે મુનિરાજ તેના ચરણ કમળને વાંદો એમ શ્રી દેવચંદ્રજી કહે છે અર્થાત્ દેવચંદ્રજી એવા મુનિરાજના ચરણ કમળને વાંદે છે. ॥ ૧૫ ॥

---

ઢાળ ૫ મી. ( પારીઠાવણિયા સમિતિ ).
( કડલાં ઘડ દે રે—એ દેશી. )

**पंचमी समिति कही अति सुंदरु रे ।**
**पारिठावणिआ नाम ॥**
**परम अहिंसक धर्म वधारणीरे ।**
**मृदु करुणा परिणाम ॥ १ ॥**
**मुनिवर सेवजोरे ।**
**समिति सदा सुखदाय ॥**
**स्थिरभावे ए संयम सोहिएरे ।**
**निर्मल संवर थाय ॥ मु० से० ॥ २ ॥**

અર્થ—હવે પાંચમી સમિતિ ઉચ્ચાર પાસવણ ખેલ જલ્લ સંઘાણ પારિઠાવણિઆ નામની સમિતિ વરણવે છે. આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરિઠાવણિઆ સમિતિ તે પરમ અહિંસક ધર્મને વધારવા વાળી છે, માટે હે મુનિવર! મૃદુ કરૂણા એટલે કોમળ દયાના પરિણામ ધારણ કરી સદા આ સમિતિને સેવજો. એ સમિતિ સદા સર્વદા એટલે હમેશાં સુખને દેવાવાળી છે. સ્થિર ભાવ એટલે અચપલ ભાવ થકી સંયમની શોભા છે, અને ચપલ ભાવ તે સંયમની વિરાધના કરનાર છે, માટે સ્થિર ભાવ ધારણ કરવો કે જે થકી નિર્મળ સંવરની ઉત્પત્તિ થાય. ૧–૨.

देहनेहथी चंचलता वधेरे ।
विकसे दुष्ट कषाय ॥
तेणे तनुराग तजी ध्याने रमेरे ।
ज्ञान चरण सुपसाय ॥ मु० ॥ ३ ॥

અર્થ—દેહ એટલે શરીરની ઉપર રાગ ધરવાથી ચંચળતા એટલે ચપળતા રૂપ વિકલ્પ વધે અને દુષ્ટ કષાય એટલે કષ તે સંસાર તેનો આય એટલે લાભ અર્થાત્ સંસારને વધારનાર તે કષાય તેની વૃદ્ધિ થાય. માટે દેહ ઉપરનો રાગ એટલે મમત્વ તજીને મુનિ ધ્યાનમાં રમણ કરે. તે ધ્યાન, જ્ઞાન અને ચારિત્રના પ્રસાદથી પ્રાપ્ત થાય, કારણ કે જ્ઞાનની જે પ્રવૃત્તિ તે ક્રિયા અને ક્રિયા તેજ ચારિત્ર. તે જ્ઞાનક્રિયાવાન્ મુનિ જ્ઞાનની એકાગ્રતા એટલે અંતર્મુહૂર્ત ચિત્તની સ્થિરતા (એક અવસ્થા) તે ધ્યાન તેમાં વિલાસ કરે, વળી બીજી ક્રિયા તપ જપ વિગેરેથી જે કર્મનો ક્ષય ન થાય તે કર્મનો આત્મ-ધ્યાન વડે મુનિ ક્ષણવારમાં ક્ષય કરે. ॥૩॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**જિહાં શરીર તિહાં મલ ઉપજે રે ।**
**તેહતણો પરિહાર ॥**
**કરે જંતુ ચર સ્થિર અણહુહવ્યા રે ।**
**સકલ દુગંચ્છા વાર ॥ મુ૦ ॥ ૪ ॥**

**અર્થ**—જ્યાં શરીર છે ત્યાં તે શરીરના સંગે અવશ્ય મળ ઉપજે, તો તે મળનો પરિહાર કરે એટલે ત્યાગ કરે. પણ તે જંતુ એટલે જીવ, ચર તે હાલે ચાલે તેવા બેઇંદ્રિયથી પંચેંદ્રિય સુધીના ત્રસકાયના તથા સ્થિર તે સ્થાવર હલન ચલન પ્રમુખ ક્રિયા રહિત ૧ પૃથ્વીકાય ૨ અપ્કાય ૩ તેઉકાય ૪ વાઉકાય તથા વનસ્પતિપકાય એ પાંચે સ્થાવર જીવોની વિરાધના કર્યા વગર તથા દુગંચ્છા (જુગુપ્સા) ન કરતાં પરઠવે એટલે જે શરીરનો મળ છે તેને એવી રીતે પરઠવે. ॥૪॥

**સંયમ બાધક આત્મવિરાધના રે ।**
**આણા ઘાતક જાણ ॥**
**ઉપધિ અસન શિષ્યાદિક પરઠવે રે ।**
**આયતિ લાભ પીછાણ ॥ મુ૦ ॥ ૫ ॥**

**અર્થ**—સંયમ એટલે ચારિત્રને બાધક રૂપ તથા આત્મ-વિરાધના તે જે થકી આત્મહત્યા (મરણ) થાય અથવા આત્મગુણ જે બોધિલાભ એટલે સમ્યકત્વ તેનો નાશ થાય તથા જે થકી આજ્ઞા એટલે જિનાજ્ઞાનો ઘાત થાય, તેના કારણ રૂપ ઉપધિ, આહાર અને શિષ્યાદિક તેનો ત્યાગ કરે–અર્થાત્ જે ઉપધિ રાખવાથી સંયમગુણની હાનિ થતી હોય તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપધિ તથા આહારાદિક એટલે સદૂષણ આધાકર્માદિક તથા વિષ ભોજન પ્રમુખ જે થકી આત્મઘાત થાય તેવો આહાર તેને પરઠવે. તથા શિષ્ય તે નિન્હવ પાસથ્થા પ્રમુખ થઇ જાય તો તેનો ત્યાગ કરે. કારણ કે જો તેનો ત્યાગ કરે તોજ આત્માના ગુણોનું રક્ષણ થાય અને જો ત્યાગ ન કરે તો આત્માને હાનિ થાય. તે માટે આયતિ એટલે આવતો લાભ પીછાણી–સમજીને તત્કાળ તેનો ત્યાગ કરે, તેમાં જરાપણ વિલંબ કરે નહીં. ॥ ૫ ॥

> **वधे आहारे तपीया परठवे रे ।**
> **निजकोठे अप्रमाद ॥**
> **देह अरागी भात अव्यापता रे ।**
> **धीरनो ए अपवाद ॥ मु० ॥ ६ ॥**

અર્થ—તપીયા એટલે તપસ્વી મુનિને ઉપવાસાદિકનું પચ્ચખ્ખાણ છે, પણ અન્ય મુનિ આહાર ગ્રહણ કરી લાવ્યા છે, તે આહાર જો પરઠવતાં થકાં જીવોની વિરાધના થતી હોય તો તે સમજીને ગુરૂમહારાજ જો તપસ્વી મુનિને આદેશ આપે કે 'હે દેવાનુપ્રિય ! તમે એ આહારનું ભક્ષણ કરો.' તે વખતે જો કે તે મુનિને ઉપવાસાદિકનું પચ્ચખ્ખાણ છે, તોપણ ગુરૂમહારાજની આજ્ઞાને લઈ તે આહારને પોતાના કોઠામાં પરઠવે અર્થાત આરોગે, પણ દેહને વિષે નિરાગી તથા ભાત જે આહાર તેમાં અવ્યાપ્ત એટલે તેમાં લોલુપતા ધરાવે નહીં. એ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધીર એટલે સત્ત્વ (ધૈર્ય) વાન મુનિ માટે અપવાદ માર્ગ છે. પારિઠાવણિઆગારેણં એહવો પચ્ચખ્ખાણ ઉચ્ચારતાં પાઠ છે. તથા સાપેક્ષ, સ્યાદ્વાદ, ઉત્સર્ગ અપવાદ સહિત જે જિનાજ્ઞા તેનું પાલન તેજ ધર્મ છે. "**आणाए धम्मो, आणाए संजमो**" એમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેલું છે. ॥ ૬ ॥

**संलोकादिक दूषण परिहरी रे ।**
**वर्जी राग ने द्वेष ॥**
**आगम रीते परठवणा करे रे ।**
**लाघव हेतु विशेष ॥ मु० ॥ ७ ॥**

**અર્થ**—હવે પરઠવણા કરતાં સંલોકાદિક ૧૦૨૪ પરઠવણાના ભાંગા શ્રી પ્રવચન સારોદ્ધાર ગ્રંથમાં કહેલ છે, તેમાં ૧૦૨૩ ભાંગા અશુદ્ધ છે અને એક ભાંગો શુદ્ધ છે. તો તે અશુદ્ધ ભાંગા રૂપ સંલોક૦ આપાતપ્રમુખ જે દોષ તેને તજીને અને રાગદ્વેષને વર્જીને આગમોક્ત રીતિએ પરઠવણા કરે. તેમાં લાઘવ એટલે પોતાની લઘુતા ધારણ કરે. કારણ કે એમાં લઘુતારૂપ કારણ વિશેષ છે. અહંકારીથી પરઠવણા થાય નહીં, રખેને મારી લોકો હાંસી કરશે અથવા આવું હલકું કામ હું કેમ કરૂં છું? એવી રીતે કહેશે—આવો ગર્વ ન ધારે પણ લઘુતા ધારણ કરી પરઠવણા કરે. ॥ ૭ ॥

**कल्पातित अहालंदी जमी रे ।**
**जिनकल्पादि मुनीश ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**तेने परठवणा एक मळतणी रे,**
**तेह अल्पवती दीस ॥ मु० ॥ ८ ॥**

અર્થ—કલ્પાતિત એટલે જિનેશ્વર પ્રમુખ તથા અહાલંદી એટલે યથાલંદી એવા ક્ષમી એટલે ક્ષમાવાન મુનિ તથા જિનકલ્પી મુનિ–આદિશબ્દથી પરિહારવિશુદ્ધિ તપના કરનારા સાધુ તથા પડિમાધારી, અભિગ્રહધારી વિગેરે મહામુનિરાજોને તો ફક્ત શરીર સંબંધી મળનીજ પરઠવણા હોય, બીજી જે આહાર વિગેરે સંબંધી પરઠવણા હોયજ નહીં. તેપણ કેવળ દિવસનીજ હોય અને સ્વલ્પ એટલે અલ્પ હોય. એ યથાલંદી તથા પરિહારવિશુદ્ધિ તપ કરનાર મુનિ તથા પડિમાધારી મુનિ સંબંધી વર્ણન શ્રી પ્રવચન સારોદ્ધાર પ્રમુખ ગ્રંથોમાં છે, ત્યાંથી ધારી લેવું. ॥ ૮ ॥

**रात्रे परिश्रवणादिक परठवे रे,**
**विधिकृत मंडल ठाम ॥**
**स्थविरकल्पनो विधि अपवादछे रे ।**
**ग्लानादिकने काम ॥ मुनी० ॥ ६ ॥**

અર્થ—રાત્રિને વિષે સ્થવિર કલ્પી મુનિ વિધિ સંયુક્ત દિવસે કરેલા માંડલામાંજ પરિશ્રવણ એટલે મુત્રાદિક પરિઠવે. એ સ્થવિર કલ્પી મુનિનો અપવાદ માર્ગ છે. ગ્લાનાદિક એટલે રોગી તથા આદિ શબ્દથી બાલ વૃદ્ધ મુનિને માટે એ માર્ગ છે. ॥ ૯ ॥



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

एह द्रव्यथी भावे परठवे रे,
बाधक जे परिणाम ।
द्वेष निवारी मादकता विना रे,
सर्व विभाव विराम ॥ मु० ॥ १० ॥

અર્થ—એ દ્રવ્યથી પરઠવે, હવે ભાવથી આત્મગુણને બાધક એવા જે પરિણામ તેને પરઠવે એટલે તેનું નિવારણ કરે. તથા દ્વેષને વારે એટલે દ્વેષ કરે નહીં, તથા માદકતા એટલે મદ (અહંકાર) રહિતપણે સર્વ પરભાવથી વિરમે. ॥ ૧૦ ॥

आत्मपरिणति तत्त्वमयी करे रे,
परिहरता परभाव ।
द्रव्य समिति परभाव भणी धरे रे,
मुनिनो एह स्वभाव ॥ मुनी० ॥ ११ ॥

અર્થ—આત્માની પરિણતિ તે તત્વમયી કરે અને પરભાવનો ત્યાગ કરે. અર્થાત્ આત્મા જે પરભાવનો ગ્રાહક થઇ રહ્યો હતો તેને નિવારી આત્મગુણોનો ગ્રાહી થાય. તથા પરભાવને પોતાના માનતો હતો અને તેનું સ્વામીત્વ ધરાવતો હતો તેને છાંડી પોતાનાજ ગુણોનો સ્વામી થાય. સ્વગુણોનો ભોગી થાય. પરપુદ્ગલના ભોગને ટાળે એટલે છાંડે અને સ્વ-સ્વભાવમાંજ વ્યાપક અથવા લીન થાય. તથા કારણ પણ સ્વગુણ નિર્મળ કરવાનાજ ગ્રહણ કરે પણ વિષયકષાયાદિક જે આત્માને બાધકારક છે તેનો ત્યાગ કરે. તથા કાર્ય પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આત્મસ્વભાવની શુદ્ધતા રૂપ કરે પણ પરપુદ્ગલિક કાર્ય કરે નહીં. ઇત્યાદિક રીતે આત્માની સર્વ પરિણતિ તત્ત્વમયી કરે. દ્રવ્યથી સમિતિ પરભાવમાં ધારણ કરે એ મુનિનો સ્વભાવ છે. ॥૧૧॥

पंच समिते समिता परिणामथी रे,
क्षमाकोष गतरोष ।
भावन पावन संयम साधता रे,
करता गुणगण पोष ॥ मुनी० ॥ १२ ॥

અર્થ—પાંચ સમિતિના પરિણામ થકી સમિતા તથા ક્ષમાના ભંડાર અને ગતરોષ એટલે ક્રોધ રહિત અને ભાવન પાવન એટલે પવિત્ર ભાવના વડે સંયમની સાધના કરતા આત્માના ગુણોનું પોષણ કરે. ॥૧૨॥

साध्यरसी निजतत्त्वे तन्मयी रे,
उत्सर्गी निर्माय ।
योग क्रिया फल भाव अवंचता रे,
शुचि अनुभव सुखदाय ॥ मुनी० ॥ १३ ॥

અર્થ—સાધ્યના રસીક એટલે આત્માને પરમાત્મા બનાવવા રૂપ જે સાધ્ય તેના રસીયા અને આત્મતત્ત્વને વિષે તલ્લીન. ઉત્સર્ગી એટલે ઉત્સર્ગ માર્ગે ચાલનારા અને નિર્માયી એટલે વંચના રહિત અર્થાત્ જ્યારે આત્મા પરભાવમાં પ્રવર્તે છે, ત્યારે નિશ્ચયથી આત્મા પોતાના આત્માને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાધક હોવાથી ઠગે છે અને જ્યારે પોતાના તત્ત્વમાં તલ્લીન થાય છે ત્યારે નિશ્ચયથી અવંચકપણું પ્રાપ્ત થાય છે. તેમાં યોગ અવંચકપણું થાય એટલે મન, વચન, કાયાના જે યોગ તે શુભ પ્રવર્તે તેથી આત્મકાર્ય કરે, તથા ક્રિયા પણ અવંચક થાય તથા તેનું ફળ પણ અવંચક થાય અને ભાવ પણ અવંચક થાય. એમ આત્મા અવંચક થાય ત્યારે તે શુચિ અનુભવ એટલે પવિત્ર અર્થાત્ કોઇપણ જાતની ઉપાધિથી રહિત એવા જે અતીંદ્રિય અનુભવજન્ય સુખ તેને દેવાવાળો—મેળવવાવાળો થાય. ॥ ૧૩ ॥

आया जीते जीय नाणी दमी रे,
निश्चय निग्रह युत ।
देवचंद्र एहवा निर्ग्रंथ जे रे,
ते मारा गुरुतत्त्व ॥ मुनी० ॥ १४ ॥

અર્થ—આયા એટલે આત્મા તેને જીતે એટલે વશ કરે તેને જીય એટલે જીતનાર કહિએ, સંગ્રામમાં શૂર પુરૂષો ઘણા હોય છે પરંતુ પોતાના આત્માને જે જીતે તેજ ખરા શૂરવીર કહેવાય. " एग जीये जीया पंच " એમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેલું છે, એક આત્માને જીતવાથી પાંચે ઇંદ્રિયોને જીતી, તે આત્મા અશુદ્ધ આત્મપરિણતિ રૂપ જે યોગાત્મા તથા કષાયાત્મા તેને ઉપયોગ આત્માવડે જીતે. શ્રી ભગવતી સૂત્રમાં આઠ પ્રકારે આત્મા કહ્યા છે. ૧ જ્ઞાનાત્મા, ૨ દર્શનાત્મા, ૩ ચારિત્રાત્મા, ૪ વીર્યાત્મા, ૫ દ્રવ્યાત્મા, ૬ ઉપ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યોગાત્મા, ૭ યોગાત્મા, અને ૮ કષાયાત્મા, એમ આત્મા આત્મસ્વરૂપ સમજે ત્યારે આત્મપરિણતિવડે આત્માને જીતે. કારણ આત્મા પોતે પોતાની રાગદ્વેષની પરિણતિ-વડેજ બંધાય છે. આત્મા કષાયજન્ય અધ્યવસાયથી કર્મ-પરમાણુઓને ગ્રહણ કરે છે. તે પરમાણુઓ આત્માએ ગ્રહણ કર્યાથી આગળ જે કર્મ નિરસપણે હોય તે પણ જ્યારે આત્મા ગ્રહણ કરે છે ત્યારે જેવો જેવો આત્માને કષાયનો રસ હોય તેવા તેવા આત્માને ઘાતક રસવાળા તે પુદ્ગલ પરમાણુ બને છે અને તે આત્માના ગુણોને આ-વરણ (લેપ) કરે છે–રોકે છે, તે કર્મમાં શક્તિ પણ આત્માના સંયોગથીજ ઉત્પન્ન થાય છે. એમ શ્રી કમ્મ પયડી ગ્રંથમાં કહેલું છે. એવી રીતે સ્વપરનું સ્વરૂપ સમજનાર આત્મા આત્માને જીતી શકે છે, તે આત્માને જીતનારજ ખરા જ્ઞાની છે, અને દમી એટલે ઇંદ્રિઓના દમનાર અને નિશ્ચય નયથી નિગ્રહ યુક્ત, વ્યવહારથી તો ઘણા ઇંદ્રિયોના વિષયથી પરાઙ્મુખ હોય છે, એટલે ઇંદ્રિયોને દમે છે, પણ નિશ્ચયથી વિષયમાં રાગ દ્વેષનો અભાવ તેજ ખરો નિગ્રહ છે, અને જો રાગ દ્વેષ છે, તો પછી ઇંદ્રિયજયથી પણ શું લાભ છે? કાંઇ લાભ નથી. એવા નિશ્ચય નિગ્રહાદિક ગુણથી સંયુક્ત જે નિર્ગ્રંથી મુનિ છે તેઓને દેવચંદ્રજી મહારાજ કહે છે કે મેં ગુરૂતત્ત્વપણે અંગીકાર કરેલા છે અથવા સદહ્યા છે. દ્રવ્યથી મસ્તકના કેસનો લોચ કરે તેને દ્રવ્યલોચવાન તથા નિશ્ચયથી

P. P. Ac. Gunratansuriji M.S.　　　　Jin Gun Aaradhak Trust

પાંચ ઇંદ્રિયો તથા કષાયનો જય કરે તેને ભાવલોચવાન કહીએ. અને તેવા જે સાધુ એટલે ભાવલોચવાન જે મુનિ તે ગુરૂતત્ત્વમાં છે, અર્થાત્ ઉભય એટલે દ્રવ્ય ભાવ ઉભય લોચ સહિત મુનિ ગુરૂતત્ત્વમાં છે, પણ કેવળ એકલા દ્રવ્યલોચવાન પણ ભાવલોચથી રહિત તેને ગુરૂતત્ત્વમાં ગણવા નહીં. મારા ગુરૂ બંને પ્રકારના લોચવાળા છે. ||૧૪|| ઇતિ સંપૂર્ણ.

ઇતિ સમિતિ સ્વરૂપ સંપૂર્ણ.

## અથ ગુપ્તિ સ્વરૂપ.

### ઢાલ ૧ લી. ( મનોગુપ્તિ ).

( પુણ્ય પ્રશંસિએ—એ દેશી. )

दुष्ट तुरंगम चित्तने कह्यो रे,
मोह नृपति प्रधान ।
आर्त रौद्रनुं क्षेत्र ए रे,
रोकतुं ज्ञाननिधानो रे. मुनि! मन वश करो ॥१॥
मन ए आश्रव गेहो रे,
मन ए तारशे ।
मन स्थिर यतिवर तेहो रे,
मुनि मनवश करो ॥ ए आंकणी० ॥ २ ॥

અર્થ—ચિત્ત એટલે મન તે કેવું છે ? તો કે દુષ્ટ એટલે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચપલ ઘોડા જેવું છે. જેમ ચપલ ઘોડો સ્વારને મહા વિષમ સ્થાનમાં લઇ જાય તેમ મન પણ મહા ભયંકર કર્મો બંધાવી જીવોને માઠી ગતિ રૂપ વિષમ સ્થાનમાં લઇ જાય છે. તથા મોહ નૃપતિ એટલે મોહરૂપ જે રાજા તેનું એ મન પ્રધાન છે. જેમ પ્રધાન છે તે રાજાનું સર્વ કાર્ય કરવામાં અગ્ર એટલે મુખ્ય ભાગ ભજવનાર હોય છે, તેમ દુષ્ટ મન એટલે અશુદ્ધ વિચાર તે જીવને મોહરાજાને વશવર્તી બનાવે છે. આર્ત્તધ્યાન ૧ ઇષ્ટવિયોગ, ૨ અનિષ્ટસંયોગ, ૩ રોગાર્ત તથા ૪ અગ્રશોચ– એ ચાર પ્રકારે છે. તથા રૌદ્ર ધ્યાન ૧ હિંસાનુબંધી, ૨ મૃષા-નુબંધી, ૩ ચૌર્યાનુબંધી અને ૪ સંરક્ષણાનુબંધી–એમ ચાર ભેદે છે. આર્ત્તધ્યાન તિર્યંચગતિને તથા રૌદ્રધ્યાન નરક ગતિને આપનાર છે. એ બે ધ્યાન તે માઠા ધ્યાન છે. તેનું ક્ષેત્ર તે એ મન છે. કારણ કે ધ્યાન તે અંતર્મુહૂર્ત રહેનારી વિચારની શ્રેણિ–તે મનની એકાગ્રતા–એટલે મનોવર્ગણારૂપ પુદ્ગલ ગ્રહણ કરી જે જીવ મનપણે પરિણમાવી તેની સહાયથી વિચાર કરે તેને મનોયોગ કહીએ. ભાવમન તે જીવના પરિ-ણામ અને દ્રવ્યમન તે મનોવર્ગણાના પુદ્ગલ જાણવા. પણ દ્રવ્યમનની સહાયતા સિવાય જીવ વિચાર કરી શકે નહીં. ભાવમન એકેંદ્રિયને પણ અધ્યવસાય રૂપ શ્રી આચારાંગ સૂત્રમાં કહેલ છે. તથા દશ સંજ્ઞા સર્વ જીવને હોય છે, પણ દ્રવ્યમનરૂપ વિશેષ સંજ્ઞા દીર્ઘકાલિકી રહિત હોવાથી ગર્ભજ પંચેંદ્રિય સિવાયના બીજા જીવોને અસંજ્ઞી કહેલા છે. જેમ

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્ષેત્રમાં ધાન્યાદિકની ઉત્પત્તિ થાય છે, તેમ મનમાં એ બે અશુભ ધ્યાન ઉત્પન્ન થાય છે. માટે હે મુનીશ્વર ! એ અશુભ મનને જ્ઞાનરૂપ અંકુશવડે રોકી રાખો. કારણ કે જ્ઞાન વિના મન વશ થતું નથી. હે જ્ઞાનના નિધાન મુનિ ! મન વશ કરો, મન વશ થવાથી તેજ મન આત્માને તારનાર થાય છે, જેમ ચપલ ઘોડો પણ સ્વારને વશ હોય તો તે સ્વારને ઇચ્છિત સ્થાને જવામાં મદદગાર થાય છે, તેમ મન સ્થિર થવાથી આત્માને શુભ ધ્યાન કરવામાં મદદગાર થઇ આત્માને તારનાર થાય છે. માટે સંકલ્પ વિકલ્પની જાળથી મુક્ત થઇ મનને સ્થિર કરો. ॥૧॥૨॥

**गुप्ति प्रथम ए साधुने रे,**
**धर्म शुकलनोरे कंद ।**
**वस्तु धर्म चिंतन रम्या रे,**
**साधे पूर्णानंदो रे ॥ मुनि० ॥ ३ ॥**

અર્થ—મન વશ કરવા રૂપ પ્રથમ મનોગુપ્તિ સાધુને માટે કહી છે. પણ તે કેવી છે ? તો કે ધર્મ એટલે ધર્મધ્યાન તેના ચાર ભેદ–૧ અપાય વિચય, ૨ વિપાકવિચય, ૩ સંસ્થાન-વિચય અને ૪ આજ્ઞાવિચય. તથા શુકલધ્યાનના ચાર ભેદ– "૧ પૃથકત્વ વિતર્ક સપ્રવિચાર, ૨ એકત્વ વિતર્ક અપ્રવિચાર, ૩ સુક્ષમ ક્રિયા અપ્રતિપાતિ અને ૪ સમુચ્છિન્ન ક્રિયા નિવૃત્તિ." એ શુભ ધ્યાનનું મૂળ મનોગુપ્તિ છે. મનોગુપ્તિ એટલે મનની સ્થિરતા અને મનની સ્થિરતાવડે ધર્મ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધ્યાન તથા શુકલ ધ્યાન ધ્યવાય છે. વસ્તુ તે આત્મા અને આત્માનો જે ધર્મ, તેનું ચિંતવન એટલે વિચારણા, તેમાં જે રમ્યા એટલે લીન થયા એટલે પ્રવર્ત્યા તે પૂર્ણાનંદને સાધે. યદુક્તં " दव्वं गुणसमुदाओ, खित्तं ओगाहवट्टणा कालो, गुण पज्जाय पवत्ति, भावो निअवथ्थुधम्मो सो. " ઈતિ ઉત્તરાધ્યયન સૂત્રેષુ ॥ અર્થાત્ ૧ દ્રવ્ય તે ગુણનો સમુદાય, ૨ ક્ષેત્ર તે અવગાહના રૂપ પ્રદેશ, ૩ કાળ તે વર્તના–ઉત્પાદ, વ્યય, ધ્રુવતારૂપ અને ૪ ભાવ તે ગુણ પર્યાયની પ્રવૃત્તિ–એ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, અને સ્વભાવ રૂપ વસ્તુ ધર્મ છે. તથા ૧ આચાર ધર્મ, ૨ દયાધર્મ, ૩ ક્રિયાધર્મ અને ૪ વસ્તુધર્મ–એમ ધર્મના ચાર ભેદ શ્રી ઠાણાંગ સૂત્રમાં કહેલ છે. તે વસ્તુધર્મને જાણ્યા સિવાય શેષ ત્રણ ફળદાયક થતા નથી. એટલે પ્રથમના ત્રણ ધર્મ તે વ્યવહાર ધર્મ છે અને ચોથો જે વસ્તુધર્મ છે તે નિશ્ચય ધર્મ છે. ॥૩॥

**योग ते पुद्गल जोग छे रे,**
**खेंचे अभिनव कर्म ॥**
**योग वर्तना कंपना रे,**
**नवी ए आतम धर्मो रे ॥ मुनि० ॥ ४ ॥**

અર્થ—યોગ તે પુદ્ગલના સંયોગથી છે અને તે યોગથી જીવ નવા કર્મને ગ્રહણ કરે છે. યોગની વર્તના એ આત્મ-પ્રદેશની કંપનાથી થાય છે. આઠ રૂચક પ્રદેશ બધા જીવોના નિષ્કંપ છે, તેથી તે નિરાવરણ–નિર્મળ છે, બાકીના બીજા જે

P. P. Ac. Gunratansuriji M.S.                                   Jin Gun Aaradhak Trust

આત્મપ્રદેશો છે તે ચલાયમાન છે. તે ચળ પ્રદેશથી જીવ વીર્ય-વડે પુદ્ગલ ગ્રહણ કરી અવલંબી અને મનોયોગાદિ રૂપે પરિણમાવે છે. પણ એ આત્મપ્રદેશનું કંપનપણું (ચલાયમાન થવું તે) વસ્તુતઃ આત્માનો ધર્મ નથી, સંયોગ સંબંધથી ઉપાધિરૂપે થાય છે. ॥૪॥

**वीर्य चपल परसंगमी रे,**
**एह न साधक पक्ष ॥**
**ज्ञान चरण सहकारता रे,**
**वरतावे मन दक्षो रे ॥ मुनि० ॥ ५ ॥**

અર્થ—આત્મવીર્ય જે પરસંગમી એટલે પુદ્ગલના સંગમાં સ્ફુરે તે ચપલતા યુક્ત હોય. એ સાધક પક્ષ નથી, અર્થાત્ ચપલતા છે તે વિકાર છે. આત્માને બાધકર્ત્તા છે. તે માટે દક્ષ એટલે ડાહ્યા (સમજુ) મુનિ આત્મવીર્યને જ્ઞાન અને ચારિત્રની સહકારતા એટલે સહાયમાં વર્તાવે. કારણ વીર્યની સહાય વિના જ્ઞાન કે ચારિત્રની સ્ફુરણા થતી નથી, માટે વિચારણા રૂપ જેમનું વીર્ય જ્ઞાન અને ચારિત્રમાં મનને તદાકાર કરે એટલે જ્ઞાન ચારિત્રમાં મનને જોડી તે રૂપ બનાવે. ॥૫॥

**रत्नत्रयीनी भेदना रे,**
**एह समल व्यवहार ।**
**त्रिकरण वीर्य एकत्वता रे,**
**निर्मल आतम चारो रे ॥ मुनि० ॥ ६ ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—રત્નત્રયી એટલે જ્ઞાન, દર્શન, તથા ચારિત્ર, તેની જે ભેદના એટલે વિરાધના તે સમલ વ્યવહાર એટલે અશુદ્ધ વ્યવહાર છે. અને ત્રિકરણ વીર્ય એટલે મન, વચન, કાયાના વીર્યની જે એકત્વતા એટલે એકતાનતા તે આત્માનો નિર્મળ આચાર છે. અર્થાત્ ત્રિકરણ વીર્ય એકત્વ થયાથી આત્મરમણતા થાય છે અને તે આત્મરમણતા આત્માનો નિર્મળ આચાર છે. ॥૬॥

**सविकल्प गुण साधुना रे,**
**ध्यानीने न सुहाय ।**
**निर्विकल्प अनुभव रसी रे,**
**आत्मानंदी थाय रे ॥ मुनि० ॥ ७ ॥**

અર્થ—સવિકલ્પ એટલે વિકલ્પરૂપ જે ચિંતવન એટલે પ્રથમ એક વિચાર કરી પછી બીજો વિચાર કરવો. એમ વિચારની શ્રેણિ તે વિકલ્પ દશા, તે શુભ વિકલ્પ રૂપ ગુણ જે અનિત્ય ભાવના પ્રમુખનું તથા માધ્યસ્થાદિક ભાવનું ભાવવું, અથવા જીવાજીવાદિક (નવતત્ત્વ) નું સ્વરૂપ વિચારવું તથા આત્માના જ્ઞાન દર્શન ચારિત્રાદિ પૃથક્ પૃથક્ ગુણોનું ચિંતવન કરવું તથા શુભ મનોરથ ચિંતવવા. ઇત્યાદિક જે સાધુના ગુણો તે ધ્યાનીને ન સુહાય અર્થાત્ સાધુને રૂચે નહીં. કારણ કે યદ્યપિ એ ભાવના ચિંતવન રૂપ વિકલ્પ દશા પ્રથમ આત્માને અશુભ વિકલ્પની જાળ મટાડવામાં ઉપયોગી હોવાથી હિતકર છે, પણ આત્માની દશા જેમ જેમ વધતી જાય એટલે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દશા ઉંચી થતી જાય તેમ તેમ તે તે હદમાં તે કરણી આત્માને ત્યાગરૂપ થાય છે. જેમ શ્રાવકને દ્રવ્યપૂજા હિતકર છે, પણ મુનિ કેવળ ભાવપૂજાના રસીક હોવાથી તેઓને દ્રવ્યપૂજા કરવી યુક્ત નથી; તેવી રીતે જે કેવળ (ફક્ત) નિર્વિકલ્પ દશા કોઇ પણ જાતના વિકલ્પરૂપ વિચારાદિ રહિત–શુદ્ધ આત્માનો જે અનુભવ તેના રસીક જે મુનિ તે આત્માનંદમાંજ મગ્ન થાય છે, આત્માનંદી મુનિને વિકલ્પ શા માટે હોય ? તે તો કેવળ આત્માને શુદ્ધ નિરંજન એકજ સ્વરૂપે ધ્યાવે છે. જેમ રત્નની જ્યોતિ તે રત્નથી ભિન્ન નથી, તેમ જ્ઞાનાદિક ગુણો આત્માથી ભિન્ન નથી. આત્મા તેજ જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાન તેજ આત્મા છે. એમ ગુણ ગુણીની અભેદતારૂપ નિશ્ચય જ્ઞાનમાં મગ્ન થઇ શુદ્ધ સ્વરૂપને ધ્યાવે છે. તેના મનમાં વિકલ્પ બીલકુલ હોતોજ નથી. તેઓ તો આત્માનંદની મગ્નતામાંજ હોય છે અને તેઓનો જે આનંદ તે તેઓજ ધ્યાની પુરૂષોનો આત્માજ જાણી શકે. અંતરંગની મજા જે છે તે બીજાથી જાણી શકાય નહી, તે તો જે અનુભવતો હોય તેજ જાણે. ॥ ૭ ॥

**शुकल ध्यान श्रुतावलंबनी रे,**<br>
**ए पण साधन दाव ।**<br>
**वस्तु धर्म उत्सर्गमें रे,**<br>
**गुण गुणी एक स्वभावो रे ॥ मुनि० ॥ ८ ॥**

અર્થ—શુકલ ધ્યાન તથા શ્રુતનું અવલંબન એ પણ સાધન એટલે આત્માને સિદ્ધિ પ્રાપ્ત કરવાના સાધનરૂપ છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને વસ્તુધર્મ એટલે આત્મધર્મ ઉત્સર્ગમાં એટલે નિશ્ચયમાં આત્માના ગુણ તથા ગુણી આત્મા તેનો એકજ સ્વભાવ છે. અર્થાત્ શુકલ ધ્યાન અને શ્રુતાલંબન એ આત્માનાજ ગુણો છે. તે આત્માથી અભેદ છે. ॥૮॥

**पर सहाय गुण वर्तना रे,**
**वस्तु धर्म न कहाय ।**
**साध्य रसी ते केम ग्रहे रे,**
**साधु चित्त सहायो रे ॥ मुनि० ॥ ६ ॥**

અર્થ--પર એટલે આત્માથી જુદું જે દ્રવ્ય તે પરદ્રવ્ય કહીએ. તે પરસહાયતા ગ્રહણ કરવી તે વસ્તુધર્મ એટલે આત્માનો ધર્મ નથી. અર્થાત્ જે વિકલ્પ દશા તે ઉદય ભાવ સહિત હોવાથી પરભાવ છે. તે વિકલ્પ દશા વસ્તુતઃ આત્માનો ધર્મ નથી. નિશ્ચય નયથી આત્માનો ધર્મ આત્મભાવ જ છે, માટે આત્મા પોતાનાજ સહાયને એટલે આત્મસહાયને જ ગ્રહણ કરે, પરંતુ પરસહાયતા ન ગ્રહણ કરે. તો જે સાધ્યરસી એટલે સાધ્ય પોતાનું નિજપદ પ્રગટ કરવા રૂપ, તેના રસી એવા સાધુ તે ચિત્તની અંદર પરસહાય કેમ ગ્રહણ કરે ? અર્થાત્ નજ ગ્રહણ કરે. જો કે પ્રથમાવસ્થામાં મુનિ ગ્રહણ કરે છે, પણ જે નિશ્ચયમાં-ગુપ્તિમાર્ગમાં લીન થયેલા પરમાનંદી મુનિ છે તે ગ્રહણ ન કરે. તેનો એ ઉત્કૃષ્ટ માર્ગ છે. અને નિશ્ચય માર્ગ તે આત્માને સંવરનો હેતુ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યવહાર નય નિશ્ચયાનુયાયી હોવાથી ઉપકારક થાય છે, પણ નિશ્ચય તે આત્માને સારભૂત છે. આ સૂક્ષ્મ જ્ઞાન નિશ્ચય વ્યવહાર નય સંબંધી ગુરૂગમથી સમજવા યોગ્ય છે. અથવા મહા મહોપાધ્યાય ન્યાયવિશારદ યશોવિજય ઉપાધ્યાયજીએ પોતાના ગ્રંથોમાં ઘણી સરલ રીતિથી તે સમજાવેલ છે. તે ગ્રંથોથી જોઈ લેવું. ॥ ૯ ॥

**आत्मरसी आत्मा लयी रे,**
**ध्याता तत्त्व अनंत ।**
**स्याद्‌वाद ज्ञानी मुनि रे,**
**तत्त्वरमण उपशांतो रे ॥ मुनि० ॥ १० ॥**

અર્થ—મુનિ આત્માના રસીક તથા આત્મામાં જ લીન તથા આત્માના અનંત તત્ત્વના ધ્યાતા, (અત્રે ધ્યાતા તે આત્મા, ધ્યેય તે આત્મ તત્ત્વ, અને ધ્યાન આત્મ તત્ત્વનું—એમ ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રિભંગી અભેદ છે.) વળી મુનિ સ્યાદ્‌વાદ એટલે અનેકાંતવાદના જ્ઞાતા હોય છે. વસ્તુનું સ્વરૂપ અનેકાંતવાદ સિવાય યથાર્થ જણાય નહીં. તે અનેકાંતવાદ–સપ્ત ભંગી તે " ૧ સ્યાત્ અસ્તિ, ૨ સ્યાત્ નાસ્તિ, ૩ સ્યાત્ અસ્તિ નાસ્તિ, ૪ સ્યાત્ અવક્તવ્ય, ૫ સ્યાત્ અસ્તિ અવક્તવ્ય, ૬ સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય, તથા, સ્યાત્ અસ્તિ નાસ્તિ યુગપત્ અવક્તવ્ય–એ સપ્ત ભંગી તથા નૈગમ પ્રમુખ સાત નય તથા નામાદિ ચાર નિક્ષેપા તથા કાળ, સ્વભાવ, પ્રમુખ પાંચ સમવાય કારણ તથા આઠ પક્ષ–સામાન્ય સ્વભાવ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિશેષ સ્વભાવ, નિશ્ચય, વ્યવહાર, દ્રવ્ય, ભાવ–ઈત્યાદિકથી જાણી શકાય છે. તે સ્વરૂપના જ્ઞાતા મુનિ હોય છે. તે સ્યાદ્વાદ જ્ઞાન શ્રી જિનેંદ્રદેવપ્રરૂપિત જે શાસ્ત્ર તે સિવાય ઉત્તર દર્શન (અન્યધર્મ) ના શાસ્ત્રમાં નથી. સમ્મતિ તર્ક, અનેકાંત જય પતાકા, પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર, સ્યાદ્વાદ મંજરી પ્રમુખ ગ્રંથો સ્યાદવાદના જ્ઞાનથી ભરપૂર ભરેલા છે. તથા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત દ્રવ્ય ગુણ પર્યાયના રાસ વિગેરેમાં તથા મહાત્મા શ્રી દેવચંદ્રજી કૃત આગમસાર આદિક ગ્રંથોમાં સંક્ષેપ રૂચિ જીવોને માટે પ્રાકૃત ભાષામાં સારી રીતે સમજાવેલ છે. તે સ્યાદ્વાદ જ્ઞાનથી સ્વપરનું જ્ઞાન (જાણપણું) થાય. તે પોતાના સ્વરૂપને ઉપાદેય જાણે તથા પરભાવને હેય જાણી તેનો સંગ (રમણ વિલાસ) છાંડે અને તત્ત્વમાં એટલે સ્વગુણોમાં રમણ કરે. વળી ઉપશાંત એટલે કષાયનો ઉપશમ કરનાર હોય ॥ ૧૦ ॥

**नवी अपवाद रुचि कदा रे,**<br>
**शिव रसीया अणगार।**<br>
**शक्ति यथागम सेवतां रे,**<br>
**निंदे कर्मप्रचारो रे ॥ मुनि० ॥ ११ ॥**

અર્થ—મુનિ રૂચિ એટલે અભિલાષા કયારે પણ અપવાદ સેવવાની ન કરે, રૂચિ તો ઉત્સર્ગ માર્ગનીજ કરે. વળી શિવ એટલે નિરૂપદ્રવ જે મોક્ષ સ્થાન તેનાજ રસીક અણગાર એટલે ગ્રહવાસના ત્યાગી મુનિ હોય. શક્તિ યથાગમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એટલે પોતાની શક્તિ અનુસારે તથા આગમ જે સિદ્ધાંત તેમાં જેમ આજ્ઞા આપેલી છે તેવી રીતે અપવાદ માર્ગનું સેવન કરી રહ્યા છે, પણ પોતાના કર્મને નિંદે છે. અર્થાત્ મુનીશ્વરો જો કે અપવાદ માર્ગની પ્રવૃત્તિ કરી રહ્યા છે, પણ અંતરમા ચાહના એટલે ઈચ્છા તો ઉત્સર્ગ માર્ગની જ રાખે છે. અને ઉત્સર્ગ માર્ગમાં વર્તી નથી શકતા તેને માટે પોતાના આત્માની નિંદા વારંવાર કરે છે ને કર્મના પ્રચારને નિંદે છે, જે હું કયારે કઠિન કર્મને તોડી( વિદારી )ને ઉત્સર્ગ માર્ગ એટલે નિશ્ચય માર્ગમાં જ પ્રવર્તીશ. ॥ ૧૧ ॥

साध्य सिद्ध निज तत्त्वता रे,
पूर्णानंद समाज ।
देवचंद्र पद साधतां रे,
नमीए ते मुनिराजो रे ॥ मुनि० ॥ १२ ॥

અર્થ—સાધ્ય સિદ્ધ જે પોતાની તત્ત્વતા–પૂર્ણાનંદ સમાજ એટલે આત્મિક આનંદમયી જે સિદ્ધ પદની પ્રાપ્તિ-તેને સાધતા એવા જે મુનિ મહારાજાઓ તેને નિત્ય નમીએ એટલે વાંદીએ. એમ શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે. ॥૧૨॥

## ઢાળ ૨ જી. ( વચન ગુપ્તિ )

( સલુણાની દેશી. )

वचन गुप्ति सुधी धरो ।
वचन ते कर्म सहाय ॥ सलुणे ॥

**उदयाश्रित जे चेतना ।**
**निश्चय तेह अपाय ॥ सलुणे ॥ वचन० ॥१॥**

**અર્થ**—વચનગુપ્તિ એટલે સર્વથા વચનને ગોપવવા. સર્વથા વચનોચ્ચારનો ત્યાગ કરવારૂપ વચનગુપ્તિ એટલે વચન ઉપર કાબુ મેળવવો. કારણ કે વચન તે કર્મને સહાય કર્તા છે અને વચન તે પુદ્ગલ છે અને તે ભાષાપર્યાપ્તિવડે બાંધેલા કર્મોનો ઉદયકાળે ઉદય આવે છે, માટે ઉદયને આશ્રિત જે આત્મા તે નિશ્ચય નયથી અપાય એટલે આત્માને અહિતકર દોષરૂપ છે. તે કારણે હે મુનિ! વચન ગુપ્તિને સુધી એટલે સમ્યગ્ રીતે ધારણ કરો. વચનગુપ્તિ ઉપર પૂરતો જય મેળવો. ॥ ૧ ॥

**वचन अगोचर आतमा,**
**सिद्ध ते वचनातीत ॥ सलुणे ॥**
**सत्ता अस्ति स्वभावमें रे,**
**भाषक भाव अतीत ॥ सलुणे ॥ वचन० ॥२॥**

અર્થ—આત્મા વચનથી અગોચર છે. કારણ "**अपयस्स पयं नत्थी**" એમ શ્રી આચારાંગ સૂત્રમાં કહેલું છે. આત્મસ્વરૂપ તે અકળ છે અને અલખ છે. સિદ્ધ પરમાત્મા તે વચનથી રહિત છે. વચન તે પુદ્ગલ ભાવ છે ને સિદ્ધ પરમાત્માને એક પરમાણુ માત્ર પણ પુદ્ગલ સંબંધ નથી. કર્મવર્ગણા રહિત છે. તે સિદ્ધ પરમાત્મા સમાન સત્તા



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપણા આત્માના સ્વભાવમાં તિરોભાવે (અપ્રગટ ભાવે) રહેલી છે, પણ તે ભાષક ભાવ અતીત એટલે વચનવડે કહી શકાય તેમ નથી. કારણ આત્મા અનંત ધર્માત્મક છે અને વચન સંખ્યાતા છે. તેથી આત્મસ્વરૂપ વચનવડે કહી શકાય નહી. તો પછી આત્મરસીક એવા મુનિ શા માટે વચનોચ્ચાર કરે. ॥ ૨ ॥

**अनुभव रस आस्वादता,**
**करता आतम ध्यान ॥ सलुणे ॥**
**वचन ते बाधक भाव छे रे,**
**न वदे मुनिय निदान ॥ सलुणे ॥ वचन० ॥३॥**

અર્થ—અનુભવ રસને આસ્વાદતા તથા આત્માનું જ ધ્યાન કરતા એવા મુનિ તે વચન ન વદે એટલે બોલે નહીં. કારણ વચન તે આત્માને બાધક રૂપ છે, યોગોદય રૂપ છે. અને યોગ તે કર્મપ્રદેશને ગ્રહણ કરે છે. માટે નિશ્ચય નયથી આત્માને વચન બોલવું યુક્ત નથી. તેમ જાણીને મુનિ બોલે નહી. ॥ ૩ ॥

**वचनाश्रव पलटाववा,**
**मुनि साधे स्वाध्याय ॥ सलुणे ॥**
**तेह सर्वथा गोपवे,**
**परम महा रस थाय ॥ सलुणे ॥ वचन० ॥ ४ ॥**

અર્થ—વચનાશ્રવ તે અશુભ વચન રૂપ જે અશુભાશ્રવ તેને પલટાવવા સારૂ મુનિ સ્વાધ્યાય કરે. એટલે શુભ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વચનોચ્ચાર રૂપ સ્વાધ્યાયની સાધનાવડે જે અશુભાશ્રવ રૂપ અશુભ વચન તેનું નિવારણ કરે. પ્રાંતે તો મુનિ તેને સર્વથા ગોપવે. અર્થાત સ્વાધ્યાય રૂપ શુભ વચન ઉચ્ચાર પણ ન કરે. કેવળ પરમ ઉત્કૃષ્ટ આત્માનુભવ રૂપ જે મહા રસ તેમાં જ મગ્ન થાય—ધ્યાનસ્થ થાય. ॥ ૪ ॥

**भाषा पुद्‌गल वर्गणा,**
**ग्रहण निसर्ग उपाधि ॥ सलुणे ॥**
**करवा आतम वीर्यने,**
**श्याने प्रेरे साध ॥ सलुणे ॥ वचन० ॥ ५ ॥**

અર્થ—ભાષા વર્ગણાના પુદ્દગલને ગ્રહણ કરવા તથા નિસર્ગ એટલે મૂકવા–છાંડવા તે આત્માનો સહજ સ્વભાવ નથી પણ આત્માને ઉપાધિ રૂપ છે. તો તે ગ્રહણ કરવામાં આત્માના વીર્યને શા માટે સાધુ પ્રેરે ? અર્થાત્ ન પ્રેરે. ॥૫॥

**यावत् वीरज चेतना,**
**आतम गुण संपत्त ॥ सलुणे ॥**
**तावत् संवर निर्जरा,**
**आश्रव पर आयत ॥ सलुणे ॥ वचन० ॥ ६ ॥**

અર્થ—યાવત્ એટલે જ્યાં સુધી ચૈતન્ય વીર્ય આત્મ ગુણ સંપત એટલે આત્મ ગુણનું પ્રેરક હોય છે, તાવત્ એટલે ત્યાં સુધી સંવર એટલે નવા કર્મનો અટકાવ તથા નિર્જરા એટલે બાંધેલ કર્મોનો નાશ થાય છે. અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આશ્રવ એટલે નવીન કર્મબંધ તે પર આયત હોવાથી દૂર થાય છે. અર્થાત્ આત્મવીર્ય આત્માનું સહાયક જ્યાં સુધી હોય છે ત્યાં સુધી નવા કર્મનો બંધ નથી થતો, પણ જ્યારે આત્મવીર્ય પર સહાયક બને છે ત્યારે આત્મવીર્ય-વડે પરભાવરૂપ કર્મપુદ્ગલને આત્મા ગ્રહણ કરે છે. ॥ ૬ ॥

**एम जाणी स्थिर संयमी,**
**न करे चपल पलीमंथ ॥ सलुणे ॥**
**आत्मानंद आराधतां,**
**अत्तथ्थी निर्ग्रंथ ॥ सलुणे ॥ वचन० ॥ ७ ॥**

અર્થ—એવી રીતે આત્માનું અને પરનું સ્વરૂપ જાણી સ્થિર સંયમી મુનિ ચપળ પલીમંથપણું ન કરે. એટલે આત્મા પરપુદ્ગલને ગ્રહણ કરે છે તે વિકાર છે અને વિકાર તે ચંચલતા છે. આત્મા સ્વભાવે અચપલ છે, તેથી તે આત્માનંદનું જ આરાધન કરે. અત્તથ્થી એટલે આત્માનો જે સહજ સ્વભાવ તેના અર્થી એટલે સહજ સ્વભાવ પ્રગટ કરવાના અર્થી નિર્ગ્રંથ આત્માનંદને જ આરાધે. ॥ ૭ ॥

**साध्य सिद्ध परमातमा,**
**तसु साधन उत्सर्ग ॥ सलुणे ॥**
**बारे भेदे तप विषे,**
**सकल श्रेष्ट व्युत्सर्ग ॥ सलुणे ॥ वचन० ॥८॥**

અર્થ—આત્માને સાધ્ય તે સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. સાધક તે આત્મા ને સાધ્ય તે પરમાત્મપણું અને સાધના તે પરમાત્મપણાની, તેનું સાધન, ત્યાગ તે પરભાવ છાંડે ત્યારે સિદ્ધપદ પ્રાપ્ત થાય. તપને કર્મનો વિનાશક કહ્યો છે. તે તપના છ બાહ્ય તથા છ અભ્યંતર મળી બાર ભેદ કહ્યા છે. ૧ અનશન, ૨ ઉણોદરી, ૩ વૃત્તિસંક્ષેપ, ૪ રસત્યાગ, ૫ કાયકલેશ, ૬ સંલીનતા, એ છ બાહ્યના. ૧ વિનય, ૨ વૈયાવૃત્ય, ૩ પ્રાયશ્ચિત્ત, ૪ સ્વાધ્યાય, ૫ ધ્યાન અને ૬ ઉત્સર્ગ, એ છ અભ્યંતરના એ રીતે તપના બાર ભેદ છે. તેમાં સર્વથી શ્રેષ્ટ વ્યુત્સર્ગ એટલે વોસિરાવવું તે તપ છે. તેના બે ભેદ છે. એક દ્રવ્યથી વ્યુત્સર્ગ તે ૧ કાયોત્સર્ગ, ૨ ભક્તપાન ઉત્સર્ગ, ૩ ઉપધિ ઉત્સર્ગ, ૪ ગણોત્સર્ગ, એ ચાર દ્રવ્ય ઉત્સર્ગના (ત્યાગના) ભેદ છે. તથા ભાવથી ઉત્સર્ગ તપના ત્રણ ભેદ છે. ૧ ભવોત્સર્ગ, ૨ કર્મોત્સર્ગ, ૩ કષાયોત્સર્ગ. તે ભાવત્યાગ રૂપ ઉત્સર્ગ સર્વ તપમાં શ્રેષ્ટ તપ છે. ॥ ૮ ॥

**समकित गुणठाणे कर्यो,**
**साध्य अयोगी भाव ॥ सलुणे ॥**
**उपादानता तेहनी,**
**गुप्तिरुप स्थिरभाव ॥ सलुणे ॥ वचन० ॥ ९ ॥**

અર્થ—સમકિત ગુણઠાણે એટલે ચતુર્થ ગુણસ્થાનકમાં સાધ્ય જે અયોગીભાવ તે કર્યો છે. અર્થાત્ જયારે આત્માને તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ ગુણ ઉપજે ત્યારે તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોક્ષની અભિલાષા હોય છે, તો ઉપાદાનતા એટલે આત્મ-સિદ્ધિનું મુખ્ય ઉપાદાન કારણ પોતે આત્મા જ છે. જેમ ઘડાનું ઉપાદાન કારણ માટી છે તેમ આત્મસિદ્ધિના કારણ-ભૂત આત્માની જ ઉપાદાનતા છે, અને જે ઉપાદાન કારણ તેજ કાર્યરૂપ થાય છે, જેમ માટી ઘડારૂપ બને છે તેમ ઉપાદાનતારૂપ આત્મા તે કાર્યરૂપ બને છે. ત્યારે સમકિત ગુણસ્થાનકે ઉપાદાનતા ગુપ્તિરૂપ તે સ્થિરભાવે થાય છે. ચોથા ગુણસ્થાનકની તથા ચૌદમા ગુણસ્થાનકની શ્રદ્ધા એક જ છે, ફક્ત વર્તનામાં જ ફેર છે. ॥ ૯ ॥

**गुप्तिरूप गुप्ते रम्या,**
**कारण समिति प्रपंच ॥ सलुणे ॥**
**करता स्थिरता इहता,**
**ग्रहे तत्व गुण संच ॥ सलुणे ॥ वचन० ॥ १० ॥**

અર્થ—એમ ગુપ્તિરૂપ જે ઉપાદાન કારણ આત્મા તે આત્મભાવનાવડે ગુપ્તિભાવમાં રમ્યા, અને તે ગુપ્તિનું કારણ જે સમિતિ માર્ગ તેને કરે છે, (આદરે છે) અને સ્થિરતા રૂપ ગુપ્તિમાર્ગ તેને ઇહતા એટલે ઇચ્છતા ( ચાહના કરતા ) રહે છે. એવી રીતે સમિતિ માર્ગમાં વર્તતા અને ગુપ્તિને ઈચ્છતા મુનીશ્વરો તત્ત્વગુણનો સંચય કરતા રહે છે. ॥ ૧૦ ॥

**अपवादे उत्सर्गनी,**
**द्रष्टिं न चूके जेह ॥ सलुणे ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**प्रणमे नित्यप्रते भावशुं,**
**देवचंद्र मुनि तेह ॥ सलुणे ॥ वचन० ॥ ११ ॥**

અર્થ—અપવાદ એટલે સમિતિમાર્ગમાં પ્રવૃત્તિ કરતાં એટલે તેને સેવતાં છતાં પણ જે મુનિ ઉત્સર્ગની દષ્ટિને ચૂકતા નથી એટલે તેમના હૃદયને વિષે ઉત્સર્ગમાર્ગ જ રમી રહ્યો હોય છે, એટલે અપવાદ માર્ગમાં વ્યવહારથી પ્રવર્તે છે પણ અંતરમાં ઉત્સર્ગમાર્ગનું લક્ષ રાખી રહ્યા છે. એવા જે મહા મુનિ તેને દેવચંદ્રજી મહારાજ નિત્ય એટલે દિનપ્રતે ભાવ-સહિત પ્રણમે છે એટલે નમસ્કાર કરે છે. ॥ ૧૧ ॥

ઢાળ ૮ મી. ( કાયગુપ્તિ. )

( અરણિક મુનિવર ચાલ્યા ગોચરી–એ દેશી. )

**गुप्ति संभारो रे त्रीजी मुनिवरु,**
**जेहथी परमानंदोजी;**
**मोह टले घनघाती परगले,**
**प्रगटे ज्ञान अमंदोजी. ॥ गुप्ति० ॥ १ ॥**

અર્થ—હે મુનિવરો ! ત્રીજી ગુપ્તિને સંભારો એટલે કાયાને ગોપવો, અર્થાત કાયાનો વ્યાપાર તજી સ્થિર ભાવ ધારણ કરો. જેથકી પરમાનંદપણું પ્રગટ થાય અને મોહ ટળે એટલે મોહનિયકર્મનો વિનાશ થાય. ૧ મોહનિયકર્મ ગયાથી શેષ ઘનઘાતી કર્મ જે ૨ જ્ઞાનાવરણિય ૩ દર્શનાવરણિય, અને ૪ અંતરાય તે પણ પરગલે એટલે ગળી જાય–ટળી જાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને એ ચાર ઘનઘાતીનો ક્ષય થવાથી અમંદ એટલે મંદ નહિ એવું ઝળહળતા સૂર્ય સમાન કેવળજ્ઞાન પ્રગટ થાય. કેવળજ્ઞાન ક્યારે પણ મંદ ન થાય, બીજા ચાર જ્ઞાન તે પ્રતિપાતિ છે અને કેવળજ્ઞાન તે અપ્રતિપાતિ છે, માટે તેને અમંદ કહ્યું છે. ॥ ૧ ॥

किरिया शुभ अशुभ भवबीज छे,
तेणे तजी तनु व्यापारोजी;
चंचल भाव ते आश्रवमूल छे,
जीव अचल अविकारोजी. ॥ गुप्ति० ॥ २ ॥

અર્થ—ક્રિયા શુભાશુભ જે છે તે ભવબીજ એટલે સંસારનું બીજ છે. કારણ કે ક્રિયાએ કર્મ બંધાય છે. શુભ ક્રિયાએ શુભ અને અશુભ ક્રિયાએ અશુભ કર્મ બંધાય છે. અને શુભાશુભ કર્મ તે આશ્રવ છે, તે માટે તનુ એટલે શરીરના વ્યાપારનો ત્યાગ કરવો. અને ચંચળ એટલે ચપલતા ભાવ જે હલનચલનાદિક શરીરની ક્રિયા તે આશ્રવનું મૂળ છે, તેને તજી દેવી. જીવનો સ્વભાવ અચળ અને અવિકારી છે, ચપળતા તે તેનો વિકાર છે. ॥ ૨ ॥

इंद्रिय विषय सकलनुं द्वार ए,
बंध हेतु दृढ एहोजी;
अभिनव कर्म ग्रहे तनुयोगथी,
तेणे स्थिर करीए देहोजी. ॥ गुप्ति० ॥ ३ ॥

અર્થ—પાંચ ઇંદ્રિયના જે ૨૩ વિષય તેનું દ્વાર એ-

ટલે દરવાજો તે શરીર છે. અને તે કર્મબંધના મજબુત હેતુ-ભૂત છે, દ્રઢ સંઘયણ વાળો પ્રાણીજ પ્રાયે કર્મ વિશેષ બાંધે છે. જેનુ સંઘયણ મજબુત હોય છે તેનું મન પણ મજબુત હોય છે. સાતમી નરકે કે મોક્ષે પણ દ્રઢ સંઘયણી એટલે પ્રથમ વજ્રઋષભનારાચ સંઘયણવાળાજ જઇ શકે છે. અભિનવ એટલે નવા કર્મનું ગ્રહણ તે તનુયોગ શરીરના વ્યાપારવડેજ થાય છે, તે માટે શરીરના વ્યાપારને વર્જી તેને સ્થિર કરીએ. ॥ ૩ ॥

**आतम वीर्य स्फुरे परसंग जे,**
**ते कहीए तनु योगोजी ॥**
**चेतन सत्ता रे परम अयोगी छे,**
**निर्मल स्थिर उपयोगोजी ॥ गुप्ति० ॥ ४ ॥**

અર્થ—આત્મવીર્ય જે પરસંગ એટલે ઔદારિકાદિક કાયાની વર્ગણાના પુદ્‌ગલને આત્મપ્રદેશવડે ગ્રહણ કરી અવલંબીને ઔદારિકાદિક યોગપણે પરિણમાવે તે કાયયોગ કહિએ તેમાં સ્ફુરે છે. પણ આત્મવીર્ય જે પુદ્‌ગલવર્ગણામાં પ્રવર્તમાન થાય છે તે જીવનો વસ્તુધર્મ નથી, કિંતુ વિકાર છે. ચૈતન્ય સત્તા એટલે આત્માની સત્તા સંગ્રહનયવડે પરમ અયોગી એટલે યોગ રહિત સિદ્ધ પરમાત્મા સમાન છે અને આત્મગુણ તે નિર્મળ કર્મ રહિત સ્થિર છે. તે કરણવીર્ય રહિત આત્મિક વીર્ય—અલેશી વીર્યમય ઉપયોગી ગુણ છે. એટલે જયાં સુધી સલેશી વીર્ય છે ત્યાંસુધી અસ્થિર છે અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અલેશી વીર્ય તે સ્થિર છે. તે આત્માનો ગુણ છે. ઉપયોગ તે સાકાર નિરાકાર રૂપ બે પ્રકારનો છે તે પણ સ્થિર છે. ॥૪॥

**यावत कंपन तावत बंध छे,**
**भाख्युं भगवइ अंगेजी ॥**
**ते माटे ध्रुव तत्वरसे रमे,**
**माहण ध्यान प्रसंगेजी ॥ गुप्ति० ॥ ५ ॥**

અર્થ—યાવત્ એટલે જ્યાં સુધી કંપન એટલે આત્મ-પ્રદેશનું ચપળપણું છે, ત્યાં સુધી કર્મબંધ છે. તેરમા સયોગી ગુણસ્થાનક લગે આત્મપ્રદેશનું ચલાયમાનપણું હોવાથી કર્મ બંધાય છે. અર્થાત્ "**जो चलइ सो बंधइ**" આઠ રૂચક પ્રદેશ મધ્યમાં છે, તે અકંપ હોવાથી તે સર્વથા નિરાવરણ કેવળી સમાન છે; બાકીના પ્રદેશો ચલાયમાન હોવાથી જીવનું વિર્ય ચલાયમાન થાય છે. અને તે ચલ વીર્યવડે કર્મપુદ્‌ગલને જીવ ગ્રહણ કરે છે, તે માટે ધ્રુવ એટલે નિશ્ચલ તત્ત્વરસમાં મુનિ રમણ કરે, માહણ એટલે અહિંસા ધર્મપાલક સાધુ ધ્યાનના બળથી આત્મરમણતા કરે, સ્થિર થાય, ચપલતા તજી દે. ॥ ૫ ॥

**वीर्य सहायी रे आतम धर्मनो ॥**
**अचल सहज अप्रयासोजी ॥**
**ते परभाव सहायी केम करे,**
**मुनिवर गुण आवासोजी. ॥ गुप्ति० ॥ ६ ॥**

અર્થ—વીર્ય તે આત્માનો ગુણ છે. તે આત્મધર્મનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સહાયક છે, આત્માના અનંત ગુણ છે તે જ્ઞાન વિના જણાય નહીં. અને તે જ્ઞાનનું ફેરવવું તે વીર્યની સહાયતાવડે થાય છે, માટે વીર્ય છે તે આત્મધર્મનું સહાયક છે, વળી તે અચલ અને સહજ એટલે સ્વાભાવિક છે, અને અપ્રયાસ એટલે મહેનત વગર પ્રાપ્ત થાય છે. અને ઇંદ્રિયજનિત જે વીર્ય તે ચલ છે, કૃત્તિમ છે, તથા પ્રયાસયુક્ત છે. તે માટે ગુણના આવાસ એટલે ગુણના ગ્રહ એવા મુનિ તે આત્મ-વીર્યને પરસહાયી કેમ કરે ? અર્થાત્ ન કરે. અહીં કોઇ શંકા કરે કે ' સિદ્ધને શ્રી ભગવતી સૂત્રમાં અવિરિઆ–એટલે વીર્ય રહિત કહ્યા છે માટે શું સિદ્ધમાં વીર્ય નથી ? ' તેનો ઉત્તર કે ' શ્રી ભગવતી સૂત્રમાં તેમને કરણ વીર્ય ન હોવાથી અવિરિઆ કહ્યા છે, પરંતુ આત્મવીર્યની ના નથી. કારણ [1]જ્ઞાન, [2]દર્શન, [3]ચારિત્ર, [4]વીર્ય–એ ચારને ભાવપ્રાણ કહ્યા છે તે સિદ્ધમાં છે. માટે આત્મવીર્યની ના નથી એમ સમજવું. ॥ ૬ ॥

> खंती मुत्ति रे युत आकिंचनी,
> शौच ब्रह्मधर धीरोजी ॥
> विषम परिसह सैन्य विदारवा,
> वीर परम सौंडीरोजी. ॥ गुप्ति० ॥ ७ ॥

અર્થ—ખંતી એટલે ક્ષમા–ક્રોધનો નાશ, મુત્તિ એટલે નિર્લોભતાયુક્ત, અકિંચની એટલે પરિગ્રહ રહિત, શૌચ એટલે પવિત્ર બે પ્રકારે–દ્રવ્યશૌચ તે બેંતાલીશ દોષ રહિત આહાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રમુખ લેવો તે, અને ભાવશૌચ તે આત્માના પરિણામની નિર્મળતા. તથા બ્રહ્મના ધારક તે ઔદારિક તથા વૈક્રિય મૈથુનનો સર્વથા ત્યાગ તે દ્રવ્યબ્રહ્મ, અને ભાવથી પરપરિણતિનો ત્યાગ તે ભાવબ્રહ્મ તેના ધારણ કરનાર. એ બ્રહ્મગુણના ૧૮૦૦૦ ભેદ થાય છે અને ધીર તે ધૈર્યવાન. વિષમ એટલે કઠિન એવા મુક્તિમાર્ગમાં જતાં જીવને વિઘ્ન કરનાર જે બાવીશ પરિસહ રૂપ સૈન્ય તેને વિદારવા પરમ વીર તથા સૌડીર એટલે ઉત્કૃષ્ટ શૌર્યના ધારણ કરનાર એવા મુનિ હોય છે. એ બાવીશ પારસહમાં ૧૧ વેદનીય કર્મના ઉદયથી, ૮ મોહનીય કર્મના ઉદયથી, ૨ જ્ઞાનાવરણિયકર્મના ઉદયથી તથા એક અંતરાય કર્મના ઉદયથી એમ સર્વ મળી ૨૨ થાય છે. એનુ સ્વરૂપ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં સવિસ્તર આપેલું છે ત્યાંથી જાણી લેવું. ॥ ૭ ॥

कर्म पडल दल क्षय करवा रसी,
आतम रिद्धि समृद्धोजी ॥
देवचंद्र जिनआणा पालता,
वंदो गुरु गुणवृद्धोजी. ॥ गुप्ति० ॥ ८ ॥

અર્થ—કર્મોના પડલ રૂપી દલ તેને ક્ષય કરવાના રસીક અને આત્મઋદ્ધિવડે જે સમૃદ્ધ એટલે સામર્થ્યવાન્ છે. આત્માનાં અસંખ્યાતા પ્રદેશે કર્મની અનંતી અનંતી વર્ગણા લાગેલી છે અને એકેકી વર્ગણામાં અનંતા કર્મપ્રદેશ છે અને એકકા કર્મપ્રદેશમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનંતા રસાવિભાગ છે. તે કર્મનું સ્વરૂપ શ્રી જિનાગમને વિષે યથાર્થ રીતે વર્ણવેલું છે; તેવું અન્ય કોઈ પણ દર્શનમાં કહેલું નથી. તે કર્મસ્વરૂપને જ્યારે આત્મા જાણે ત્યારે વિચારે કે 'અહો ! આ કર્મ જીવને કેવા કેવા વિપાક આપે છે ?' એમ કર્મના મર્મને સમજી તથા આત્માની શક્તિ વિચારી તે કર્મપડલનો નાશ કરવાને ઉદ્યમવંત થાય. એ કર્મનું સ્વરૂપ બંધ, ઉદય, ઉદિરણા, સત્તા, નિધત્ત, નિકાચના, ઉપશમના, અપવર્તના, ઉદ્વર્તના વિગેરે તથા કર્મની મૂળ આઠ અને ઉત્તર પ્રકૃતિ એકસો ને અઠાવન છે. તેના ઘાતી, અઘાતી, ધ્રુવબંધી, અધ્રુવબંધી વિગેરે ભેદ ઉપભેદ જાણવાના ઇચ્છકે કર્મગ્રંથ–કમ્માપયડી પ્રમુખ ગ્રંથનો અભ્યાસ કરવો. કારણ કે જ્ઞાન વિના તેનો પ્રતિકાર થાય નહીં. એવા કર્મના દળનો નાશ કરવાના રસીક, આત્મગુણોવડે ભરપૂર તથા દેવચંદ્ર એટલે સર્વ જ્યોતિષી દેવોમાં ચંદ્ર વિશેષ ઉજ્વલ છે તેમ કષાયરૂપ મળનો નાશ થવાથી નિર્મળ કેવળ જ્ઞાનાદિક ગુણે કરી સહિત–એવા જિન–વિતરાગ તેમની આજ્ઞાને પાળતા એવા જે મુનિ તેને વંદો. અહોનિશ એટલે રાત દિવસ તેની સ્તુતિ કરો, તે મુનિ કેવા છે ! તો કે– ગુરૂ એટલે મોટા શાંત, દાંત પ્રમુખ ગુણોવડે વૃદ્ધ છે (યુક્ત છે.) ॥ ૮ ॥ ઇતિ સંપૂર્ણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ઢાળ ૯ મી–મુનિગુણ સ્તુતિ.

( સુમતિ ચરણકજ આતમ અરપણા–એ દેશી. )

**धर्म धुरंधर मुनिवर सेवीए,**
**नाण चरण संपन्न ॥ सुगुणनर ॥**
**इंद्रिय भोग तजी निज सुख भजी,**
**भवचारक उद्वीन ॥ सु० ॥ धर्म० ॥ १ ॥**

અર્થ—ધર્મને વિષે ધુરંધર વૃષભ ભાર વહેવામાં જેમ સમર્થ હોય તેમ સંયમ સંબંધી ભારને વહન કરવામાં સમર્થ તથા જ્ઞાન અને ચારિત્ર ગુણે કરી સંપન્ન એટલે સંપૂર્ણ "જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ" જ્ઞાન અને ક્રિયા બંને વડે મોક્ષ પ્રાપ્ત થાય છે. તે બંને ગુણે કરીને યુક્ત એવા મુનિને સેવીએ. તેમના વચનની પ્રતીતિ કરીએ. હે સુગુણ નર! એટલે ભલા ગુણ ગ્રાહક પુરૂષો ! ગુણો ઉપર પ્રતીતિ રાખો. વળી તે મુનિ કેવા છે? તો કે ઇંદ્રિયના જે ભોગ તેને તજી દીધા છે એટલે છાંડી દીધા છે. તથા નિજ સુખ જે સ્વસ્વરૂપરમણ તેને ભજી રહ્યા છે. અને ભવ જે ચાર ગતિની ભ્રમણા રૂપ સંસાર તેથી ઉદ્વેગી છે એટલે સંસારથી ત્રાસ પામેલા છે. તે સંસાર કેવો છે ? તો કે–ચારક એટલે બંધીખાના (તુરંગ) જેવો છે. માટે તેમાં કોણ સંતોષ માને ! અર્થાત્ સર્વે તેમાંથી છૂટવાના અભિલાષી જ રહે. ૧.

**द्रव्य भाव साची श्रद्धा धरी,**
**परिहरी शंका दोष ॥ सुगुणनर ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**कारण कारज साधन आदरी,**
**साधे साध्य संतोष ॥ सुगुण० ॥ धर्म० ॥ २ ॥**

અર્થ—દ્રવ્ય તે ષટ્–જીવાદિક તેના ભાવ જે સત્ અસત્ પ્રમુખ સ્યાદ્વાદપણે રહેલા છે, તેને વિષે યથાર્થ શ્રદ્ધા રાખે. અથવા સુદેવ, સુગુરૂ, સુધર્મ–તેને વિષે જેનો આદર હોય તેને દ્રવ્ય શ્રદ્ધા કહીએ. અને પોતાનો આત્મા જ દેવ, આત્માજ ગુરૂ અને આત્માનો જે આત્મધર્મ તેજ ધર્મ–તે ભાવશ્રદ્ધા–એવી રીતે દ્રવ્ય ભાવે સાચી શ્રદ્ધાને ધારણ કરી રહ્યા છે. તથા કારણ એક ઉપાદાન, બીજું નિમિત્ત, ત્રીજું અસાધારણ તથા ચોથું અપેક્ષા–એ ચાર કારણ કહ્યા છે. તે ચારે કારણોનો સમાવેશ ફક્ત ૧ નિમિત્ત અને ૨ ઉપાદાન એ બે કારણમાં થઈ જાય છે. તેમાં કારણરૂપ સાધન તે જિનબિંબ તથા જિનાગમાદિક તે નિમિત્ત કારણ છે. અને ઉપાદાન કારણ તે આત્મા છે. આત્મા સારાં નિમિત્ત કારણ પામીને પોતાની શકિત પ્રગટ કરવા તત્પર થાય છે. તે ઉપાદાન કરણરૂપ આત્મા, અને યોગની સમાધિરૂપ જે આચરણ, કે જે આચરણવડે આત્મકાર્ય સિદ્ધ થાય તે અસાધારણ કારણ તથા મનુષ્ય ભવ, પ્રથમ સંઘયણ પ્રમુખ અપેક્ષા કારણ તે કારણોથી આત્માને સમકિતરૂપ ગુણ પ્રગટ્યો, તે આત્માનું કાર્ય થયું. તે સમકિત ગુણ ચારિત્રગુણ પ્રગટાવવાનું કારણ છે. તથા જે ચારિત્રગુણ પ્રગટ્યો તે કાર્યરૂપ થયો. તેજ મુકિતનું કારણ છે. એમ કારણ અને કાર્યરૂપ સાધન આદરીને પોતાનું સાધ્ય જે સિદ્ધપદ તેને આત્મા સંતોષથી સાધે છે. ॥ ૨ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**गुण पर्याये वस्तु परखता,**
**शीख उभय भंडार ॥ सुगुणनर ॥**
**परिणति शक्ति स्वरूप परिणमी।**
**करता तसु व्यवहार ॥ सु० ॥ धर्म० ॥ ३ ॥**

અર્થ—વસ્તુ તે દ્રવ્ય તેને ગુણ અને પર્યાય વડે પરખતા એટલે પરીક્ષા કરે છે. ધર્માસ્તિકાય દ્રવ્યનો ગુણ ચલન સહાય તથા પર્યાય તે અગુરૂલઘુ પ્રમુખ. એમ ધર્માસ્તિકાય વિગેરે છ દ્રવ્યના ગુણપર્યાયવડે વસ્તુની ઓલખાણ કરે. કારણ કે વસ્તુગતે વસ્તુની ઓલખાણ થવી તે ઘણી કઠિન છે. આનંદઘનજી મહારાજે પણ કહ્યુ છે કે " વસ્તુગતે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ વાસીરે ॥ " શ્રી વાસુપૂજ્ય સ્વામીનું સ્તવન ગાથા ૬ ઠી. તથા શીખ ઉભય તે ગ્રહણ શિક્ષા તથા આસેવન શિક્ષારૂપ શિક્ષાનાં ભંડાર છે. વ્રતાદિક ગ્રહણ કરવા તે ગ્રહણ શિક્ષા અને તે વ્રતોનું નિરતિચારપણે પાલન કરવું તે આસેવન શિક્ષા તેના ભંડાર છે. વળી પરિણતિ એ આત્માની શક્તિ જે કર્તા ભોક્તાદિક આત્માની પરિણતિ તેણે કરીને પોતાના સ્વરૂપમાં પરિણમી રહેલ છે અને વ્યવહાર પણ તેને અનુસરતોજ કરી રહ્યા છે. ॥ ૩ ॥

**लोकसन्ना वितिगिच्छा वारतां।**
**करता संयम वृद्धि ॥ सुगुणनर ॥**
**मूल उत्तर गुण सर्व संभारता।**
**करता आतम शुद्धि ॥ सुगुणनर ॥ धर्म० ॥ ४ ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—લોકસન્ના એટલે ગાડરીયા પ્રવાહની માફક જે લોકપ્રવાહ તેનું નિવારણ કરી ને આગમોક્ત રીતિએ અનુસરે એટલે પ્રવર્તે, તથા વિતિગિચ્છા તે ફળનો સંદેહ તેનો ત્યાગ કરે અને સંયમ ગુણની વૃદ્ધિ કરે, તથા મૂળ ગુણ તે પંચ મહાવ્રતાદિક અને ઉત્તર ગુણ તે ચરણ સિત્તરી તથા કરણ સિત્તરી પ્રમુખ સર્વ સંભારે અને આત્માની શુદ્ધિ કરે અર્થાત કાંઇક પ્રમાદવશાત્ દૂષણ લાગે તો તેની પ્રતિક્રમણાદિક વડે શુદ્ધિ કરે. ॥ ૪ ॥

**श्रुतधारी श्रुतधर निश्रा रसी ।**
**वशि कर्या त्रिक योग ॥ सुगुणनर ॥**
**अभ्यासी अभिनवश्रुतसारना ।**
**अविनाशि उपयोग ॥ सु० ॥ धर्म० ॥ ५ ॥**

અર્થ—શ્રુત તે સિદ્ધાંત તેના ધારી એટલે સિદ્ધાંતના પાઠો જાણનારા તથા શ્રુતધર એટલે સિદ્ધાંતના જાણ બહુશ્રુત તેની નિશ્રારસી એટલે બહુશ્રુતની પાસે રહેનારા એટલે તેની આજ્ઞામાં વર્તનારા, વશિકર્યા ત્રિકયોગ એટલે ૧ મન, ૨ વચન, અને ૩ કાયાના ત્રણ યોગ તેને વશ કર્યા છે જેણે એવા તથા અભિનવ એટલે નવા નવા સિદ્ધાંતના સાર ગ્રહણ કરવાના અભ્યાસી અને અવિનાશી ઉપયોગ એટલે અસ્થિર ઉપયોગી નહીં અર્થાત્ હમેશાં સ્થિર ઉપયોગી. એક ચિતવડે સિદ્ધાંતના સારને ગ્રહણ કરે અર્થાત સિદ્ધાંત અને સિદ્ધાંતીને અનુસરીને વર્તન કરનાર હોય. ॥ ૫ ॥



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**द्रव्य भाव आश्रव मल टाळता ।**
**पाळता संयम सार ॥ सुगुणनर ॥**
**साची जैन क्रिया संभारता ।**
**गाळता कर्म विकार ॥ सुगु० ॥ धर्म० ॥ ६ ॥**

અર્થ—દ્રવ્ય આશ્રવ તે જ્ઞાનાવરણાદિ કર્મો અને ભાવ આશ્રવ તે, મિથ્યાત્વાદિક તેના કારણો તદ્રૂપ મળ તેને ટાળતા અને સંયમ સત્તર ભેદે પાળતા તથા સાચી જે જે કાળે જે જે ક્રિયા મુનિને કરવાની જિનેશ્વરોએ કહી છે તે તે ક્રિયા તે તે કાળે પ્રતિલેખન પ્રમુખ સંભારતા અર્થાત્ તે તે ક્રિયા કરતા અને કર્મના વિકાર તેને ગાળતા એટલે તેનો નાશ કરી રહેલા હોય. ॥ ૬ ॥

**सामायक आदे गुणश्रेणिमें ।**
**रमता चढते भाव ॥ सुगुणनर ॥**
**तीन लोकथी भिन्न त्रिलोकमें ।**
**पूजनिक जसु पाव ॥ सुगुणनर ॥ धर्म० ॥७॥**

અર્થ—સામાયક એટલે સમભાવ રાગદ્વેષ રહિતપણાનો ભાવ તે સામાયકાદિક ગુણશ્રેણિને વિષે ચઢતે ભાવે રમતા થકા વર્તે છે. વળી કેવા છે ? તો કે ત્રણ લોક એટલે અધો લોક, તિર્યગ્લોક તથા ઉર્ધ્વલોકવાસી જે પ્રાણી તેથી ભિન્ન એટલે જુદા અને જેના પાવ એટલે પગ ત્રિલોકમાં પૂજનિક છે. અર્થાત્ એવા ગુણવાન્ મુનિ જે છે તે સંસારવાસી જીવોથી ભિન્ન પરિણતિવાળા અને ત્રિલોકને પૂજનિક હોય છે. ॥૭॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**अधिक गुणी निज तुल्य गुणी थकी ।**
**मळता जे मुनिराज ॥ सुगुणनर ॥**
**परम समाधिनिधि भवजलधिना ।**
**तारण तरण झहाज ॥ सुगुण० ॥ धर्म० ॥ ८ ॥**

**અર્થ**—વળી તે મુનિ કેવા છે ? તો કે અધિક ગુણી એટલે પોતાથી જ્ઞાન ચારિત્ર પ્રમુખ ગુણે કરી અધિક, અથવા તુલ્ય ગુણવાન મુનિ સાથે મળતા એટલે તેઓનો સહવાસ કરતા રહે છે. ગુણવાનની સંગતિથી ગુણની વૃદ્ધિ થાય છે. અને પરમ સમાધિ નિધિ એટલે ઉત્કૃષ્ટ સમાધિના સમૂહમાં—પરભાવ રૂપ જે ઉપાધિ તેનો ત્યાગ કરવાથી આત્મસમાધિમાં રહેલા છે અને ભવ જે સંસાર તદ્રૂપ સમુદ્રને તારવામાં ઝહાજ એટલે વહાણ સમાન છે. જેમ ઝહાજ પોતે તરે ને તેમાં બેસનારને પણ તારે તેમ મુનિ પોતે સંસારનો પાર પામે અને બીજા ભવ્ય પ્રાણીઓને પણ સંસાર રૂપ સાગરથી પાર ઉતારે છે. ॥ ૮ ॥

**समकितवंत संयम गुण इहता ।**
**ते धरवा असमर्थ ॥ सुगुणनर० ॥**
**संवेगपक्षी भावे शोभता ।**
**कहेता साचो अर्थ ॥ सुगुण० ॥ धर्म० ॥ ६ ॥**

અર્થ—એવી રીતે સમ્યગ્ જ્ઞાન ક્રિયા ગુણ યુક્ત મુનિની પ્રશંસા સ્તુતિ કરી, હવે સંવેગ પક્ષી મુનિનું વર્ણન કરે છે કે તે મુનિ કેવા છે ? તો કે સમકિતવંત એટલે સમ-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

કિત ગુણે કરી સહિત અને સંયમરૂપ ગુણોની અભિલાષા કરતા પણ તે ગુણ ધારણ કરવાને અસમર્થ એટલે સંયમ પાળી શકતા નથી પણ સંવેગ પક્ષના ભાવે કરી શોભિત છે અને સાચો અર્થ કહી રહ્યા છે અર્થાત્ શુદ્ધ પ્રરૂપક છે. ॥ ૯ ॥

आप प्रशंसाए नवी माचता ।
राचता मुनिगुणरंग ॥ सुगुणनर ॥
अप्रमत्त मुनि श्रुत तत्त्व पूछवा ।
सेवे जासु अभंग ॥ सुगु० ॥ धर्म० ॥ १० ॥

અર્થ—કોઇ આવીને તે સંવેગ પક્ષીની પ્રશંસા કરે તો તેથી તે મનમાં હર્ષ ન પામે, પણ મુનિ જે શુદ્ધ શાસ્ત્રાનુસારે વર્તી રહ્યા છે તેવા મુનિ મહારાજના ગુણોમાં રાચે અર્થાત્ પોતે પણ તેવાજ ગુણો પ્રાપ્ત કરવા તત્પર રહે. તથા શ્રુત તત્ત્વ જે સિદ્ધાંતના તત્ત્વરૂપ ગંભીર અર્થ તે પૂછવામાં સદા (હમેશાં) અપ્રમત્ત એટલે અપ્રમાદી રહે. અને તેવા શ્રુતધર એટલે ગીતાર્થ બહુશ્રુત પુરૂષની અભંગપણે સેવા કરે. ॥ ૧૦ ॥

सद्दहणा आगम अनुमोदना ।
गुणकरी संयम चाल ॥ सुगुणनर ॥
व्यवहारे साची ते साचवे ।
आयति लाभ संभाल ॥ सुगुण० ॥ धर्म० ॥११॥

અર્થ—આગમ જે સિદ્ધાંત તેની સદ્દહણા તે પૂર્ણ શ્રદ્ધા છે અને અનુમોદના તે સંયમીની જે પ્રવૃત્તિ તેને અનુ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોટી રહ્યા છે. કારણ સંયમની ચાલ તે આત્મા ને ગુણ કરે છે, તે વ્યવહારથી સંયમની પ્રવૃત્તિ તેને સાચવી રહ્યા છે. એટલે વ્યવહારથી મુનિમાર્ગની જે ક્રિયા તે કરી રહ્યા છે. મુનિલિંગને છોડતા નથી. જો કે ભાવસાધુના ગુણ પોતામાં નથી એમ સ્પષ્ટપણે સમજે છે, છતાં પણ મુનિ-લિંગ એટલે વેષ છે તે પણ ગુણના કારણભૂત છે. વેષ પણ કેટલેક અંશે અનુચિત કાર્ય કરતાં અટકાવે છે અને વ્યવહારમાં જો મુનિલિંગ કાયમ હોય અને સાધુની ક્રિયા કરાતી હોય તો ભવિષ્યમાં ભાવચારિત્ર પણ ઉદય આવી જાય. કેમકે અનાદિ કાળની જે આત્માની અ-શુદ્ધ પારણતિ છે તેમાં અશુભ વ્યવહાર છાંડી શુભ વ્યવહારમાં રહેવાથી ક્રમે ક્રમે ફાયદો થાય છે. તે માટે આયતિ લાભ સં-ભાળ એટલે આગળ ભવિષ્યમાં લાભ થનાર જાણીને વ્યવહાર ક્રિયા મુનિપણાની કરી રહ્યા છે. ॥૧૧॥

**दुःकरकारीथी अधिका कह्या ।**
**बृहत् कल्प व्यवहार ॥ सुगुण नर ॥**
**उपदेश माळा भगवइ अंगमे ।**
**गीतारथ अधिकार ॥ सु० ॥ धर्म० ॥ १२ ॥**

**અર્થ**—દુઃકર–આકરી ક્રિયાના કરનાર જે મુનિ તેથી ગીતાર્થ પુરૂષ અલ્પ ક્રિયાવાન હોય છતાં પણ તેને અધિક કહ્યા છે. કારણ કે તેનામાં જ્ઞાન ગુણ છે તે શ્રેષ્ટ છે. જ્ઞાન સર્વ આરાધક છે, ક્રિયા દેશ આરાધક છે. એ રીતે શ્રી બૃહત્કલ્પ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સૂત્ર, વ્યવહાર સૂત્ર, ઉપદેશ માળા પ્રકરણ તથા ભગવતી અંગ સૂત્રમાં ગીતાર્થના અધિકારમાં કહેલ છે, વિશેષ જાણવાની ઈચ્છાવાળાએ ત્યાંથી જાણી લેવું. ॥૧૨॥

भाव चरण थानक फरस्या विना ।
न हुवे संयम धर्म ॥ सुगुणनर ॥
तो श्याने जुठुं ते उच्चरे ।
जे जाणे प्रवचन मर्म ॥ सुगुण० ॥ धर्म० ॥१३॥

અર્થ—ભાવચારિત્રના સ્થાનક જે સંયમશ્રેણિના સ્તવનમાં કહ્યા છે એટલે તેમાં સંયમના સ્થાનકનું વર્ણન કરેલ છે, તે સંયમના અધ્યવસાય સ્થાનક ફરસ્યા વિના સંયમ ધર્મ પ્રાપ્ત થાય નહી, માટે ગીતાર્થ મુનિ શા માટે જુઠું બોલે ? અર્થાત્ ન બોલે. એટલે પોતામાં ચારિત્રપણું પ્રકાશે નહી, કેમકે તેઓ પ્રવચન જે સિદ્ધાંત તેનો મર્મ જાણે છે. સંયમગુણ પામ્યા સિવાય પોતામાં સંયમીપણાની સ્થાપના કરે તેને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પાપશ્રમણ કહી બોલાવ્યા છે, તે માટે ગીતાર્થ પુરૂષ યથાર્થ શુદ્ધ જ પ્રકાશે. પોતામાં ચારિત્ર ગુણ માને નહી અને પર એટલે બીજાની પાસે પણ તેમજ પ્રકાશે–જુઠું બોલે નહી. ॥ ૧૩ ॥

जस लोभे जन सम्मत थायवा ।
परमन रंजन काज ॥ सुगुणनर ॥
ज्ञान क्रिया द्रव्यतः विधि साचवे ।
तेह नहीं मुनिराज ॥ सुगु० ॥ धर्म० ॥ १४ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થ—યશ તે પોતાની કીર્તિ તેના લોભથી એટલે એ હું સંયમ બરાબર પાળું તથા જ્ઞાનાભ્યાસ કરૂં તો જગત મને પંડિત કહેશે, ચારિત્રવાન કહેશે, લોકો મારી પ્રસંશા કરશે. એમ જસના લોભથી જન સમ્મત થાયવા એટલે ઘણા લોકો પોતાને વશવર્તી થાય—પોતાને માને પૂજે તેમ જાણી પર એ-ટલે બીજાના મન રાજી રાખવા માટે જે જ્ઞાન ક્રિયા વિધિ દ્રવ્યથી સાચવે છે પણ અંતઃકરણથી મોક્ષાભિલાષીપણું નથી, તો તેવાને મુનિરાજ કહેવા નહી, પણ તેમને દ્રવ્યલિંગી જાણવા. એવું દ્રવ્યમાત્ર લિંગ કામ આવતું નથી. ॥ ૧૪ ॥

**बाह्य दया एकांते उपदिशे ।**
**श्रुत आम्नाय विहिन ॥ सुगुणनर ॥**
**बगपरे ठगता मूरख लोकने ।**
**बहु भमशे ते दीन ॥ सुगु० ॥ धर्म० ॥ १५ ॥**

અર્થ—કેટલાક શ્રુત આમ્નાય તે સિદ્ધાંતના જે ગંભીર રહસ્ય રૂપ આમ્નાય તેને અજાણતા થકા સ્યાદ્વાદ જ્ઞાન વિના એકાંતથી બાહ્ય દયા પોકારે છે એટલે કહે છે, પણ અભ્યં-તર જે આત્મગુણની રક્ષારૂપ ભાવદયા તેને ઓળખતા નથી. અને કેવળ જીવહિંસા ત્યાં પાપ છે એમ લોકોને ઉપદેશ આપે છે તથા જિનપૂજાદિક શુભ વ્યાપાર જે ભાવથી અહિંસારૂપ છે તેને પાપરૂપ માને છે અને પુષ્પાદિકમાં જીવવિરાધના થાય છે એમ સ્વમુખે લોકોની આગળ કહીને તે બિચારા મૂર્ખ લોકોને ઠગે છે. જો કે વેષ એટલે લિંગ તો મુનિનું રાખે છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેપણ શાસ્ત્રોક્ત નથી રાખતા, તેઓ નિશ્ચય ઠગ છે. તે લોકો પોતાના અને પર તે બીજાના આત્માને ઠગે છે. તેઓને કોઇ મહાનુભાવ પૂછે જે 'જિનપૂજાદિકમાં હિંસા કહો છો અને હિંસામાં ધર્મ નથી તો પછી સાધુ મુનિ મહારાજને નદી પ્રમુખ ઉત્તરવાની પ્રભુએ એટલે તીર્થંકર દેવોએ આજ્ઞા આપી છે અને તે નદી પ્રમુખ ઉત્તરતાં તો અવશ્ય અપ્કાયાદિકની વિરાધના થાય છે, તે રીતે જીવહિંસા થવા રૂપ પ્રભુએ આજ્ઞા કેમ કરી ? અને મુનિએ તો ત્રિવિધે ત્રિવિધે જીવ હિંસાના પચ્ચખ્ખાણ કરેલ છે, તો પછી મુનિપણું પણ કેમ રહે ?' ઈત્યાદિક પ્રશ્ન પૂછે છતે તે લોકો આડા અવળા ઉત્તર આપે છે. તથા દીક્ષા મહોત્સવ, સ્વામીવાત્સલ્ય વિગેરે કાર્યમાં હિંસા તો અવશ્ય થાય છે, પણ તે સ્વરૂપ હિંસા હોવાથી અનુબંધ હિંસા લાગતી નથી. એમ ૧ હેતુ ૨ સ્વરૂપ તથા ૩ અનુબંધ હિંસા રૂપ હિંસાના ત્રણ ભેદ સમજ્યા સિવાય તે ભોળા લોકોને છેતરી રહ્યા છે અને જિનપૂજાદિક શુભ કરણીનો નિષેધ કરી—તીર્થંકરોની આશાતના કરી મહા કઠિન કર્મ બાંધી રહ્યા છે. કારણ કે ઉત્સૂત્ર ભાષણ સમાન કોઈ આકરૂં એટલે ગાઢ કર્મબંધનું કારણ નથી. તે બિચારા લાંબો સંસાર પરિભ્રમણ કરશે અને દીન એટલે રાંક, મોહના વશવર્તી હોવાથી અભિનિવેશ મિથ્યાત્વમાં પડેલા હોવાથી જે દીન છે, તેઓ ભાવદયા કરવા યોગ્ય છે. અત્રે હિંસા અહિંસાનું સ્વરૂપ સમજાવવા માટે તથા જિનપૂજા શાસ્ત્રોક્ત છે, તેમાં હિંસા લાગતી નથી વિગેરે સ્વરૂપ સમ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાણવા માટે મહામહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજે ૧૫૦ ગાથાનું હુંડીનું સ્તવન તથા સાડાત્રણશેં ગાથાનું શ્રી સિમંધર સ્વામીનું સ્તવન, પ્રતિમા શતક વિગેરે ગ્રંથો રચ્યા છે તે જોવા. એટલે તરત સમજાશે. ॥ ૧૫ ॥

**अध्यातम परिणति साधन ग्रही ।**
**उचित वहे आचार ॥ सुगुणनर ॥**
**जिन आणा अविराधक पुरुष जे ।**
**धन्य तेनो अवतार ॥ सुगु० ॥ धर्म० ॥१६॥**

અર્થ—અધ્યાત્મ પરિણતિ તે આત્માનુયાયી પરિણતિ તેને સાધનપણે ગ્રહણ કરીને દેશ, કાળ, શક્તિ મુજબ જે પોતે ઉચિત આચારને વહન કરે અર્થાત્ પાળે અને શ્રી જિન આજ્ઞાના અવિરાધક થાય. એવા જે પુરૂષ તેનો અવતાર ધન્ય છે–તે કૃતપુણ્ય છે. કારણ કે જિન આજ્ઞા તે જ ધર્મ છે. આજ્ઞા વિના સર્વ ક્રિયા નિરર્થક છે એટલે નકામી છે. ૧૬

**द्रव्य क्रिया नैमित्तिक हेतु छे ।**
**भाव धर्म लयलीन ॥ सुगुणनर ॥**
**निरुपाधिकता जे निजअंशनी ।**
**माने लाभ नवीन ॥ सुगु० ॥ धर्म० ॥ १७ ॥**

અર્થ—દ્રવ્ય ક્રિયા એટલે બાહ્ય આચરણ રૂપ જે ક્રિયા તે નિમિત્ત કારણ છે. કારણ વિના કાર્ય ન હોય તેથી નિમિત્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કારણ રૂપ ભાવધર્મમાં લયલીન એટલે આત્માનુયાયી જે ધર્મ તે ભાવધર્મ તેણે સહિત દ્રવ્ય ક્રિયા કરે. અને આત્માના અંશ જે પ્રદેશ તેની જે નિર્મળતા થઇ તે આત્માને નવીન લાભ થયો એમ માને. અર્થાત્ જેમ જેમ કર્મપ્રકૃતિ રૂપ ઉપાધિ ઓછી થતી જાય તેમ તેમ આત્માની નિર્મળતા થતી જાય છે. મિથ્યાત્વ રૂપ ઉપાધિ જાય ત્યારે સમ્યકત્વ ગુણ પ્રગટે, એમ યાવત્ સર્વ ઉપાધિ રહિત આત્મા થાય ત્યારે પરમાત્મપણું પ્રગટ થાય, માટે જેમ બને તેમ ઉપાધિ ઓછી કરવા તરફ લક્ષ આપવું. જેટલી ઉપાધિ તેટલો આત્માને મેલ છે ને તે જેટલી જાય તેટલો આત્મા નિર્મળ થાય છે. ॥ ૧૭ ॥

**परिणति दोष भणी जे निंदता।**
**कहेता परिणति धर्म ॥ सुगुणनर ॥**
**योगग्रंथना भाव प्रकाशता।**
**तेह विदारे कर्म ॥ सुगु० ॥ धर्म० ॥ १८ ॥**

અર્થ—પરિણતિ દોષ તે આત્માની વિભાવ પરિણતિ, તે દોષ રૂપ છે, તે વિભાવ પરિણતિ જે પરાનુયાયી આત્મા તેને નિંદતા અને પરિણતિ જે આત્માનુયાયી સ્વભાવ પરિણતિ તે આત્માનો ધર્મ છે તેનો પ્રકાશ કરતા એટલે તેનો ઉપદેશ કરતા અને યોગગ્રંથના અભ્યાસથી આત્માને મુક્તિનો યોગ થાય છે અથવા જે ગ્રંથમાં મુક્તિમાર્ગનો જ ઉપદેશ હોય એવા યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગશાસ્ત્ર, જ્ઞાન-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાર, અધ્યાત્મસાર, અધ્યાત્મ કલ્પદ્રુમ, શાંત સુધારસ પ્રમુખ જે ગ્રંથો તેના જે ભાવ તેનો પ્રકાશ કરતા એટલે ઉપદેશ આપતા એવા જે મુનિ તે કર્મને વિદારે છે અર્થાત્ તેવા મુનિઓ કર્મનો નાશ કરે છે. ॥ ૧૮ ॥

अल्प क्रिया पण उपकारीपणे ।
ज्ञानी साधे सिद्ध ॥ सुगुणनर ॥
देवचंद्र सुविहित मुनिवृंदने ।
प्रणम्या सयल समृद्धि ॥ सुगु० ॥ धर्म० ॥१९॥

અર્થ—અલ્પ ક્રિયાના કરનાર હોય પણ ભવ્ય જીવોને શુદ્ધ શાસ્ત્રોક્ત ઉપદેશ દેવા વડે જ્ઞાની પુરૂષ સિદ્ધપદને સાધે અર્થાત્ મોક્ષ મેળવે છે. શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે કે— સુવિહિત એટલે ભલા અનુષ્ઠાનના કરવાવાળા એવા મુનિના વૃંદને નમતાં થકા આત્માની સયલ એટલે સર્વ ઋદ્ધિ જે તિરોભાવે છે તે પ્રાગભાવે એટલે પ્રગટ ભાવે થાય અર્થાત્ ગુણી પુરૂષના ગુણ ગાવાથી પોતાના આત્મામાં પણ તે ગુણ પ્રગટે. ॥ ૧૯ ॥

કળશ.

ते तरिया रे भाइ ते तरिया ।
जे जिनशाशन अनुसरियाजी ॥
जेह करे सुविहित मुनि किरिया ।
ज्ञानामृत रसदरियाजी ॥ ते तरिया० ॥

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

અર્થ—તે તરિયા એટલે તે મુનિ સંસારસાગરથી તર્યા. હે ભાઇ ! તે સંસારરૂપ સાગર એટલે સંસારસમુદ્ર તેનો પાર પામ્યા. કોણ ? કે જે જિનશાસન અનુસરિયા એટલે જિન શ્રી તીર્થંકર દેવ તેમની આજ્ઞા પ્રમાણે વર્ત્યા. વળી જે સુવિહિત મુનિની ક્રિયા કરી રહ્યા છે. અર્થાત્ જ્ઞાન ક્રિયા સંયુક્ત જે મુનિ છે તે જિન આજ્ઞાએ વર્તવાથી સંસારસાગર તરી જાય છે. અને તે જ્ઞાનામૃત રસ દરિયા એટલે જ્ઞાનરૂપ જે અમૃત રસ તેના સમુદ્ર તુલ્ય છે. ॥ ૧ ॥

**विषय कषाय सहु परिहरिया ।**
**उत्तम समता वरियाजी ॥**
**शील सन्नाह थकी पाखरिया ।**
**भवसमुद्र जल तरियाजी ॥ ते तरिया० ॥ २ ॥**

અર્થ—વિષય તે ૧ શબ્દ, ૨ રૂપ, ૩ રસ, ૪ ગંધ ને ૫ સ્પર્શ તથા કષાય તે ૧ ક્રોધ ૨ માન ૩ માયા ને ૪ લોભ તેને જેણે પરિહર્યાં અને ઉત્તમ જે સમતા રૂપ રસ (ગુણ) તેને વર્યા એટલે સમતાવંત થયા. તથા શીલ તે મૈથુનત્યાગરૂપ બ્રહ્મચર્ય ગુણ અથવા શીલ તે ઉત્તમ આચાર તદ્રૂપ જે સન્નાહ એટલે બખ્તર તે વડે પાખર્યા એટલે સજ્જ થયા એટલે જેમ બખ્તર ધારણ કરનાર સુભટને શસ્ત્ર લાગતા નથી. તેમ શીલગુણે કરી યુક્ત મુનિને વિષયના શસ્ત્ર લાગતા નથી તે મુનિ ભવસમુદ્રને તરીને પાર પામ્યા છે. ॥૨॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**समिति गुपतिशुं जे परिवरिया।**
**आत्मानंदे तरियाजी ॥**
**आश्रव द्वार सकळ आवरिया।**
**वर संवर संवरियाजी ॥ ते तरिया० ॥ ३ ॥**

અર્થ—સમિતિ ગુપ્તિશું જે પરિવર્યા અને આત્માનંદમાં જે મગ્ન થયા તે મુનિ હર્ષથી સંસારને તર્યા અને આશ્રવ એટલે કર્મ આવવાના (બાંધવાના) જે દ્વાર તે સર્વને તેમણે વર સંવર એટલે ઉત્તમ જે સંવર ગુણ તેના વડે બંધ કર્યા. ॥૩॥

**खरतर मुनि आचरणा चरिया ।**
**राजसागर गुण गिरुआजी ॥**
**ज्ञानधर्म तप ध्याने वरिआ।**
**श्रुत रहस्यना दरिआजी ॥ ते तरिया० ॥ ४ ॥**

અર્થ—ખરતર ગચ્છને વિષે મુનિની જે શુભ આચરણા છે તે આચરણાના પાળનારા અને ગુણે કરી ગિરૂઆ એટલે ગુણે કરીને મોટા એહવા શ્રી રાજસાગર ઉપાધ્યાય તેના શિષ્ય જ્ઞાનધર્મ નામે ઉપાધ્યાય થયા. તે કેવા થયા ? તો કે જ્ઞાન ધ્યાન તથા તપરૂપ ધર્મ તેને વરેલા એટલે તેમાં મગ્ન રહેલા તથા શ્રુત જે આગમ ( સિદ્ધાંત ) તેનું જે રહસ્ય તેના સમુદ્રરૂપ થયા. એટલે સિદ્ધાંતના રહસ્યના જાણનારા થયા. ॥ ૪ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दीपचंद्र पाठक पद धरिआ ।
विनय रयण सागरीआजी ॥
देवचंद्र मुनि गुण उच्चरिया ।
कर्म अरि निर्ज्जरीआजी ॥ ते तरीया० ॥ ५ ॥

અર્થ—તે જ્ઞાનધર્મ ઉપાધ્યાયના શિષ્ય શ્રી દીપચંદ્ર પાઠક એટલે ઉપાધ્યાય થયા તે વિનયરૂપ ગુણરત્નના દરિયા એટલે સમુદ્ર થયા. તેના શિષ્યરત્ન પાઠક પંડિત શ્રી દેવચંદ્રજી મુનિ થયા. તે શ્રી દેવચંદ્રજીએ મુનિના ગુણનું વર્ણન કર્યું, તે થકી કર્મઅરિ એટલે કર્મરૂપ શત્રુ તેને નિર્જ્જરીયા આત્મપ્રદેશથી અલગા કર્યા–તેનો નાશ કર્યો. ॥ ૫ ॥

सुरगिरि सुंदर जिनवर मंदिर ।
शोभित नगर सवाइजी ॥
नवानगर चोमासुं करीने ।
मुनिवर गुण स्तुति गाइजी ॥ ते तरीया० ॥६॥

અર્થ—સુરગિરિ એટલે મેરૂ પર્વત સમાન સુંદર એવા જિનમંદિરો વડે શોભિત એવા નવાનગર અપર નામ જામનગર તેમાં ચોમાસું કરીને એટલે તે જામનગરમાં ચોમાસું રહ્યા થકા મુનીશ્વરોના ગુણોની સ્તુતિ ગાઇ. એટલે આ સઝાયો રચી. ॥ ૬ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## કળશ.

**अरिहंतनो यश जगमें विस्तर्यो ।**
**विस्तरी सुख संपदा ॥**
**निर्ग्रंथ वंदन स्तवन करतां ।**
**परम मंगल सुख सदा ॥ १ ॥**

અર્થ—શ્રી અરિહંતનો યશ જગ એટલે ત્રણ લોક, ૧ ઉર્ધ્વલોક, ૨ તિર્ચ્છાલોક, ૩ અધોલોક, તેમાં વિસ્તાર પામ્યો તથા સુખ સંપદા પણ વિસ્તાર પામી. નિર્ગ્રંથ જે મુનિ મહારાજ તેનું વંદન સ્તવન કરતાં થકા સદા પરમ એટલે ઉત્કૃષ્ટ સુખ અને મંગળ માળા પ્રાપ્ત થાય. ૧.

**ઇતિ શ્રી પંડિત દેવચંદ્રજી વિરચિત અષ્ટ પ્રવચન માતાની સઝાય સંક્ષેપ અર્થ સહિત સંપૂર્ણ.**

વિક્રમ સંવત્ ૧૯૮૨ ના વર્ષે પોષ માસે શુકલ તૃતિયા શુક્રવારે **શ્રી** હુબલીગામે શા ગાંગજી વીરજીએ પોતાની અલ્પ-મતિ અનુસારે લખેલ છે. તેમાં જિનવચન વિરૂદ્ધ કાંઇ લખાણું હોય તો તેનો મિચ્છામિ દુક્કડમ્ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત અધ્યાત્મિક હોરી.

આ હોરીમાં વસંતમાં વપરાતા સર્વ સાધનોનો વિસ્તાર અધ્યાત્મદષ્ટિએ કરવામાં આવ્યો છે.

જિનસેવનસેં, પાઇએ હો, શુદ્ધાતમ મકરંદ—એ આંકણી.

તત્ત્વ પ્રતીતિ વસંતઋતુ પ્રગટી, ગઇ શિશિર કુપ્રતીત;
દુર્મતિ રજની લઘુ ભઇ હો, સદ્બોધ દિવસ વદીત. જિ૦

સાધ્યરૂચિ સુસખા મિળી હો, નિજગુણ ચર્ચા 'ખેલ';
બાધક ભાવકી નિંદના હો, બુધ મુખ 'ગારિકા' મેલ. જિ૦

પ્રભુ ગુણગાન સુછંદશું હો, વાજિત્ર અતિશય તાન;
શુદ્ધ તત્ત્વ બહુમાનતા, ખેલત પ્રભુ ગુણ ધ્યાન. જિ૦

ગુણ બહુ માન 'ગુલાલસેં' હો, લાલ ભયે ભવિ જીવ;
રાગ પ્રશસ્તકી 'ધુમમેં' હો, વિભાવ વિદારે અતીવ. જિ૦

જિનગુણ ખેલમેં ખેલતે હો, પ્રગટયો નિજ ગુણ ખેલ;
આતમ ઘર આતમ રમે હો, સમતા સુમતિકે મ્હેલ. જિ૦

તત્ત્વ પ્રતીતિ 'પ્યાલે' ભરે હો, જિનવાણી રસપાન;
નિર્મલ ભકિત 'લાલી' જગી હો, રીઝે એકત્વતા 'તાન'. જિ૦

ભવ વૈરાગ્ય 'અબિરશું' હો, ચરણ રમણ સુમહંત;
સમિતિ ગુપ્તિ 'વનિતા' રમે હો, ખેલે હો 'શુદ્ધ વસંત.' જિ૦

'ચાચર' ગુણ રસીયા લિયે હો, નિજ સાધક પરિણામ;
કર્મ પ્રકૃતિ અરતિ ગઇ હો, ઉલસિત અમૃત ઉદ્દામ. જિ૦

સ્થિર ઉપયોગ સાધન સુખે હો, 'પિચકારીકી ધાર';
ઉપશમ રસ ભરી છાંટતા હો, ગઇ તતાઇ અપાર. જિ૦

ગુણ પર્યાય વિચારતાં હો, શકિત વ્યકિત અનુભૂતિ;
દ્રવ્યારિતક અવલંબતા હો, ધ્યાન એકત્વ પ્રસૂતિ. જિ૦

રાગ પ્રશસ્ત પ્રભાવના હો, નિમિત્ત કારણ ઉપભેદ;
નિર્વિકલ્પ સુસમાધિમેં હો, ભયે હો ત્રિગુણ અભેદ. જિ૦

ઇમ શ્રીદત્ત પ્રભુ ગુણે હો, 'ફાગ' રમે મતિમંત;
પર પરિણતિ 'રજ' ધોયકે હો, નિરમળ સિદ્ધ 'વસંત.' જિ૦

કારસેં કારજ સધે હો, એહ અનાદિકી ચાલ;
દેવચંદ્ર પદ પાઇયે હો, કરત નિજ ભાવ સંભાળ. જિ૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust